

ધોરણ ૧૦

# સ્વ-વિકાસ અને કલા રસાસ્વાદ

# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે
સ્થાપિત સમન્વય સમિતિની તા.૨૯-૧૨-૨૦૧૭ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક
ઈ.સ.૨૦૧૮-૧૯ શૈક્ષણિક વર્ષથી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# સ્વ-વિકાસ અને કલારસાસ્વાદ





## ધોરણ - દસમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪.

F733QC

આપના સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકના પહેલા પૃષ્ઠ પરના Q.R. Code દ્વારા ડિજિટલ પાઠ્યપુસ્તક અને પ્રત્યેક પાઠમાં આપેલા Q.R. Code દ્વારા તે પાઠ સંબંધિત અધ્યયન-અધ્યાપન માટે ઉપયુક્ત દશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : 2018
પુનર્મુદ્રણ : 2022

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**સ્વ-વિકાસ અને કલારસાસ્વાદ**

**વિષય સમિતિ**

ડૉ. શિરીષા સાઠે, અધ્યક્ષ
શ્રીમતી શીતલ બાપટ, સભ્ય
શ્રી. વિદ્યાનિધી (પ્રસાદ) વનારસે, સભ્ય
શ્રીમતી આશા ભાગવત, સભ્ય
શ્રીમતી પ્રતિભા કદમ, સભ્ય
ડૉ. અજયકુમાર લોળગે, સભ્ય-સચિવ

**નિમંત્રિત**

શ્રીમતી સાયલી તામણે
શ્રીમતી પરિણિતા બાલસુબ્રમણ્ય
શ્રીમતી નીતા મુતાલીક
શ્રીમતી નિશિગંધા શેજૂળ
ડૉ. શામલાતાઈ વનારસે
શ્રી. ઇમ્તિયાજ શેખ
શ્રી. સંજય બુગટે
શ્રી. શિવાજી હાંડે

**મુખપૃષ્ઠ**
શ્રીમતી આભા ભાગવત

**ચિત્ર અને સજાવટ**
શ્રીમતી મધુરા પેંડસે
શ્રી. ભૂષણ રાજે

**વિશેષ સહકાર્ય**
સંશોધન અને વિકાસ વિભાગ
શ્યામચી આઈ ફાઉન્ડેશન (SAF)

**પ્રકાશક**
**શ્રી. વિવેક ઉત્તમ ગોસાવી**
નિયંત્રક,
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

**ભાષાંતર** : ધર્મિકા ધીરેન દોશી

**ભાષાંતર સંયોજન** : **કેતકી નિતેશ જાની**
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**સંયોજક** : **ડૉ. અજયકુમાર લોળગે**
વિશેષાધિકારી કાર્યાનુભવ અને
પ્ર. વિશેષાધિકારી કલા,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**અક્ષરાંકન** : સમર્થ ગ્રાફિક્સ,
522, નારાયણ પેઠ, પુણે-30.

**નિર્મિતિ** : **શ્રી. સચ્ચિતાનંદ આફળે,**
મુખ્ય નિર્મિતિ અધિકારી
**શ્રી. સચિન મેહતા**
નિર્મિતિ અધિકારી
**શ્રી. નીતિન વાણી**
સહાયક નિર્મિતિ અધિકારી

**કાગળ** : ૭૦ જી.એસ.એમ. ક્રીમવ્હોવ્હ

**મુદ્રણાદેશ** : N/PB/

**મુદ્રક** : ...........

# ભારતનું સંવિધાન

## આમુખ

**અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી**
**બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો**
તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય **ન્યાય;**
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા;**
દરજ્જા અને તકની **સમાનતા;**

પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા
વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

**અમારી સંવિધાનસભામાં** ૨૬ નવેમ્બર, ૧૯૪૯ ના રોજ
**આથી આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી**
**અમને પોતાને અર્પિત કરીએ છીએ.**

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા :
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાયે તવ જય ગાથા,
જનગણ મંગલદાયક જય હે,
ભારત-ભાગ્યવિધાતા ।
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે ॥

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારાં દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ દસમાં આપ સૌનું સ્વાગત છે. 'સ્વ-વિકાસ અને કલારસાસ્વાદ' વિષયનું પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમને વિશેષ આનંદ થાય છે.

આ વિષય દ્વારા જાગતિકીકરણના ૨૧માં શતકમાં આવશ્યક જીવનકૌશલ્યો આત્મસાત કરવા માટે અને તમારી યશસ્વી કેરિયર માટે માર્ગદર્શન મળશે. આગળના જીવનમાં આવનારા આહ્વાનોનો તમે સક્ષમતાથી સામનો કરી શકશો. સ્વની ઓળખ કરીને તમારા માટેની યોગ્ય તક ઓળખવાની ક્ષમતા તમારામાં નિર્માણ થશે.

તમે જાણો જ છો કે, માનવના જીવનમાં કલાનું અનન્ય મહત્ત્વ છે. કલા આપણાં જીવનને સમૃધ્ધ કરવામાં મદદરૂપ થાય છે. માટે કલારસાસ્વાદ ભાગ પણ તેટલો જ મહત્ત્વપૂર્ણ છે.

સ્વ-વિકાસ અને કલારસાસ્વાદ પાઠ્યપુસ્તકનો મૂળ હેતુ તમારા દૈનિક જીવન સાથે સંબંધિત બાબતો છે. પુસ્તકની શરૂઆત તમને ગમતી ચિત્રકથા દ્વારા કરી છે. આગળના પ્રકરણમાં તમે શું શીખવાના છો તેનો સંદેશ ચિત્રો દ્વારા આપ્યો છે. આ પાઠ્યપુસ્તકમાંની 'થોડી ગમ્મત અને ચર્ચા કરો.' જેવી અનેક કૃતિ દ્વારા તમે આ વિષય શીખવાના છો. આ બધી કૃતિઓ તમે ચોક્કસ કરો. આ કૃતિ તમારી વિચાર પ્રક્રિયાને વેગ આપશે.

પાઠ્યપુસ્તકમાં અનેક નાની નાની રમતોનો સમાવેશ કર્યો છે. આ રમતો દ્વારા તમે ઘણું શીખશો. આપેલા ઉપક્રમ, તેમની કાર્યવાહી અને તે દરમ્યાન આવશ્યક કૃતિ તમે પોતે સાવધાનીપૂર્વક કરો. જરૂર જણાય ત્યાં તમારા શિક્ષક, વાલી, સહાધ્યાયીની મદદ લો. આજના ઝડપી તંત્રજ્ઞાનના યુગમાં તમે સંગણક, સ્માર્ટફોનથી પરિચિત જ છો. પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતી વખતે માહિતી સંપ્રેષણ તંત્રજ્ઞાનના સાધનોનો સુયોગ્ય ઉપયોગ કરો. જેથી તમારું અધ્યયન સરળ બનશે.

પાઠ્યપુસ્તક વાંચતી વખતે, અભ્યાસ કરતી વખતે અને સમજતી વખતે તમને ગમેલો ભાગ તેમ જ અભ્યાસમાં આવેલી મુશ્કેલી, ઉદ્‌ભવેલા પ્રશ્નો અમને જરૂરથી જણાવજો.

તમને તમારી શૈક્ષણિક પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છા !

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તારીખ : ૧૮ માર્ચ ૨૦૧૮, ગુડી પડવો.
ભારતીય સૌર દિનાંક : ૨૭ ફાગણ, ૧૯૩૯

# સ્વ-વિકાસ અને કલારસાસ્વાદ ક્ષમતા વિધાનો

**દસમા ધોરણના અંતે વિદ્યાર્થીઓમાં નીચેની ક્ષમતા વિકસિત થવી જોઈએ, તેવી અપેક્ષા છે.**

| અ.ક્ર. | ઘટક | ક્ષમતા વિધાનો |
|---|---|---|
| ૧. | હું એક નાગરિક | ૧. **ચિકિત્સક વિચાર** – રોજિંદા જીવનમાં પોતાના અને અન્યોના વર્તનનું વિશ્લેષણ કરીને તે લોકશાહી જીવન શૈલીને અનુરૂપ છે કે તેની ચિકિત્સા કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૨. **સહવેદના** – સમાજમાં રહેલ પરસ્પરાવલંબનની જાણ હોવી અને તેના અનુસંધાનમાં બીજા લોકો માટે સહવેદના પ્રતિપાદિત કરવી.<br>૩. **સ્વયં વ્યવસ્થાપન** – પોતાના વર્તનની ત્રુટિ ઓળખીને તેને માત કરવાની દષ્ટિએ યોગ્ય નિયોજન કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૪. **વિવિધતાનો સ્વીકાર** – પોતાની આજુબાજુના લોકોમાં રહેલી વિવિધતા સ્વીકારવાની અને તેનું મહત્ત્વ સમજી, તેનું સમર્થન કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૫. **નેતૃત્વ ક્ષમતા/નેતૃત્વ ગુણ** – પોતાના ઘરે અથવા શાળામાં લોકશાહી જીવનશૈલીને પ્રત્યક્ષમાં લાવવા માટે આવશ્યક નેતૃત્વ ગુણ પ્રતિપાદિત કરવું. |
| ૨. | હું અને માધ્યમો – ૧ | ૧. **‘સ્વ’ની જાણ/સ્વ-જાગૃતિ** – માધ્યમોના પરિણામ, કિશોરાવસ્થામાં થતા ફેરફાર અને આ બંનેને કારણે ઉદ્‌ભવતા સંભવિત જોખમ સમજવા.<br>૨. **ભાવનાઓને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવી** – માધ્યમોને કારણે પોતાના જીવન પર થનારા પરિણામોનો સામનો કરવાની, કિશોરાવસ્થા દરમ્યાન થનારા ભાવનિક ફેરફારોને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૩. **ચિકિત્સક વિચાર** – દૈનિક જીવનના નિર્ણયો પર માધ્યમોનો થતો પ્રભાવ ઓળખવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૪. **ચોક્કસ ભૂમિકા લેવાનો આત્મવિશ્વાસ** – વ્યસન અને તે સંબંધી નિર્માણ થનાર જોખમ અને બેજવાબદાર વર્તન ટાળવાની ચોક્કસ ભૂમિકા લેવા માટે જરૂરી આત્મવિશ્વાસ પ્રતિપાદિત કરવો.<br>૫. **સમસ્યા નિરાકરણ** – વ્યસનાધીનતા જેવી સમસ્યા માટે યોગ્ય પર્યાય પસંદ કરીને સમસ્યા ઉકેલવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી. |
| ૩. | હું અને દશ્યકલા | ૧. **કલાની જાણ** – દશ્યકલાના વિવિધ પ્રવાહ વિશે જાણકારી મેળવવી.<br>૨. **કલા આવિષ્કાર નિર્મિતિ** – વિવિધ પ્રવાહો પૈકી એકનો ઉપયોગ કરીને એકાદ કલા આવિષ્કાર નિર્માણ કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૩. **અભિવ્યક્તિ** – દશ્યકલાના માધ્યમથી પોતાના વિચાર, ભાવના અને અનુભવ વ્યક્ત કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૪. **સર્જનશીલતા** – કેટલાક જુદાં અને નવા કલા પ્રકારોના માધ્યમથી નવનિર્મિતિ કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૫. **સૌંદર્યદષ્ટિ નિર્માણ થવી** – એકાદ કલા આવિષ્કારનું નિરીક્ષણ કરીને તેમાંના પોતાને ગમતા ઘટકોનું પોતાના શબ્દોમાં વર્ણન કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૬. **પ્રત્યક્ષ જીવનમાં ઉપયોગીતા** – (૧) માનવ જીવનમાં કલાનું મહત્ત્વ વર્ણવવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી. (૨) દશ્યકલામાં કેરિયરની તક વિશે માહિતી મેળવવી. (૩) કલા સંબંધી કેટલાક વિચારોનો અર્થ સમજીને જીવનમાં તેની સત્યતાનો વિચાર કરવાની ક્ષમતા કેળવવી. |

| અ.ક્ર. | ઘટક | ક્ષમતા વિધાનો |
|---|---|---|
| ૪. | હું અને માધ્યમો - ૨ | ૧. **'સ્વ'ની જાણ/ સ્વ-જાગૃતિ** - માધ્યમ અને સમાજ માધ્યમોના પરિણામને કારણે, નિર્માણ થનાર સંભવિત જોખમ વિશે માહિતી મેળવવી.<br>૨. **ભાવનાઓને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવી** - ભિન્નલિંગી અથવા સમલિંગી વ્યક્તિઓ પ્રતિનું આકર્ષણ અને ભાવનાઓને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવાની ક્ષમતા કેળવવી.<br>૩. **ચિકિત્સક વિચાર** - સમાજમાં સ્ત્રીપુરૂષના સ્થાન અને ભૂમિકા વિશેની સંકલ્પના નિર્માણ કરવામાં માધ્યમોનો પ્રભાવ ઓળખવાની ક્ષમતા કેળવવી.<br>૪. ચોક્કસ ભૂમિકા લેવાનો આત્મવિશ્વાસ – લૈંગિક ગેરવર્તણૂક ટાળવા માટે, ચોક્કસ ભૂમિકા લેવા માટે જરૂરી આત્મવિશ્વાસ કેળવવો.<br>૫. **સમસ્યા નિરાકરણ** - લૈંગિક શોષણ જેવી સમસ્યા માટે યોગ્ય પર્યાય પસંદ કરીને સમસ્યા ઉકેલવાની ક્ષમતા કેળવવી. |
| ૫. | હું અને મારું કેરિયર | ૧. **ચિકિત્સક વિચાર** - કેરિયરની પ્રચલિત સંકલ્પનાનું વસ્તુનિષ્ઠપણે વિશ્લેષણ કરીને પોતાની વ્યાખ્યા બનાવવાની ક્ષમતા કેળવવી.<br>૨. **સમસ્યા નિરાકરણ** - પોતાના કેરિયરની આડે આવનારા પ્રશ્ન અને સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવાની ક્ષમતા કેળવવી.<br>૩. **ધ્યેય બાંધણી** - પોતાનું ચોક્કસ ધ્યેય નિશ્ચિત કરવાની ક્ષમતા કેળવવી.<br>૪. **સ્વયં-વ્યવસ્થાપન** - પોતાના ધ્યેયની પ્રાપ્તિમાં આવતી મુશ્કેલીઓને માત આપવા માટે પોતાનામાં યોગ્ય ફેરફાર કરવાની ક્ષમતા કેળવવી.<br>૫. **પ્રભાવી સંપ્રેષણ** - કેરિયર અંગે વાલીના વિચારો જાણવા, પોતાના વિચારો સ્પષ્ટ પણે શબ્દબધ્ધ કરવા અને પ્રભાવી રીતે સંપ્રેષણ કરવાની ક્ષમતા કેળવવી.<br>૬. **નિર્ણય ક્ષમતા** - આપેલા સાત ક્ષેત્રો પૈકી પોતાને ગમતા કોઇ પણ એક ક્ષેત્રને પસંદ કરી તેનું સમર્થન કરવાની ક્ષમતા કેળવવી. |
| ૬. | હું અને પ્રયોગજીવી કલા | ૧. **કલા વિશે જાણ** - પ્રયોગજીવી કલાના મૂળભૂત ઘટકો વિશે માહિતી મેળવવી.<br>૨. **પ્રસ્તુતિકરણ** - પ્રયોગજીવી કલાના વિવિધ પ્રકારોનું મૂળભૂળ ઘટકોનો ઉપયોગ કરીને પ્રસ્તુતિકરણ કરવાની ક્ષમતા પ્રતિપાદિત કરવી.<br>૩. **અભિવ્યક્તિ** - પ્રયોગજીવી કલાના માધ્યમથી પોતાના વિચાર, ભાવના અને અનુભવ વ્યક્ત કરવાની ક્ષમતા કેળવવી.<br>૪. **સર્જનશીલતા** - એકાદ પ્રયોગજીવી કલામાં, પોતાની સર્જનશીલતાના આધારે નવનિર્મિતિ કરવાની ક્ષમતા કેળવવી.<br>૫. **સૌંદર્યદષ્ટિ નિર્માણ થવી** - (૧) એકાદ કલા આવિષ્કારનું નિરીક્ષણ કરીને તેમાંથી પોતાને ગમતા ઘટકોનું વર્ણન પોતાના શબ્દોમાં કરવાની ક્ષમતા કેળવવી. (૨) પ્રયોગજીવી કલાના પ્રસ્તુતિકરણના ઘટકોની વિવિધતા સ્વીકારવી અને તેનું મહત્ત્વ સમજીને તેનું સમર્થન કરવાની ક્ષમતા કેળવવી. |

## શિક્ષકો માટે

**મિત્રો,**

'સ્વ-વિકાસ અને કલા રસાસ્વાદ' વિષય શીખવવાની મહત્ત્વપૂર્ણ, આહ્વાનાત્મક પણ તેટલી જ આનંદદાયક જવાબદારી આપને સોંપવામાં આવી છે તે માટે આપને અભિનંદન. નવમીમાં આ વિષયનો પરિચય થવાથી અને તે શીખવવાનો અનુભવ હોવાથી આ વિષય શીખવવા માટે તમે વધુ સજ્જ હશો, એવી આશા છે.

**૧૦ મીની માંડણી :**

૧. ધોરણ ૯માં વિદ્યાર્થીઓને પોતાનો પરિચય થાય, પોતાની ક્ષમતા, પસંદ-નાપસંદ, મર્યાદાની જાણ થાય એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને પ્રકરણોની રચના કરવામાં આવી હતી, ધોરણ દસમાં તેનાથી એક કદમ આગળ વધીને વિદ્યાર્થીઓને તેમની આજુબાજુની પરિસ્થિતિનું ભાન થાય, તેમના કાનમાં આવતી માહિતીની ચિકિત્સા કરતા આવડે, તેમાંથી પોતાનો નિષ્કર્ષ કાઢતા આવડે, એક નાગરિક તરીકે મહત્ત્વના મૂલ્યો સમજવા તેમ જ કેરિયરની દૃષ્ટિએ વધુ સ્પષ્ટતા થાય અને ધ્યેય નિશ્ચિતિ કરતા આવડે એ ઉદ્દેશને ધ્યાનમાં રાખીને દસમાના પુસ્તકની રચના કરવામાં આવી છે.

૨. દરેક વ્યક્તિની શારીરિક, વૈચારિક અને વર્તન સંબંધી પ્રવૃત્તિ પરથી એ નક્કી થાય છે કે એકાદ સામાજિક, રાજકીય પરિસ્થિતિમાં કેવી રીતે વર્તે છે, માધ્યમો દ્વારા મળતા સંકેતોનો, માહિતીનો શું અર્થ તારવે છે, કેરિયરના પ્રચલિત પ્રવાહ વિશે કઈ રીતે જુએ છે, આ બધી બાબતોનું ભાન વિદ્યાર્થીઓને થાય તે પણ આ પાઠ્યપુસ્તકનો મહત્ત્વનો ઉદ્દેશ છે.

૩. ૧૦મીમાં કલારસાસ્વાદમાં કૌશલ્ય નહીં પણ દૃષ્ટિ વિકસિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. કલાના વિવિધ પ્રવાહ, ઘટકો સમજવા, સૌંદર્ય નિર્મિતિના કેટલાંક તંત્રો સમજવા, કલાની વિવિધતા સમજવી, કલા વિશેનો વિચાર સમજવો, કલા નિર્માણ કરવાની પ્રક્રિયાનો આનંદ અનુભવવો અને પોતાની કલ્પનાનો ઉપયોગ કરીને નવનિર્માણ કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, શાળા જીવનમાં બાહ્ય વિશ્વમાં પગ મૂકનાર વિદ્યાર્થીઓને, બહારની દુનિયામાં આત્મવિશ્વાસ પૂર્વક જીવવા માટે સજ્જ કરવાના હેતુથી નિર્માણ કરાયેલ પુલ તરીકે આ વિષયને જોઈ શકાય.

**અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા :**

આ વિષય શીખવવાની પધ્ધતિ અને તેમાંથી અપેક્ષિત પરિણામ અન્ય શાલેય વિષયો કરતાં જુદાં હોવાથી તે પધ્ધતિ વ્યવસ્થિત રીતે સમજીને તેનો અમલ કરવો અનિવાર્ય છે.

૧. આ પુસ્તકના બધાં આશય રચનાવાદ પધ્ધતિથી શીખવવાના હોવાથી તે માટે યોગ્ય ઉપક્રમ, પ્રશ્ન અને સૂચના પુસ્તકમાં આપવામાં આવ્યા છે. કોઇપણ પ્રકરણ શીખવતાં પહેલાં શિક્ષકે તેનો સંપૂર્ણ અભ્યાસ કરવો અપેક્ષિત છે અને તેમાંના ઉપક્રમોનું નિયોજન કરવાનું છે. જરૂર હોય ત્યારે જ શિક્ષકે વિદ્યાર્થીઓ સામે પુસ્તક ખોલીને વાંચન કરવું.

૨. આ વિષયની સફળતા વિદ્યાર્થીઓ સુધી કોઇપણ 'માહિતી' પહોંચાડવામાં નથી, પરંતુ વિદ્યાર્થીઓને પોતાના વિશે, બીજાઓ વિશે વિચાર કરતાં કરવા પર આધારિત છે. વર્ગમાં થતી પ્રક્રિયા ઉપક્રમ, થતા સંવાદ, જૂથકાર્ય, વિદ્યાર્થીઓનું આત્મનિરીક્ષણ એ જ વિદ્યાર્થીઓનું ખરૂં શિક્ષણ છે. આ પ્રક્રિયા

સંપન્ન કરવી એ જ આ વિષયનું સાધ્ય છે. બધાં ઉપક્રમ યોગ્ય પધ્ધતિથી કરાવી મુક્ત અને અર્થપૂર્ણ ચર્ચા કરાવવી એ જ શિક્ષકનું કામ છે. આ વિષયના સંદર્ભમાં શિક્ષકનું મુખ્ય કર્તવ્ય 'સુલભીકરણ' જ છે.

૩. આ વિષયમાં વિદ્યાર્થીઓએ પોતાના વિશે, પોતાની મુશ્કેલી વિશે મુક્તપણે બોલવું અપેક્ષિત છે. તે માટે વર્ગનું વાતાવરણ વિદ્યાર્થીઓ માટે આશ્વાસનપ્રદ અને હળવું હોવું જરૂરી છે. શિક્ષકોએ એ માટે જાગૃત રહેવું જરૂરી છે. વિદ્યાર્થીઓ ઉપર કોઇપણ પ્રકારનું દબાણ, ડર હશે તો સંપૂર્ણ શિક્ષણ પ્રક્રિયા અર્થહીન નીવડશે. વિદ્યાર્થીઓએ કહેલ સમસ્યા, મુશ્કેલીને ગંભીરતાથી લઈ તે વિશે વર્ગમાં ટિખળ ન થાય તેનું વિશેષ ધ્યાન રાખવું.

૪. પુસ્તકમાંના પ્રત્યેક ઉપક્રમને ન્યાય આપી ત્યાર બાદની ચર્ચા/ જૂથ કાર્ય અર્થપૂર્ણ રીતે કરવાનો પ્રયત્ન શિક્ષકે કરવો. વિષયનું કેન્દ્રિય તત્વ તેના ઉપક્રમ, ચર્ચા, જૂથકાર્યમાં જ છે, તે હંમેશા ધ્યાનમાં રાખવું. કોઈ પણ કારણથી ખાસ કરીને અભ્યાસક્રમ પૂર્ણ કરવાની ઘાઈ કરીને ચર્ચા/જૂથકાર્ય ને ટાળવા નહીં.

૫. મોટા ભાગના ઉપક્રમો વિશે મુક્ત ચર્ચા અપેક્ષિત છે અને તેમાં કોઇપણ એક ઉત્તર સાચો કે ખોટો નથી તે ધ્યાનમાં રાખવું. વિદ્યાર્થીઓએ પોતે વિચાર કરવો, તર્કસંગત જવાબ આપવો અને તેના જવાબનું સમર્થન કરતાં આવડે એટલી જ અપેક્ષા છે.

૬. વિદ્યાર્થીઓને પ્રશ્ન/પરિસ્થિતિની બધી બાજુનું આકલન થાય તે માટે શિક્ષકે શક્ય હોય તો બંને બાજુના પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓને ઊંડો વિચાર કરવા ફરજ પાડવી અપેક્ષિત છે.

**ગુણનું નિયોજન**

૧. આ વિષય માટે કોઈપણ લેખિત પરીક્ષા નથી. માત્ર વર્ગમાં થતી શૈક્ષણિક પ્રક્રિયાનું સાતત્યપૂર્ણ મૂલ્યમાપન અને નોંધ રાખવી અપેક્ષિત છે.

૨. આ વિષય માટે વિદ્યાર્થીઓએ ૨૦૦ પાનાની નોટ બનાવી તેમાં ઉપક્રમ કરવા અપેક્ષિત છે. તેના માટે કોઈ પણ પ્રકારનું અન્ય સાહિત્ય વાપરવું નહીં.

૩. દરેક પ્રકરણ પછી મૂલ્યમાપન રૂપરેખા આપવામાં આવી છે. તે જ પ્રમાણે શિક્ષકે વિદ્યાર્થીઓનું સાતત્યપૂર્ણ મૂલ્યમાપન કરીને પોતાની પાસે તેનો રેકોર્ડ રાખવો અપેક્ષિત છે. વિદ્યાર્થીઓએ નોટબુકમાં કરેલ કામ તપાસીને તેને પુસ્તકમાં આપ્યા મુજબ ગુણ આપવા અપેક્ષિત છે. વર્ષાંતે વિદ્યાર્થીઓને મળેલા ગુણોનો સરવાળો કરીને, તે અનુસાર શ્રેણી નક્કી કરવી.

# અનુક્રમણિકા


૧. હું એક નાગરિક — પૃષ્ઠ ક્ર. ૧

૨. હું અને માધ્યમો-૧ — પૃષ્ઠ ક્ર. ૧૮

૩. હું અને દૃશ્યકલા — પૃષ્ઠ ક્ર. ૩૫

૪. હું અને માધ્યમો-૨ — પૃષ્ઠ ક્ર. ૫૨

૫. હું અને મારું કેરિયર — પૃષ્ઠ ક્ર. ૬૭

૬. હું અને પ્રયોગજીવી કલા — પૃષ્ઠ ક્ર. ૮૭


આ પહેલાં આપણે જોયું છે કે - નિશા, પ્રતાપ, લોબો, રાઘવ અને સમીના મિત્રો છે.
ધૈર્યધર અને ધૈર્યશીલા તેમને સમયે સમયે મૂલ્યો, કલા, સંઘર્ષ ઉકેલવા વિશે સલાહ આપે છે.
આ બધાંએ હવે પોતે પોતાની જવાબદારી લેવી જોઈએ,
હવે તેમને ધૈર્યધર અને ધૈર્યશીલાની જરૂર નથી એમ કહી એક દિવસ તે બંને જતાં રહે છે.
હવે રાઘવ કોઈપણ જોખમી કૃતિ કરતાં પહેલાં 'આપણે તેનું પરિણામ ભોગવવા સમર્થ છીએ કે ?' એવો વિચાર કરતો.
હવે સમીનાનો તેના માતા-પિતા સાથે ઝગડો થતો નથી - તેમના વિચાર સમજવા માટે તે નવા નવા માર્ગ શોધવાનો પ્રયત્ન કરે છે.
પ્રતાપ સતત પોતાને તપાસતો હોય છે કે - આપણે આપણાં મૂલ્યો અનુસાર વર્તીએ છીએ કે ?
લોબોને નાની-નાની વાતોમાં છૂપાયેલી કલા જણાવા લાગી છે. ધીમે ધીમે તેની સૌંદર્ય દૃષ્ટિ વિકસિત થાય છે.
એકદમ બિન્ધાસ્ત નિશા પણ હવે તેની કેરિયર વિશે ગંભીરતાથી વિચાર કરવા લાગી છે.
હવે આગળ...


રાઘવ અને પ્રતાપ ઝગડી રહ્યા હતા. સમીના ઝગડો ઉકેલવા આવે છે.
અરે, શું થયું ?
અમારાંમાંથી આપણાં દેશને કોણ વધુ પ્રેમ કરે છે એ વિશે અમારો વિવાદ ચાલે છે.
હું દર ૧૫ ઑગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના ધ્વજવંદન કરું છું.
હું દરેક મહાપુરૂષોની જયંતિ ઉજવું છું.
(ફરી ઝગડવા લાગે છે.)
બસ એટલું જ... હું તમારો ઝગડો ઉકેલું છું. તમારામાંથી કોણ ક્યારેય રસ્તા પર કચરો નાંખતો નથી ?
રસ્તા પર કચરો નાંખવાને અને દેશપ્રેમને શું સંબંધ?
હું...

# ૧ હું એક નાગરિક



"દરેક જવાબદાર નાગરિક આ દેશના સામર્થ્યમાં વૃદ્ધિ કરે છે."

## ઉદ્દેશો :

૧. જવાબદાર નાગરિક કોણ ? તે વિશે પોતાના શબ્દોમાં કહેતાં આવડે.
૨. જવાબદાર નાગરિકનું વર્તન ઓળખતાં આવડે.
૩. નિયમોની આવશ્યકતા અને નિયમો કેવી રીતે બનાવવામાં આવે છે તે પોતાના શબ્દોમાં કહેતાં આવડે.
૪. લોકશાહી જીવનશૈલીના મૂલ્યો અને તેનું મહત્ત્વ પોતાના શબ્દોમાં કહેતાં આવડે.
૫. પોતાની આસપાસ ઘટતી ઘટનાનું વિશ્લેષણ કરીને લોકશાહીને બાધક ઘટકો ઓળખીને, કઈ રીતે ઘટના ટાળી શકાઈ હોત તેના ઉપાય શોધતા આવડે.
૬. ઘરે અને શાળામાં પોતાનો વ્યવહાર લોકશાહી જીવનશૈલીને અનુરૂપ છે કે તે વિશે આત્મનિરીક્ષણ કરતાં આવડે અને જો ન હોય તો તેના ઉપાય શોધવા માટે નિયોજન કરતાં આવડે.

### ૧. નાગરિક એટલે શું ?

તમે હંમેશા 'નાગરિક' શબ્દ સાંભળતાં હશો.

- 'ભારતનો નાગરિક' કહેતાં તમારાં મનમાં ક્યું ચિત્ર તૈયાર થાય છે ?
- તમને ક્યા ક્યા શબ્દો યાદ આવે છે ?
- ભારતનો જવાબદાર નાગરિક કેવો હોવો જોઇએ તે વિશે તમારી નોટબુકમાં લખો.
- તમને ફાવે અને ગમે તો તમે જવાબદાર નાગરિકનું ચિત્ર પણ દોરી શકો છો.

વિદ્યાર્થીઓને તેમના મનની સંકલ્પના શબ્દમાં રજૂ કરવામાં મદદ કરવી. દરેકની કલ્પના જુદી હોઈ શકે છે. તેમને પ્રોત્સાહન આપો. આ ઉપક્રમનો સંદર્ભ આ પ્રકરણમાં આગળ ફરીથી આવશે.

### ૨. ભારતમાં લોકશાહી



લોકશાહી એટલે શું ? દેશ ચલાવવા માટે અસ્તિત્વમાં રહેલી અનેક શાસન પધ્ધતિ પૈકી એક પધ્ધતિ એટલે લોકશાહી. લોકશાહી એટલે -

- લોકોનું રાજ્ય - લોકો જ લોકપ્રતિનિધિઓ ચૂંટતાં હોવાથી એક રીતે લોકોનું જ રાજ્ય હોય છે.
- લોકો માટે ચાલતું રાજ્ય - દેશના બધા કાયદા, નિયમ ફક્ત લોકોના હિતને સર્વોચ્ચ માનીને કરવામાં આવે છે.
- લોકોએ મળીને ચલાવેલું રાજ્ય-પસંદ કરાયેલ લોકપ્રતિનિધિઓ પણ લોકોમાંથી જ ચૂંટવામાં આવે છે, આથી એક રીતે લોકોએ મળીને ચલાવેલું રાજ્ય.

આપણી રાજ્ય વ્યવસ્થા અન્ય દેશોની રાજ્ય વ્યવસ્થા કરતાં કઈ રીતે જુદી છે તે જાણવા માટે નીચેનાં દેશોની રાજ્ય વ્યવસ્થા વિશે ટૂંકમાં માહિતી મેળવો.

- ઉત્તર કોરિયા
- સાઉદી અરેબિયા
- ચીન

ટૂંકમાં જો લોકશાહી એટલે 'લોકોનું, લોકો માટેનું અને લોકોએ મળીને ચલાવેલું રાજ્ય હોય તો **દરેક માણસે તેની ઈચ્છા પ્રમાણે વર્તવું જોઈએ કે ?'**

વિદ્યાર્થીઓ સાથે નીચેના મુદ્દાપર ચર્ચા કરો.
લોકશાહી અને અન્ય દેશોની રાજ્ય વ્યવસ્થાના ફાયદા અને નુકસાન.
વિદ્યાર્થીઓને તેમનો મત મુક્તપણે રજૂ કરવા દો. કોઈ પણ એક જવાબ તરફ લઈ જવાનો પ્રયત્ન ટાળવો.

### ૩. નિયમોની આવશ્યકતા

**થોડી ગમ્મત કરીએ.**

શિક્ષક કહે તે કૃતિનું પાલન કરો.

એક થેલીમાં કેટલીક પીપર/ચોકલેટ (વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં ઓછી) મૂકો. કંઇ જ હસ્તક્ષેપ કરવો નહીં. આ થેલી વર્ગની સામેના બાંકડાં પર મૂકો અને વિદ્યાર્થીઓને કહો કે તેમના માટે થેલીમાં પીપર/ચોકલેટ મૂકી છે તે બધાં લઈ લો. માત્ર એટલી જ સૂચના આપવી. પછી શું થાય છે તેનું નિરીક્ષણ કરવું.

બધી પીપર/ ચોકલેટ પૂરી થઇ ગયા પછી વિદ્યાર્થીઓ સાથે નીચેના મુદ્દા પર ચર્ચા કરવી.

૧. રાખેલી પીપર/ચોકલેટ બધાંને મળી કે ?

૨. જે છોકરાઓએ પીપર/ચોકલેટ લીધાં તેમને ખબર હતી કે – ચોકલેટ/પીપર વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં ઓછી છે ?

૩. દરેક જણને તેમાંનો કેટલોક ભાગ મળે તે માટે કોઈએ કોઈ પ્રયત્ન કર્યો કે ?

૪. સૌથી વધુ પીપર/ચોકલેટ જે વિદ્યાર્થીઓને મળી તેમના વિશે નીચેની બાબતો નોંધો.

- તે વિદ્યાર્થી ક્યાં બેઠા હતા ? પાસે બેઠેલા વિદ્યાર્થીઓને કંઈ ફાયદો થયો કે ?
- તેમાં કેટલી છોકરીઓ હતી ? કેટલા છોકરા હતા ? છોકરીઓની સંખ્યા ઓછી હોત તો? વધારે હોત તો?



૫. પીપર/ચોકલેટ આગળના બાંકડા પર મૂક્યાં હોવાથી આગળ બેઠેલા વિદ્યાર્થીઓનો તેના પર વધુ હક્ક હતો કે? કે પછી બધાંનો સમાન હક્ક હતો ?

**સમજી લો.**

આપણે જોયું કે કોઈ જ નિયમ ન હોય તો કદાચ દરેક વિદ્યાર્થીઓને સમાન પીપર/ચોકલેટ મળી શકશે નહીં. તે જ પ્રમાણે જો કોઈ જ નિયમ ન હોય તો આપણાં દેશના દરેક નાગરિકોને સમપ્રમાણમાં વીજળી, પાણી, વૈદકીય સુવિધા, સંસાધનો મળી શકશે નહીં. માટે જ્યારે આપણને કોઈ સંસાધનનો ઉપયોગ કરવાનો હોય છે, તે સમયે કોઈ નિશ્ચિત વ્યવસ્થા હોવી જરૂરી છે.

## ૪. નિયમ કઈ રીતે બને છે ?

**થોડી ગમ્મત કરીએ.**

ધારો કે, તમે બીજા કેટલાંક લોકો સાથે ત્રણ બોટમાં બેસીને સમુદ્રમાર્ગે પ્રવાસ કરી રહ્યા છો અને અચાનક વાવઝોડું આવે છે. તમારી બોટ ભટકી જાય છે અને તમે ત્રણ અજ્ઞાત ટાપુ પર જઈ પહોંચો છો. ત્યાંથી બહાર નીકળવાની બધી શક્યતા ચકાસી જોયા બાદ તમને ધ્યાનમાં આવે છે કે ત્યાંથી બહાર નીકળવું શક્ય નથી અને તમારા જૂથે બાકીનું પૂર્ણ જીવન તે બેટ પર જ વ્યતીત કરવું પડશે. માટે એકબીજા સાથે જીવવા માટે, કામ કરવા માટે અને ખુશ રહેવા માટે તમે શું વ્યવસ્થા કરશો.

વિદ્યાર્થીઓના જૂથ પાડો. દરેક જૂથને ચર્ચા કરવા માટે પ્રોત્સાહિત કરો. તે માટે ૧૦ મિનિટનો સમય આપો. અંતમાં દરેક જૂથે આગળ આવી પોતાની રજૂઆત કરવી.



ધારો કે, એક બેટ પર એવું નક્કી થયું છે એક મનુષ્ય કહેશે તેમ જ થશે. બીજા બેટ પર એવું નક્કી થયું કે કોઇ જ નિયમની આવશ્યકતા નથી, દરેક જણ ઇચ્છે તે રીતે વર્તી શકે છે, ત્રીજા બેટ પર એવું નક્કી થયું કે દરેક જણ પોતાની ઈચ્છા મુજબ વર્તી શકે છે, પણ તેમણે કેટલાક નિયમોનું પાલન કરવાનું રહેશે. તો ત્રણમાંથી ક્યા બેટના લોકો વધુ આનંદી હશે એવું તમને લાગે છે ? શા માટે ?

ચર્ચા કરો.

૧. જે નિયમ બનાવ્યા તેનો આધાર શું હતો ?

૨. બનાવેલા નિયમ કોઈ મૂલ્યો પર આધારિત હતા કે ?

૩. દરેક જૂથના નિયમોમાં કંઈ સમાનતા હતી કે ?

૪. ક્યા જૂથના લોકો વધારે ખુશ હશે એવું લાગે છે ?

**સમજી લો.**

એક વ્યવસ્થા પ્રભાવક રીતે ચલાવવી હોય તો નિયમોની જરૂરત હોય છે. તે નિયમો માટે કેટલાક મૂલ્યોનો વિચાર કરવાનો હોય છે. ગયે વર્ષે આપણે મૂલ્યો વિશે શીખ્યા. જેવી રીતે વ્યક્તિગત મૂલ્યો હોય છે. તે જ રીતે કેટલાક સાર્વજનિક મૂલ્યો હોય છે. ભેગા મળીને ખુશ રહેવા માટે તે મૂલ્યો ખૂબ મહત્ત્વના હોય છે.

## વિચાર કરો

આપણે આની પહેલાના ઉપક્રમમાં જોયું કે, પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાનું સ્વાતંત્ર્ય જોઈતું હોય તો પણ કેટલાક નિયમો મૂકવાના હોય તો તે નિયમ ક્યા મૂલ્યો પર આધારિત હોવા જોઈએ ? તમારી નોટબુકમાં લખો.

વિદ્યાર્થીઓને પહેલાના જ જૂથમાં બેસી નીચેના મુદ્દા પર ચર્ચા કરવા કહો. ક્યા પાંચ મૂલ્યો પર આધારિત નિયમ બનાવીએ તો લોકો હળી મળીને ખુશ રહી શકશે અને કામ કરી શકશે ? નોટબુકમાં લખો.

## ૫. નિયમો પાછળના મૂલ્યો

**નીચેની ઘટના વિશે તમારું શું માનવું છે ?**

- નિશિગંધા પર તેના વરિષ્ઠ અધિકારી ગુસ્સે થયા.
- બધાંની સામે મિત્રોએ મનમીતનું અપમાન કર્યું.
- મહેમાનની સામે વાલી શોએબને ખીજાયા.
- ઍગનેસની બહેનપણીએ બધાંની સામે તેની મશ્કરી કરી.

નીચેના મુદ્દા પર ચર્ચા કરો -

- આપેલી ઘટનામાં તે-તે વ્યક્તિનું અપમાન થયું છે તેવું વિદ્યાર્થીઓને લાગે છે કે?
- જો આવું અપમાન થતું રહે તો તે વ્યક્તિ અપમાન કરનાર વ્યક્તિ સાથે હળી મળીને કામ કરી શકશે કે ? સંપીને રહી શકશે કે ?
- સમાજમાં સાથે રહેતી વખતે એકબીજાનો આદર કરવો જોઇએ એવું વિદ્યાર્થીઓને લાગે છે કે ?

**સમજી લો.**

સમાજમાં હળી મળીને, સંપીને, આનંદથી રહેવું હોય તો દરેકે એકબીજાનો આદર કરવો જરૂરી છે. **માટે 'આદર' એ આવશ્યક મૂલ્ય છે. આપણે કોઈ વ્યક્તિના મત સાથે સંમત ન હોઈએ તો પણ આપણે તેનો આદર કરવો જોઇએ.**

**નીચેની કઈ કૃતિ દ્વારા આદર વ્યક્ત થાય છે અને કઈ કૃતિ દ્વારા થતો નથી એવું તમને લાગે છે.**

- મોઢે મીઠું બોલવું પણ પીઠ પાછળ તેની નિંદા કરવી.
- મોટાઓને બેસવાની જગ્યા ન આપવી
- બે વ્યક્તિ સામસામે આવી જતાં એકે બીજાને જવાનો રસ્તો આપ્યો.
- કોઈની ખામીની મશ્કરી કરવી.
- કોઈ બોલતું હોય ત્યારે વચ્ચે જ તેને તોડી પાડવા.
- કોઈની વાતની અવગણના કરવી.
- કોઈ બોલવાનો પ્રયત્ન કરતું હોય તો પણ તેના તરફ દુર્લક્ષ કરવું.
- મોં મચકોડવું, ડોક વાળવી, નજર ફેરવવી.
- કોઈ તમારી સાથે વાત કરતું હોય ત્યારે મોબાઇલમાં રમવું.

વિદ્યાર્થીઓ સાથે દરેક વાક્ય વિશે ચર્ચા કરો. તેમને જણાવો કે જે રીતે અનેક કૃતિઓ દ્વારા આદર વ્યક્ત થાય છે તે જ રીતે અનેક કૃતિઓ દ્વારા અનાદર વ્યક્ત થાય છે.

કોઈ વ્યક્તિનો અનાદર કરીએ તો તે વ્યક્તિ પર તો તેનું પરિણામ થાય જ છે પણ તેનું આપણી પર પણ કંઈક પરિણામ થઈ શકે કે ?

**ઉપર મુજબના બીજા કેટલાંક ઉદાહરણો તમે કહી શકશો કે ?**

**નિર્જીવ વસ્તુઓ પ્રત્યેનો આદર**

નીચેની બાબતો, ઘટકોનો આદર કરવો એટલે શું તેનો વિચાર કરો. –

- અન્ન
- નદી, તળાવ, સમુદ્ર
- બસ, ટ્રેન વગેરે વાહન વ્યવહારના સાધનો
- જંગલ, તમારી આજુબાજુનું પરિસર

મુદ્દાઓ પર ચર્ચા કરો –
૧. આપણે નીચેના સંસાધનોનો અનાદર કરીએ છીએ કે ? કઈ રીતે?
૨. આ સંસાધનોનો આદર કરવા માટે આપણે શું કરવું જોઈએ ?



## સમજી લો.

કોઈ સંસાધનનો અનાદર કરવો એટલે તેનું મૂલ્ય ન સમજવું, તેની કિંમત ન કરવી. વ્યક્તિનો અનાદર કરીએ તો તેના પર અને આપણાં પર પરિણામ થાય છે તે જ રીતે આપણાં દેશના સંસાધનો, સુવિધાઓ – જેમ કે જંગલ, પાણી, જમીન, વીજળી, શિક્ષણ, આરોગ્ય વગેરેનો અનાદર કરીએ તો તેનું પરિણામ આપણાં જીવન પર થાય છે. આ સંસાધનો ખરાબ થાય છે અથવા ખલાસ થઈ જાય છે, બધાંને સમપ્રમાણમાં મળતા નથી.

## થોડી ગમ્મત કરીએ.

તમે એકલા જ કરી શકો એવી કોઈ કૃતિ શોધો, જેના માટે તમારે કોઈપણ સજીવ અથવા નિર્જીવ ઘટકોની મદદ ન લેવી પડે.

- વિદ્યાર્થીઓને પૂછો કે તેમને આવી કોઈ કૃતિ મળી કે ?
- તે કૃતિ કરવા માટે ખરેખર જ કોઈપણ સજીવ અથવા નિર્જીવ ઘટકની જરૂર નથી પડતી ?
- આવી કેટલી કૃતિ મળી ?
- આના પરથી શું નિષ્કર્ષ કાઢી શકાય ?

## વિચાર કરો.

જો તમારે કોઈ ચોકલેટ ખાવી હોય, તો તેના માટે તમે કોના કોના પર આધારિત છો ? તે ચોકલેટ બનાવવા માટે જોઈતા કાચા માલનું ઉત્પાદન કરનાર લોકો, તેમને જોઈતા સંસાધનો, કારખાનામાં કામ કરનારા માણસો, માલને લાવવા-લઈ જનારા માણસો, તેના વિક્રેતા અને તે વેંચાતી લેવા માટે પૈસા કમાનાર વાલી વગેરે.



આ જ રીતે, નીચે આપેલી કૃતિ માટે તમે શેના પર આધારિત છો તેની યાદી કરો.

૧. શાળાની રિસેસમાં તમારે રમત રમવી છે.

૨. તમારે ગીતો સાંભળવા છે.

૩. તમારે વરસાદમાં ભીંજાવું છે.

**આપેલા ચિત્રમાં ક્યો ઘટક ન હોય તો પણ ચાલે એવું તમને લાગે છે ?**



વિદ્યાર્થીઓને જણાવો કે આપેલ ચિત્રમાંના બધાં જ ઘટક મહત્ત્વના છે. તેમાંથી એક પણ ઘટક ન હોય તો આપેલી કૃતિ પૂર્ણ કરી શકાય નહીં.

## વિચાર કરો.



આપણી વ્યક્તિગત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પણ આપણે સમાજના વિવિધ ઘટકો પર આધારિત છીએ તે તમારા ધ્યાનમાં આવ્યું હશે. સારી રીતે જીવવા માટે આપણને સમાજના દરેક ઘટકની જરૂર પડે છે. આ જરૂરિયાત આપણે કઈ રીતે પૂરી કરી શકીએ ?

ધારો કે, તમને તમારો પ્રકલ્પ પૂર્ણ કરવા માટે એક પુસ્તકની જરૂર છે. એ પુસ્તક બીજી વ્યક્તિ પાસે છે. તમે શું કરશો ? –

- તે પુસ્તક આપવાની વિનંતી કરશો ?
- બળજબરીપૂર્વક તે પુસ્તક મેળવશો ?

નીચેના મુદ્દાઓ વિશે ચર્ચા કરો –

૧. આ બંને માર્ગનું શું પરિણામ થશે ?

૨. એમાંથી ક્યો માર્ગ દીર્ઘકાળ ચાલનાર, આનંદદાયક, તણાવરહિત અને બંને બાજુનું હિત સાધનાર છે એવું તમને લાગે છે ?

૩. જો આ જ રીતે દરેક જણ જોઈએ તે ઝૂંટવી લે તો આગળ જતાં તેનું શું પરિણામ થશે ?

૪. સમાજ આનંદિત, સંપીને રહેશે કે ?

**સમજી લો.**

હળી મળીને સંપીને રહેવા માટે 'એકબીજા સાથે સહકાર્ય કરવું' અત્યંત મહત્ત્વનું છે **માટે 'દરેક જણ સાથે સહકાર્ય કરવાનું'** મૂલ્ય આવશ્યક છે.

**નીચેની બાબતોનો વિચાર કરો. આવા પ્રસંગે તમને કેવું લાગશે ?**

- ઘરમાં એક જ વ્યક્તિને ગમતી ટી.વી. ચેનલ મૂકવામાં આવે છે.
- ઘરમાં કોઈ એક વ્યક્તિને ગમતો પદાર્થ એણે જ પૂરો કરી નાંખતાં તમને તે મળ્યો નહીં.
- ગેધરિંગમાં અમુક જ વિદ્યાર્થીઓને પ્રસ્તુતિકરણની તક મળી.

૧. વિદ્યાર્થીઓને તેમના જવાબનું સ્પષ્ટીકરણ આપવા કહો.
૨. આપેલી બાબતો તેમની સાથે થાય તો તેમને ગમશે કે ?
૩. નહીં ગમે તો ચોક્કસ કઈ વસ્તુની તકલીફ થશે ? તે વિશે ચર્ચા કરો.

**કેટલાક પ્રશ્ન**

ગમતી ચેનલ જોવા મળવી, ભાવતો પદાર્થ ખાવા મળવો અને પ્રસ્તુતિકરણની તક મળવી એ બધું તમને તમારો હક્ક લાગે છે કે ? તમારા હક્ક પર તરાપ મારવામાં આવે તો તમને તકલીફ થાય છે કે? તમને તમારા ક્યા હક્કો છે એવું લાગે છે ? આવા કેટલાંક વ્યક્તિગત હક્કોની યાદી તમારી નોટબુકમાં તૈયાર કરો.

| અ.ક્ર. | હક્કનું નામ | તેમાં શેનો સમાવેશ થાય છે ? |
|---|---|---|
| ૧. | સારા શિક્ષણનો હક્ક | બધાં વિષય સમજાવા, સર્વાંગી વિકાસ થવો. |
| ...... | .............................................. | .................................................. |

આમાંના ક્યા હક્ક બીજાઓને પણ છે એવું તમને લાગે છે ?

હવે આપણે એવા કેટલાક હક્કો વિશે માહિતી મેળવીએ જે બધાં માટે સમાન છે.

- સુરક્ષિતતાનો હક્ક
- શિક્ષણનો હક્ક
- નિરોગી જીવનનો હક્ક
- શુધ્ધ હવા, પાણી અને અન્ન મેળવવાનો હક્ક.



**વિચાર કરો.**

ઉપરના હક્કો બધાંને મળે તે માટે આપણી કંઈ જવાબદારી છે કે ?

દા.ત. બધાને સુરક્ષિતતાનો હક્ક હોય તો રાહદારીના અથવા સુરક્ષાના નિયમ પાળવા એ આપણી જવાબદારી છે. બધાંને નિરોગી જીવન મળે એ હક્ક હોય તો વ્યસન ન કરવા, યોગ્ય આહાર અને વ્યાયામ કરવો, સાર્વજનિક સ્વચ્છતાના નિયમ પાળવા એ આપણી જવાબદારી છે. શુદ્ધ પાણી મળવું એ હક્ક હોય તો નદીમાં કચરો ન નાખવો એ આપણી જવાબદારી છે.

આપણે બીજું એક ઉદાહરણ જોઈએ.

એક ડ્રાયવરે સિગ્નલનું પાલન કર્યું તેની પાછળ બે શક્યતા હોઈ શકે -

૧. ટ્રાફિક પોલીસ સામે ઉભો છે.

૨. લાલ સિગ્નલનો અર્થ છે થોભો.

પહેલી શક્યતામાં ડ્રાયવર ભૂલ કરે તો, તેને શિક્ષા કરવાનો અધિકાર ધરાવનાર વ્યક્તિ સામે છે. બીજી શક્યતામાં સુરક્ષિતતા એ બધાંનો હક્ક છે માટે રાહદારીના નિયમ પાળવા જોઈએ એવી અંતર્ગત પ્રેરણા છે.

બીજાના હક્ક સુરક્ષિત રાખવા માટે વિધાયક પર્યાય અંત:પ્રેરણાથી પસંદ કરવા જોઈએ.

**સમજી લો.**

લોકશાહી એક શાસન પધ્ધતિ છે એ આપણે પહેલાં જોઇ ગયા છીએ. લોકશાહીને મજબૂત બનાવવા માટે આપણી જીવનશૈલી પણ લોકશાહીના મૂલ્ય પર આધારિત હોય તે જરૂરી છે.

લોકશાહીના મૂલ્યો પર આધારિત જીવનશૈલી એટલે દરેક વ્યક્તિનો આદર કરવો, સહકાર્ય કરવું, દરેક વ્યક્તિને આદર અને સન્માન સહિત જીવવાનો સમાન હક્ક છે તેનું ભાન રાખવું, હક્ક સાથે આવતી જવાબદારી પણ સ્વીકારવી અને તેના માટે આવશ્યક હોય તેવી વિધાયક કૃતિ અંત:પ્રેરણાથી કરવી. તમારા પુસ્તકમાં આપેલ પ્રતિજ્ઞા વાંચો, તેમાં શું જણાઈ આવે છે ?

## ૬. લોકશાહીના અવરોધ

દરેક વ્યક્તિનો આદર, સહકાર્ય, દરેક વ્યક્તિને સમાન હક્ક અને વિધાયક કૃતિ અંત:પ્રેરણાથી કરવી, આ ચાર બાબતોમાં જો અવરોધ નિર્માણ થાય તો લોકશાહીને અવરોધ નિર્માણ થાય છે. તેથી નાગરિક તરીકે આપણે આ ચાર બાબતોને અવરોધ નિર્માણ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

### લોકશાહીને અવરોધ નિર્માણ કરનાર ઘટકો

### ૧. વ્યક્તિ-વ્યક્તિમાં ભેદભાવ કરવો

**કાલ્પનિક પ્રયોગ :**

ધારો કે, તમારે એક નિર્જન ટાપુ પર કાયમ માટે રહેવા જવાનું છે. તમને તમારી સાથે પાંચ માણસોને લઈ જવાની છૂટ છે. તમે કઈ કઈ વિશિષ્ટતા ધરાવતા માણસોને સાથે લઈ જશો ?

તે વિશિષ્ટતાઓની યાદી તૈયાર કરી નોટબુકમાં લખો.



- દરેકે પોતાના જેવી જ વિશિષ્ટતા ધરાવનાર પાંચ માણસો પસંદ કર્યા કે તેમાં અંતર હતું ?
- જો દરેક વ્યક્તિને તમને આવડે છે તે જ કૌશલ્ય આવડે, દરેક જણ એક જ પ્રકારનો વ્યવસાય કરે તો દુનિયા ચાલશે કે ?
- એકાદ કામ શ્રેષ્ઠ અને એકાદ કામ કનિષ્ઠ છે એવું નક્કી કરી શકાય કે ?
- તમે કોઈ પણ કામનું મૂલ્ય કેવી રીતે નક્કી કરો છો ?

વિદ્યાર્થીઓ યાદી તૈયાર કરી લે ત્યાર બાદ તેમની સાથે આપેલા મુદ્દા પર ચર્ચા કરો. વિદ્યાર્થીઓને જણાવો કે દરેક વ્યક્તિ પોતપોતાની જગ્યાએ મહત્ત્વનું કામ કરતી હોય છે અને આ વિવિધતાને કારણે જ આપણો દેશ અને આપણું વિશ્વ ચાલે છે. આથી દરેક વ્યક્તિને આદર અને આત્મસન્માન સહિત જીવવાનો સમાન હક્ક હોય છે તેનું સતત ધ્યાન રાખવું જોઈએ.

### ૨. વિવિધ જીવનશૈલીમાં ભેદભાવ કરવો.

વિદ્યાર્થીઓની યાદી તૈયાર થઈ ગયા બાદ તેમાંની કેટલી વસ્તુ અથવા વ્યક્તિ તેમના પરિસરની નથી, અન્ય ભૂભાગ, રાજ્ય અથવા દેશમાંથી આવ્યા છે તેના વિશે ચર્ચા કરો.
અન્ય લોકોની જીવનશૈલીની કેટલી વસ્તુઓ આપણને ગમે છે તેથી આપણે સ્વીકારી છે, તો પછી આપણી જ જીવનશૈલી શ્રેષ્ઠ એવું આપણે કહી શકીએ કે ?

તમને ગમતી નીચેની વસ્તુઓની યાદી તૈયાર કરો.

૧. અન્ન પદાર્થ - (તેમાં મીઠી, તીખી તેમજ દરેક પ્રકારની પાકકૃતિનો વિચાર કરવો.

૨. સંગીત પ્રકાર, વાદ્યોના પ્રકાર

૩. કપડાના પ્રકાર

૪. તહેવાર, ઉત્સવ

૫. સિનેમા/નાટકના પ્રકાર

૬. રમતના પ્રકાર

૭. અભિનેતા /અભિનેત્રી /ગાયક /ગાયિકા

૮. ચિત્રકલા, શિલ્પકલા

## ૩. સાર્વજનિક માલમત્તાનું નુકશાન અને ભીડની માનસિકતા

**સમાચાર શોધો :**

જૂના વર્તમાનપત્રોની કાતરણમાંથી દંગલના, હિંસક આંદોલનના સમાચાર કાઢી તેમાં કેટલી ગાડીઓ, બસનું નુકશાન થયું, સાર્વજનિક માલમત્તાનું કેટલું નુકશાન થયું એના પરથી અપ્રત્યક્ષ રીતે આપણાં જ કેટલા પૈસા વ્યર્થ ગયા તેનો અંદાજ કાઢો.

લોકો આવું શા માટે કરે છે ? સાર્વજનિક માલમત્તાનું નુકશાન શા માટે કરે છે ? તે માટે આપણે ભીડની માનસિકતા સમજી લઈએ.

- નુકશાન થયાના સમાચારો વડે વિદ્યાર્થીઓને નુકસાનનો અંદાજ કરવામાં મદદ કરો.
- સરકારના પૈસા એટલે જનતાના જ પૈસા એ સમજાવો.
- ભીડની માનસિકતાના બીજા ઉદાહરણો શોધવામાં વિદ્યાર્થીઓને મદદ કરો.

**ભીડની માનસિકતા :**

ઘણીવાર એવું જણાઈ આવે છે કે લોકોના મનમાં કેટલીક બાબતો માટે એક સુપ્ત ગુસ્સો હોય છે. દંગલ અથવા આંદોલનના નિમિત્તે તે બહાર આવે છે. તેમ જ ઘણીવાર કેટલીક વ્યક્તિ લોકોની ભાવનાને આહ્‌વાન કરનાર ભાષણો આપે છે. તે સાંભળીને પણ લોકો આવી કૃતિ કરે તેવી શક્યતા હોય છે.

દંગલમાં ઘણી વ્યક્તિઓ ભાગ લેતી હોવાથી થનાર નુકશાન માટે આપણે જવાબદાર નથી એવું જ દરેકને લાગે છે. ભીડમાં આપણો ચહેરો, આપણી ઓળખ સહજતાથી છૂપાઈ જાય છે તેથી એક પ્રકારની સુરક્ષિતતા અનુભવાય છે અને આવું કૃત્ય કરવાનું સાહસ પણ વધે છે.

- આ રીતે સાર્વજનિક માલમત્તાનું નુકશાન કરવું તમને યોગ્ય લાગે છે કે ?
- પ્રાચીન વાસ્તુ, કિલ્લાપર કંઈ પણ લખાણ કોતરવું, બસમાં સીટ ફાડી નાખવી, રસ્તા પર થૂંકવું, કુદરતી ક્રિયાઓ (શૌચ આદિ) કરવી આ બધાં સાર્વજનિક માલમત્તાનું નુકશાન કરવાના ઉદાહરણો છે.
- તમે આવા બીજા કોઈ ઉદાહરણો જોયા છે કે ?
- સાર્વજનિક માલમત્તાનું નુકશાન કરવાથી લોકશાહીના કયા મૂળભૂત મૂલ્યનો હ્રાસ થાય છે ?

## ૪. સત્ય અને વ્યક્તિગત મત

નવીન અને જ્યોર્જ બંને મિત્રો હતા, એક દિવસ નવીને કહ્યું કે ભારતનો ‘અ’ ખેલાડી જગતમાં સૌથી શ્રેષ્ઠ છે. જ્યારે જ્યોર્જે કહ્યું કે ઓસ્ટ્રેલિયાનો ‘બ’ ખેલાડી દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. આથી નવીનનું મન દુભાયું. તેને લાગ્યું કે જ્યોર્જેને ભારત પર પ્રેમ નથી, તે જૂઠા બોલો છે. તેની અને જ્યોર્જ વચ્ચે મોટો ઝગડો થયો.

‘દુનિયાનો સર્વશ્રેષ્ઠ ખેલાડી કોણ ?’ એ વિશે દરેકના મત જુદાં જુદાં હોઈ શકે છે. આ વિષયમાં એક જ અને શાશ્વત સત્ય હોતું નથી. સર્વશ્રેષ્ઠ ખેલાડી વિશિષ્ટ માપદંડ પરથી નક્કી કરી શકાય છે.

### ૫. માહિતી ન ચકાસવી

પવનના ખેતરમાં આગ લાગી. તેને એવી માહિતી મળી કે અમુક લોકોએ તેના ખેતરમાં આગ લગાડી હતી. તે પોતાના લોકોને લઈને તે લોકોના ખેતરમાં જાય છે અને નુકશાન કરે છે. પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસ તપાસમાં એવું સિધ્ધ થયું કે પવનના ખેતરમાં આગ દાવાનળને કારણે લાગી હતી. પવનને શિક્ષા કરવામાં આવે છે. પોતાને મળેલી માહિતી ન ચકાસતા ફક્ત સાંભળેલી માહિતી પર વિશ્વાસ મૂકવાથી બીજાને અન્યાય કરનાર, અયોગ્ય નિર્ણય લઈ, અયોગ્ય કૃતિ કરવાની શક્યતા રહે છે.

### ૭. વ્યક્તિગત નાની કૃતિ અને તેનું વ્યાપક પરિણામ

એવું જોવા મળે છે કે વિવિધ માધ્યમો દ્વારા અને શાળા દ્વારા કરાયેલ જનજાગૃતિને કારણે ફટાકડાં ફોડવાનું અને તેને કારણે થતું પ્રદુષણ ધીમે ધીમે ઓછું થાય છે. માટે જ દરેક નાગરિકે પોતાના સ્તરે કરેલ નાની-નાની કૃતિને કારણે પણ રાષ્ટ્રીય સ્તરે મોટા પરિણામ આવે છે અથવા લાવી શકાય છે.

**વ્યક્તિગત નાની કૃતિ અને તેના વ્યાપક પરિણામ- કેટલાક ઉદાહરણો**



- જ્યાં વીજળી, પાણી જેવી સુવિધા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે ત્યાંના લોકો તેની બચત કરે તો તે સંસાધનો દરેકને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થશે.
- આપણને ખૂબ સસ્તા દરમાં સાર્વજનિક વાહન વ્યવહારના સાધનો (બસ, ટ્રેન વગેરે) ઉપલબ્ધ છે. આપણે તે સાધનોનો વધુ ઉપયોગ કરીએ તો વ્યવસ્થાને આર્થિક લાભ થશે અને આપણને વધુ સારા સાધનો ઉપલબ્ધ થઈ શકશે.
- આપણે કર ભરીએ, મતદાન કરીએ જેવી બાબતો પણ પ્રામાણિક પણે કરીએ તો દેશને આગળ વધારવામાં મદદ મળે છે.

### ૮. જવાબદાર નાગરિક કોણ?

અત્યાર સુધી થયેલી ચર્ચા અનુસાર નીચેનામાંથી કઈ વ્યક્તિને તમે જવાબદાર નાગરિક કહેશો ?

- જે વ્યક્તિ મતદાન કરતી નથી.
- જે વ્યક્તિ પ્રામાણિકપણે પોતાનું રોજિંદુ કાર્ય બધા નિયમોનું પાલન કરીને કરે છે.
- એવી વ્યક્તિ જે પોતાને દેશભક્ત કહે છે પણ રસ્તા પર થૂંકે છે.
- જે વ્યક્તિ સિગ્નલ પાળતી નથી.
- જે વ્યક્તિ એક જૂથ વિરુધ્ધ બીજાનામાં અસંતોષ પ્રગટાવે છે, ફૂટ પાડવાનો પ્રયત્ન કરે છે.
- એક વ્યક્તિ પોતાની પાસે કામ કરનાર કર્મચારીઓને કનિષ્ઠ ગણે છે.
- એક વ્યક્તિ બધાં સાથે હળી મળીને રહે છે.



**સમજી લો.**

ફક્ત દેશના નાગરિક તરીકે જ નહીં પણ ઘરના સભ્ય, શાળાના વિદ્યાર્થી તરીકે પણ સમાજનો ભાગ હોઈએ છીએ. ત્યાં પણ આપણે એકબીજા સાથે હળી મળીને રહેવું પડે છે. તો પછી આ બધાં સ્થળો એ પણ લોકશાહીના મૂલ્યો મહત્ત્વના છે કે નહીં ? ટૂંકમાં લોકશાહી ફક્ત રાજ્ય વ્યવસ્થા પૂરતી મર્યાદિત ન રહેતા જીવનશૈલી હોવી જોઈએ.

## ૯. ઘરમાંની લોકશાહી

દરેક વિદ્યાર્થીએ નીચેની પ્રશ્નાવલિના પ્રામાણિકતાથી જવાબ આપી પોતાના ઘર વિશે શું ચિત્ર સામે આવે છે તેનો વિચાર કરવો. તમે ઈચ્છો તો આ પ્રશ્નાવલી ગુપ્ત રાખી શકો છો.

| ઘરમાંની લોકશાહી | પૂર્ણતઃ માન્ય | માન્ય | અમાન્ય | પૂર્ણતઃ અમાન્ય |
|---|---|---|---|---|
| કોઈ કોઈનું અપમાન કરતું નથી. | | | | |
| મોટો નિર્ણય લેતી વખતે બધાંના મત પૂછવામાં આવે છે, સાંભળવામાં આવે છે. | | | | |
| આર્થિક નિયોજનમાં તમારો નાનો એવો પણ સહભાગ છે. | | | | |
| ઘરના પુરૂષો પણ રસોઈ બનાવે છે, ઘરકામમાં ફાવે તેટલી મદદ કરે છે. | | | | |
| ઘરની સ્ત્રીઓ પણ ફાવે તેટલા બહારના કામ કરે છે. | | | | |
| ઘરમાં રહેવાના કેટલાંક નિશ્ચિત નિયમો છે જે માતા-પિતા સહિત બધાંને માન્ય છે. | | | | |
| કોઈ બાબતે મતભેદ હોય તો તે સાથે મળીને ઉકેલવામાં આવે છે. | | | | |
| તમારા ભાઈ/ બહેનો સાથે તમારો જેવો જ વ્યવહાર કરવામાં આવે છે. દરેક છોકરા/ છોકરીઓને સરખા ગણવામાં આવે છે. | | | | |
| દરેકને ઘરની સુવિધાઓનો ઉપયોગ કરવાનો સમાન હક્ક છે. | | | | |

**થોડી ગમ્મત કરીએ.**

આવી જ પ્રશ્નાવલી આપણી શાળા વિશે તૈયાર કરી શકીએ કે ? જૂથમાં પ્રશ્નાવલી તૈયાર કરો અને તમને પોતાનામાં, તમારા ઘરનાં અથવા શાળાના વાતાવરણમાં કંઈ ફેરફાર કરવાની જરૂર જણાય છે કે ?

## ૧. સમજો.

લોકશાહી જીવનશૈલીના ચાર મૂલ્યો વ્યવસ્થિત સમજો, (તેમાં કંઈ પ્રશ્ન હોય તો શિક્ષકને પૂછો ?)

## ૨. ઓળખો.

તમે ભરેલી પ્રશ્નાવલી દ્વારા તમને પોતાનામાં કંઈ ફેરફાર કરવાની જરૂર જણાય છે કે ? ઘરના વાતાવરણ અથવા શાળાના વાતાવરણમાં લોકશાહી પધ્ધતિ અનુસાર કોઈ ફેરફાર કરવાની જરૂર જણાય છે કે ?

## ૩. આહ્‌વાન આપો.

કુટુંબમાં કેટલાંક ફેરફારની જરૂર જણાય તો તમારા વાલી સાથે લોકશાહીના તત્વ વિશે ચર્ચા કરો. શાળામાં ફેરફાર કરવાની જરૂર જણાય તો, શિક્ષક, મુખ્યાધ્યાપક સાથે વાત કરો. સ્વાતંત્ર્ય અને જવાબદારીનો સમન્વય કઈ રીતે સાધી શકાય તેનો વિચાર કરો.

## ૪. અમલ કરો.

તમે નક્કી કરેલા ફેરફારને અમલમાં લાવો. એકાદ પ્રયોગ સફળ થયો કે નહીં તે વિશે ચર્ચા કરીને સર્વાનુમતે તેમાં ફેરફાર કરો.

F7BYRZ

## મૂલ્યમાપન (ભારાંશ ૧૫%)

| માપદંડ | ઉત્તમ (ખૂબ સરસ) | યોગ્ય (સંતોષજનક) | અયોગ્ય (અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| પોતાના ઘરની પરિસ્થિતિ વિશેની પ્રશ્નાવલી | પોતાના ઘરની પરિસ્થિતિ વિશેની પ્રશ્નાવલી પ્રામાણિકપણે ભરી જ્યાં લોકશાહી જીવન શૈલીનું પાલન થતું નથી તે વિશે શું કરી શકાય તેનું નિયોજન કર્યું. | પ્રશ્નાવલી ભરી પણ જ્યાં લોકશાહી જીવન શૈલીનું પાલન થતું નથી તે વિશે કંઈ જ કર્યું નથી. | પ્રશ્નાવલી ભરી નથી. | |
| અન્ય દેશોની રાજ્ય વ્યવસ્થા | અન્ય દેશોની રાજ્ય વ્યવસ્થા વિશે સ્પષ્ટ શબ્દોમાં લખ્યું તેમ જ તેમની વચ્ચેનો તફાવત ઓળખતા આવડ્યો. | અન્ય દેશોની રાજ્ય વ્યવસ્થા વિશે લખ્યું પણ તેમની વચ્ચેનો તફાવત ઓળખતા આવડ્યો નહીં. | અરધાં પરધાં ઉત્તરો લખ્યા. | |
| લોકશાહીમાં અવરોધ નિર્માણ કરનાર ઘટકો | લોકશાહીમાં અવરોધ નિર્માણ કરનાર ઘટકો પરની ચર્ચામાં સક્રિય સહભાગ લઇને સ્પષ્ટ શબ્દોમાં વિચારો રજૂ કર્યા. | ચર્ચામાં સહભાગ લીધો. | પૂછતાં મોંઘમપણે ઉત્તરો આપ્યા. | |
| વર્ગકૃતિમાં સહભાગ | પાઠની બધી કૃતિ ઉત્સાહપૂર્વક પૂર્ણ કરી. (સક્રિય સહભાગ) સર્વ વર્ગકૃતિઓ નોટબુકમાં પૂર્ણ કરી. | પાઠની બધી કૃતિ પૂર્ણ કરી. | બીજા વિદ્યાર્થીઓની નોટબુકમાં જોઈને કૃતિ પૂર્ણ કરી. | |


એક દિવસ નિશાને દવાખાનામાં દાખલ કરવી પડી.
કોઈએ તેને તેના વજન માટે ચીડવતા તેણીએ ડાયેટિંગ કરવાનું શરૂ કર્યું. ચક્કર આવતાં તે પડી ગઈ.
પણ આવા ઉપવાસ કરવાના શા માટે ?
તે કહેતી હતી કે મારે એકદમ આદર્શ છોકરી જેવું દેખાવું છે - સડપાતળ
બાપરે ! અને આદર્શ છોકરો કેવો દેખાય છે ?
સાહસી અને હૃષ્ટપુષ્ટ ... એવું જ નક્કી થયું છે.
નક્કી થયું છે ? પણ કોણે નક્કી કર્યું ?
અરે... સાચે જ... કોણે નક્કી કર્યું છે ?

# ૨ હું અને માધ્યમો - ૧




"જેનું માધ્યમો પર નિયંત્રણ હોય છે, તેમનું પોતાના મન પર નિયંત્રણ હોય છે."

**ઉદ્દેશો :**

૧. વિદ્યાર્થીઓને માહિતી અને પ્રસાર માધ્યમો એટલે શું તે પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૨. માહિતી અને પ્રસાર માધ્યમોના પરિણામ વિશે પોતાના શબ્દોમાં કહેતાં આવડે.
૩. માહિતી અને પ્રસાર માધ્યમોનો ઉપયોગ સમજે.
૪. કિશોર વયના મગજનું જુદા પણું પોતાના શબ્દોમાં કહેતાં આવડે.
૫. વ્યસન એટલે શું, તેના શારીરિક, ભાવનિક અને આર્થિક પરિણામો ક્યા તે પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૬. વ્યસનાધીનતાનો સામનો કરવાના કેટલાક માર્ગની જાણ હોવી.

## ૧. માધ્યમ એટલે શું ?

તમે હંમેશા 'માધ્યમ' શબ્દ સાંભળતાં જ રહ્યા છો. તમારા મતે 'માધ્યમ' કોને કહેવાય ? તમારા રોજિંદા જીવનમાં 'માધ્યમ' શબ્દ ક્યાં વાપરવામાં આવે છે ? નીચે એક ચિત્રાકૃતિ આપી છે. તમારી નોટબુકમાં કેટલાક ઉદાહરણો તૈયાર કરો.

૧. માધ્યમ એટલે શું તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો અને નીચેની ચિત્રાકૃતિ તૈયાર કરો.
૨. વિવિધ માધ્યમોની વ્યાખ્યાથી શરૂ કરીને વિદ્યાર્થીઓનું ધ્યાન માહિતી અને પ્રસારણ માધ્યમ તરફ દોરવું.

**માધ્યમ**

**૧. શબ્દનો અર્થ**
................................

**૨. ક્યાં વપરાય છે? માધ્યમ**
દા.ત. ગુજરાતી માધ્યમની શાળા
................................

**૩. પ્રકાર**
દા.ત. ચિત્ર, કવિતા ભાષા એ અભિવ્યક્તિના માધ્યમો છે.
................................

**૪. માધ્યમોનું મહત્ત્વ**
દા.ત. T.V. ને કારણે દુનિયા-ભરના સમાચારો અને દશ્યો જોવા મળે છે.
................................

**૫. અન્ય**
દા.ત. ચેક, ડિમાંડ ડ્રાફ્ટ એ આર્થિક લેવડદેવડનું માધ્યમ છે.
................................

**સમજી લો.**

**માહિતી પ્રસારણના** માધ્યમો એટલે જેના દ્વારા લોકો સુધી માહિતી પહોંચાડવામાં આવે છે. એવા માધ્યમો. દા.ત.વર્તમાનપત્રો, માસિકો, ટી.વી., ઈન્ટરનેટ, રેડિઓ, ડોક્યુમેંટરી, ભીંતપત્રકો વગેરે. આ માધ્યમોનો ઉપયોગ મુખ્યત્વે લોકો સુધી માહિતી, વિચાર પહોંચાડવા માટે કરવામાં આવે છે.

**તમારા સુધી માહિતી કેવી રીતે પહોંચે છે ?**

૧. આખી દુનિયામાં ઘટતી ઘટનાઓ વિશે તમને કઈ રીતે માહિતી મળે છે ?

૨. બજારમાં આવેલા નવા નવા ઉત્પાદનો, વસ્તુની માહિતી તમને કઇ રીતે મળે છે ?

૩. હાલમાં લોકપ્રિય હોય તેવી ફેશન વિશે તમને કઈ રીતે માહિતી મળે છે ?

૪. દેશની વિવિધ પ્રસિધ્ધ વ્યક્તિના વિચારો વિશે તમને કઇ રીતે માહિતી મળે છે ?

આપેલા પ્રશ્નો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો અને જવાબો નોટબુકમાં લખવા કહો.

ક્યા પ્રસાર માધ્યમો વધારે વાપરવામાં આવે છે તે વિશે ચર્ચા કરો. દા.ત. તેઓ વર્તમાનપત્રો વાંચે છે કે ?

**માધ્યમો વિશે થોડો વિચાર કરીએ.**

માહિતી અને પ્રસાર માધ્યમો માત્ર માહિતી પૂરી પાડવાનું કામ કરે છે કે ?




૧. વર્તમાનપત્રોમાં સમાચાર સિવાય બીજું શું શું છાપેલું હોય છે ? વર્તમાનપત્રના અગ્રલેખમાં શું આપેલું હોય છે ?

૨. ટી.વી. પર મનોરંજનના કાર્યક્રમ સિવાય બીજા ક્યા ક્યા કાર્યક્રમો દર્શાવવામાં આવે છે ?

૩. સિનેમાની શરૂઆતમાં પ્રાયોજક શીર્ષક નીચે કેટલાક નામો આપેલા હોય છે. તેમનું ચોક્કસ કામ અને તે કામનું શું મહત્ત્વ છે.

૪. તમે ક્યારેય એક જ સમાચાર વિવિધ ન્યુઝ ચેનલ્સ પર જોયા છે કે ? તે સમાચાર સમાન પધ્ધતિથી બતાવવામાં આવે છે કે જુદી જુદી પધ્ધતિથી દર્શાવવામાં આવે છે.

વિદ્યાર્થીઓ સાથે આપેલા પ્રશ્નો વિશે ચર્ચા કરો. નોટબુકમાં લખવા કહો. માધ્યમો આપણાં સુધી માત્ર માહિતી જ નથી પહોંચાડતા; વિશિષ્ટ સંદેશ પહોંચાડે છે – તેની વિદ્યાર્થીઓને જાણ કરવી.

### થોડી ગમ્મત કરીએ.

**તમે કઈ રીતે પસંદ કરો છો ?**

૧. તમારા ઘરે કયા સાબુ, પેસ્ટ, તેલ, ક્રીમ લાવવામાં આવે છે ?

૨. તમને કયા પ્રકારના કપડાં પહેરવા સ્ટાઈલિશ લાગે છે ?

૩. સરસ દેખાવા માટે તમારી પાસે કઈ કઈ વસ્તુઓ હોવી જોઈએ એવું તમને લાગે છે ?

૪. એક તરૂણ છોકરા/છોકરીમાં કયા કયા ગુણ હોવા આવશ્યક છે એવું તમને લાગે છે?

વિદ્યાર્થીઓને આપેલા પ્રશ્નો પૂછીને પોતાના જવાબ લખવા કહો. કોઈની ઇચ્છા હોય તો આગળ આવી જવાબ આપવા કહો. આપણી પસંદગી પર જાહેરાતો, પ્રસાર માધ્યમોનો ખૂબ પ્રભાવ હોય છે તે તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરો.

**ઉપરની દરેક બાબતોની જાણ તમને કઈ રીતે થઈ ? તે તમે ક્યાં જોઈ ? તે જ વસ્તુ શા માટે / કઈ રીતે પસંદ કરી ? આપણે તેવા જ હોવું જોઈએ તે તમે કઇ રીતે નક્કી કર્યું ?**

**માધ્યમોનો પ્રભાવ**



આપણાં પર જાણતાં-અજાણતાં વિવિધ માહિતી અને પ્રસાર માધ્યમોનો ખૂબ પ્રભાવ પડે છે. જાહેરાતમાં દર્શાવેલી વસ્તુઓ આપણને લેવાની ઈચ્છા થાય છે. વર્તમાનપત્રના અગ્રલેખ, ટી.વી.પર દર્શાવેલા સમાચારો અને વિચારોથી આપણે ખૂબ પ્રભાવિત થઈએ છીએ. સિનેમામાં દર્શાવેલા અભિનેતા-અભિનેત્રીના કપડાંની, વ્યવહારની આપણે જાણતાં-અજાણતાં નકલ કરીએ છીએ. જો આપણે તે વિશે જાગૃત ન રહીએ અને આ પ્રભાવ મર્યાદા ઓળંગી જાય તો આપણે અજાણતાં જ આપણા બધાં મહત્ત્વના નિર્ણયો બીજાની ઈચ્છા અનુસાર લઈએ છીએ અને આપણાં જીવનના સૂત્રો આપણાં હાથમાંથી છૂટી જાય છે.

**આપણાં પર માધ્યમોનું થતું પરિણામ**

**૧. હિણપતની ભાવના નિર્માણ થવી.**

### થોડી ગમ્મત કરીએ.

તમારા માતા-પિતાને, દાદા દાદીને નીચેના પ્રશ્નો પૂછો -

૧. તેઓ વાળમાંના ખોડા માટે કયો શેમ્પુ વાપરતા ?

૨. તેઓ કયું કંડિશનર વાપરતા?

૩. તેમના ટૂથપેસ્ટમાં ચોક્કસ પણે કયા કયા ઘટકો હતા ?

૪. તેમને ક્યારેય કાળાપણું, ચહેરા પરના ખીલ-ગુમડા માટે લઘુતા ગ્રંથિ અનુભવાતી કે?

વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો કે બાજુમાં આપેલી સમસ્યા મહત્ત્વની છે એવું તમને લાગે છે કે ?

જો હા તો શા માટે ?

નીચેની જાહેરખબર વાંચો અને તેમાંથી શું સંદેશ આપવામાં આવ્યો છે તે - કહો.

૧. એક છોકરો સામાન્ય કપડાં પહેરે ત્યારે તે ગુંડાઓનો સામનો કરી શકતો નથી. પણ તે જ જ્યારે 'અબક' કંપનીના કપડાં પહેરે છે, ત્યારે તેનામાં ગુંડાનો સામનો કરવાની હિંમત આવે છે.

૨. એક છોકરો ઠંડા પીણાં નથી પીતો ત્યારે તેની સામે કોઈ જોતું નથી. પરંતુ જ્યારે તે 'કખગ' ઠંડું પીણું પીએ છે ત્યારે બધાં તેના મિત્ર બને છે.

૩. એક કુટુંબ પાસે જ્યારે નાની ગાડી હતી, ત્યારે કોલોનીમાં કોઈ જ તેમને મહત્ત્વ આપતું ન હતું. પરંતુ તેમની પાસે મોંઘી અને મોટી ગાડી આવતાં જ લોકોની ભીડ જામે છે.

આપેલી જાહેરખબરો દ્વારા તમારા સુધી ક્યો સંદેશ પહોંચાડવામાં આવ્યો છે તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો. હિંમત હોવી, મિત્ર બનાવવા, ઓળખાણ વધારવી એ એકાદ ઉત્પાદન વેંચાતું લઈને/વાપરીને સાધ્ય કરી શકાય કે ?

**થોડી ગમ્મત કરીએ.**



વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો કે સાદી વસ્તુઓની જાહેરખબર કરતી વખતે તેમને શું અનુભવ થયો ?

વિદ્યાર્થીઓના જૂથ પાડો. તેમને સેફ્ટી પીન, દાંતિયા, શાકભાજી, ફળો વગેરેની જાહેરખબર તૈયાર કરવા કહેવું. તેનું પ્રસ્તુતિકરણ કરવું.

**સમજી લો.**

ઘણીવાર જાહેરખબરના માધ્યમથી આપણું જીવન કઈ રીતે નિકૃષ્ટ દરજ્જાનું છે, આપણામાં શું ઉણપો છે તે જ ઠસાવવામાં આવે છે. તેથી આપણને જરૂર ન હોય તેવી વસ્તુઓ પણ વેંચાતી લેવાનું મન થાય છે. તેમજ આ બિન જરૂરી વસ્તુઓ નિર્માણ કરવા માટે ખૂબ નૈસર્ગિક સંસાધનો ખર્ચાઈ જાય છે. જરૂર ન હોય તેવી વસ્તુઓ વેંચાતી લેવાથી નિસર્ગ પર તેનું શું પરિણામ થાય છે તે ઈન્ટરનેટની મદદથી જાણો.

તેથી કોઈ પણ નવી વસ્તુ વેંચાતી લેતાં પહેલાં પોતાને નીચેના પ્રશ્નો પૂછવાં -

૧. આપણને ખરેખર આ વસ્તુની જરૂર છે કે ?
૨. આ વસ્તુ વેંચાતી ન લઈએ તો આપણને કોઈ તકલીફ થશે કે ?
૩. આ ઉત્પાદનને કારણે નિસર્ગનો હ્રાસ તો નહીં થાય ને ? તેવું થતું હોય તો આ ઉત્પાદન માટે કોઈ બીજો પર્યાય છે કે ?
૪. આપણે આ ઉત્પાદનની જાહેરખબર જોઇને તો તે વેંચાતી લેતાં નથી ને ?

વિદ્યાર્થીઓને 'સ્ટોરી ઓફ સ્ટફ' ફિલ્મ દેખાડી તે વિશે ચર્ચા કરો.

આપણે શું કરી શકીએ તે વિશે ચર્ચા કરવા કહો.

### થોડી ગમ્મત કરીએ.

''ફી વધારાનું પરિણામ : અભિયાંત્રિકી /એંજિનિયર શાખાની સીટો ખાલી.''

''કલા અને વાણિજ્ય શાખા તરફ બાળકોનો ધસારો, અભિયાંત્રિક શાખાને દેખાડી પીઠ.''

''અભિયાંત્રિકી મહાવિદ્યાલયોમાં પ્રવેશ ઓછા થયા.''

એક જ ઘટના વિશેના આ સમાચારોની તુલના કરો.

ચર્ચા કરો -

૧. આપેલા સમાચારોમાં શું તફાવત જોવા મળે છે ?
૨. આપેલા સમાચારોનું તે વિશિષ્ટ સમાચાર વાંચનાર પર શું પરિણામ થાય છે ?

## ૨. આપણાં સુધી પહોંચતાં સમાચારો

### કરી જુઓ.

ત્રણ-ચાર જુદાં જુદાં વર્તમાનપત્રોમાં એક સમાચાર સંબંધી વાર્તાંકન/અગ્રલેખ વાંચો. તેમાં કોઇ તફાવત જણાય છે કે તેની નોંધ કરો.

વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો -

૧. વાર્તાંકનમાં/અગ્રલેખમાં કંઈ તફાવત જણાયો કે ?
૨. જો હા તો કઈ રીતનો તફાવત જોવા મળ્યો ?
૩. તે તફાવતને કારણે વાંચક પર શું પરિણામ થશે એવું તમને લાગે છે ?

**સમજી લો.**

ભારતમાં દૂરદર્શનની જેમ જ સમાચાર આપતી અન્ય ખાનગી ચેનલો, ખાનગી માલિકીના વર્તમાનપત્રો, માસિકો, પાક્ષિકો પણ પ્રકાશિત થતાં હોય છે. જેમાં તેઓ તેમને ઉપલબ્ધ હોય તેવા માધ્યમો દ્વારા પોતાની રાજકીય, સામાજિક, ભૂમિકા અથવા આર્થિક હિતસંબંધ રજૂ કરે છે. માત્ર માધ્યમો દ્વારા રજૂ થતી માહિતી પર વિશ્વાસ ન મૂકતાં વસ્તુનિષ્ઠપણે એકાદ સમાચારનું વિશ્લેષણ કરી તેનો અર્થ તારવતા આપણને આવડવું જોઇએ.

## ૩. પુરૂષોની છબી

### થોડી ગમ્મત કરીએ.

આપેલા મુદ્દા વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો. જો કોઈ વિદ્યાર્થી આગળ આવી પોતાના અનુભવ કહેવા ઈચ્છે તો તેમને તક આપવી આગ્રહ કરવો નહીં. વિદ્યાર્થીઓ પોતપોતાની નોટબુકમાં લખશે તો પણ ચાલશે.

તમે અત્યાર સુધીમાં જોયું હોય તે ચલચિત્ર યાદ કરો અને તેના નાયકને (હીરો) યાદ કરો. તમને ફિલ્મના નાયક જેવું થવાનું મન થાય છે કે ? તમે ક્યારેય કોઈ હીરોની જેમ વર્તવાનો, તેની નકલ કરવાનો પ્રયત્ન કર્યો છે કે ? તમને કોઈ હીરોની કઈ બાબતની નકલ કરવી ગમે છે ?

ફિલ્મના હીરો સામાન્ય રીતે નીચેનામાંથી શું-શું કરે છે તેના પર નિશાની કરો -



૧. સિગારેટ પીવી.

૨. દારૂ પીવો.

૩. નશીલા પદાર્થોનું સેવન કરવું.

૪. મારામારી કરવી.

૫. છોકરીઓનું ધ્યાન આકર્ષિત કરવાનો પ્રયત્ન કરવો.

૬. ખૂબ ઝડપથી ગાડી ચલાવવી.

૭. જીવ જોખમમાં મૂકીને સ્ટંટ કરવા.

૮. વાહનવ્યવહારના નિયમોનો ભંગ કરવો.

૯. મોંઘા કપડાં, ગોગલ્સ, ઘડિયાળ પહેરવા.

૧૦. અન્ય.

૧. વિદ્યાર્થીઓને તેમની નોટબુકમાં નિશાની કરેલા મુદ્દા લખવા કહેવું.
૨. વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો કે સિનેમામાં હીરો આ બધી બાબતો શા માટે કરતો હશે ?
૩. આવું કંઈ જ ન કરનાર હીરો તેમને ગમશે કે ? શા માટે ?

**સમજી લો.**

આપણી સામે હીરોની સામર્થ્યવાન, વર્ચસ્વ જમાવનાર, બેધડક, બીજાની ભાવનાઓની પરવા ન કરનાર, જેની પાસે બધી સમસ્યાઓનો ઉપાય છે, જે ક્યારેય નિષ્ફળ થતો નથી એવી છબી ઊભી કરવામાં આવે છે. આ છબી તરૂણોને ગમે છે, સ્વીકારવા જેવી લાગે છે. આ છબી નિર્માણ કરવા માટે માદક પદાર્થ, સિગારેટ પીવી, નિયમ તોડવા જેવી બધી કૃતિનો સમાવેશ હોય છે. તેમ જ હીરોને હંમેશા ઈચ્છે તે બધું મળે જ છે એવું ચિત્ર નિર્માણ કરવામાં આવે છે.

**થોડી ગમ્મત કરીએ.**

નીચે આપેલી જાહેરખબર વાંચો :

૧. ‘પફબ’ બાઈક્સ, ઉનકે લિયે, જિન્હે ડર નહીં લગતા.’

૨. ‘ટઠડ’ ઘડિયાં.... ખૂબ જમેગા ઈમ્પ્રેશન !

૩. ‘અબક’ ... સિર્ફ હોંશિયાર બચ્ચોં કે લિયે !

તમે જોયેલી આવી બીજી જાહેરખબરોની યાદી તૈયાર કરો.

વિદ્યાર્થીઓ સાથે નીચેના મુદ્દાઓના આધારે ચર્ચા કરો –
૧. દરેક જાહેરખબરમાં શું સૂચવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે ?
૨. જોનારાઓ પર આ જાહેરખબરનું શું પરિણામ થતું હશે ?
૩. આ જાહેરખબરમાં કહેલી બાબતો સાચી હોય છે કે ?
૪. તમને આવી કઈ કઈ જાહેરખબરો વિશે માહિતી છે ?

## વિચાર કરો.

આપણાં દેશમાં અનેક ખ્યાતનામ સ્ત્રી-પુરૂષો થઇ ગયા. તેઓ ફક્ત સામર્થ્યવાન જ નહીં, પણ ન્યાયનો પક્ષ લેનાર, લોકોનું રક્ષણ કરનાર હતા. તો પછી શક્તિશાળી, સક્ષમ સ્ત્રી/પુરૂષ બનાવવા માટે વિવિધ માધ્યમોમાં દર્શાવેલી બાબતો કરવાની ખરેખર જરૂર છે કે ?

તમારા મતે એકાદ આદર્શ સ્ત્રી-પુરૂષોના ગુણ-વિશિષ્ટતા વિશે વિચાર કરીને લખો.

## ૪. સ્ત્રીઓની છબી



તમે જોયેલ ચલચિત્ર, દૂરદર્શન પરની ધારાવાહિક યાદ કરો. તેની નાયિકાની (હિરોઈન)ની છબી નીચેનામાંથી ક્યા પ્રકારે દેખાડી છે એવું તમને લાગે છે ?

૧. ગીત ગાવા.

૨. નૃત્ય કરવા.

૩. સતત સરસ દેખાવું, સતત મોંઘા કપડાં, બૂટ, દાગીના પહેરીને ફરવું.

૪. સંકટમાં સપડાવું, નાયક દ્વારા સંરક્ષણ.

૫. ધારાવાહિકોમાં અન્ય સ્ત્રીઓ વિરુધ્ધ ષડ્યંત્ર કરવા.

૬. કુટુંબના પુરૂષો (પિતા, ભાઈ)ના કહેવા પ્રમાણે વર્તવું.

૭. મુશ્કેલ પરિસ્થિતિઓને માત આપી સફળતાના શિખરે પહોંચવું.

૮. અન્ય (લખો).

૧. વિદ્યાર્થીઓને નોટબુકમાં મુદ્દા લખવા કહો.

૨. આની પહેલા લખેલા નાયક-નાયિકાના કાર્યોની તુલના કરો. તમને શું જણાય છે ?

૩. ચલચિત્ર અને ધારાવાહિકો દ્વારા સ્ત્રીઓ વિશે શું સંદેશ આપવામાં આવે છે ?

ચર્ચા કરો - સ્ત્રીઓ ખરેખર આવી હોય છે કે ? સ્ત્રીઓની આવી છબી દેખાડવાથી જોનારાઓના મન પર શું પરિણામ થાય છે.

**સમજી લો.**

સદીઓથી ચાલી આવતી માન્યતા પ્રમાણે સ્ત્રીઓને કનિષ્ઠ અને અબળા માનવામાં આવે છે. એક બાજુ  સ્ત્રીઓને મત નથી અને ન હોવો જોઈએ, તેને સતત પુરૂષોના આધારની જરૂર હોય છે. જ્યારે બીજી તરફ સ્ત્રીઓની કપટ, ષડ્યંત્ર કરનારની છબી દેખાય છે.

## વિચાર કરો.

૧. સિનેમાની નાયિકાઓ ઘણીવાર ટૂંકા કપડાં પહેરેલી જોવા મળે છે.

૨. જાહેરખબરમાં એવું દર્શાવવામાં આવે છે કે સ્ત્રીઓ ગોરી હોય તો જ તેમના લગ્ન થશે.

૩. સ્ત્રીઓના ચહેરા પર, શરીર પર થોડાં પણ ડાઘ હોય તો તેમના માટે જીવન મરણનો પ્રશ્ન હોય એવું આપણને જાહેરખબર જોઇને લાગે છે.

૪. વજન ઓછું કરવાની જાહેરખબરમાં મોટે ભાગે સ્ત્રીઓને લક્ષ્ય કરવામાં આવે છે.

તમે જોયેલી આવી જાહેરખબરોની યાદી તૈયાર કરો.

વિદ્યાર્થીઓ સાથે નીચેના મુદ્દાઓના આધારે ચર્ચા કરો –

૧. આપેલા બધાં મુદ્દાઓ દ્વારા જાહેરખબરમાં શું સૂચવવામાં આવે છે ?

૨. જોનારાઓ પર આ જાહેરખબરનું શું પરિણામ થતું હશે ?

૩. આ જાહેરખબરોમાં કહેલી બાબતો સાચી હોય છે કે ?

૪. તમે આવી કઈ કઈ જાહેરખબર વિશે જાણો છો ?

**સમજી લો.**

નાયિકા તરીકે સ્ત્રીને ગોરી, સુંદર, સડપાતળ અને ઊંચી દર્શાવવામાં આવે છે. તે નાયક પર આધારિત હોય છે, તે સુંદર ન હોય તો જીવનમાં કંઇ જ મેળવી નહીં શકે, તે ખૂબ જ ભાવનાશીલ, નાજુક, હળવી હોય તો જ નાયકને ગમે છે એવું જણાય છે. તેથી સારું દેખાવું એ જ સ્ત્રીનું પ્રમુખ કામ છે, તે કેવી દેખાય છે, તેનાથી જ સમાજમાં તેનું સ્થાન અને મહત્ત્વ નક્કી થાય છે એવી ગેરસમજણ યુવાન છોકરીઓમાં ફેલાય છે.

## ૫. સુંદર હોવું અને સુંદર દેખાવું.




ઉપર આપેલાં બંને માર્ગો વિશે ચર્ચા કરો.

### કિશોરવયના બાળકો અને માધ્યમોનું પરિણામ

પાછલા વર્ષે આપણે ભણ્યાં કે કિશોર વયનું મગજ કેટલીક બાબતોમાં વિશિષ્ટ હોય છે. તેની મહત્ત્વપૂર્ણ બાબતો નીચે મુજબ છે –

૧. કિશોરવયમાં ભાવનિક મગજનો વિકાસ થયેલો હોય છે પણ સારાસારનો વિચાર કરનાર ભાગ હજી વિકાસશીલ હોય છે. તેથી કિશોરવયના વિદ્યાર્થીઓની ભાવના તીવ્ર હોય છે. તેમને નજીકમાં થનાર ફાયદા તરત જ અને મોટા જણાય છે પણ દીર્ઘકાલિન નુકશાન દેખાતું નથી.

૨. તેથી તેઓ જોખમી કૃતિ કરવા માટે સહજતાથી તૈયાર થાય છે.

૩. તેમનું સ્વનિયંત્રણનું કેન્દ્ર પૂર્ણપણે વિકસિત થયું ન હોવાને કારણે તેઓ પોતાના મન પર કાબૂ રાખી શકતા નથી અને ભાવનાઓમાં વહી જાય છે.

વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો – તેમના વર્તનમાં બાજુમાં આપેલા કિશોર વયના મગજની વિશિષ્ટતા જણાય છે કે ?

કિશોરવયના છોકરા છોકરીઓને કઈ રીતે વધુ જોખમ હોય છે તે આપણે ટૂંકમાં જોઈએ.

**વ્યસનોનું ઉદાત્તીકરણ :** ચલચિત્ર, ધારાવાહિક, જાહેરખબરમાં દર્શાવાતા વ્યસનોના ઉદાત્તીકરણને કારણે કિશોરવયના છોકરા છોકરીઓની વ્યસન તરફ વળવાની શક્યતા મોટા પ્રમાણમાં હોય છે. તે માટે આપણે પ્રથમ વ્યસન વિશે સમજીએ.



## વ્યસન/આસક્તિ (વ્યસનાધીનતા)

એકાદ આદતના ગુલામ બનવું અથવા તે પદાર્થના સેવનની એટલી આદત પડવી કે તેના સિવાય જીવવું અશક્ય લાગે એવી સ્થિતિને 'વ્યસન થવું' એમ કહે છે.

### ૧. વ્યસનનું શારીરિક દુષ્પરિણામ

મોં મા તમાકુ રાખવું, ચગળવું, પાનમસાલા, ગુટખા અને ધૂમ્રપાનના દુષ્પરિણામ



### ૨. માદક પદાર્થોનું શરીર પર થતું દુષ્પરિણામ

ઊંઘ લાવનાર દવાના/માદક પદાર્થોના સેવનના પરિણામ નીચેના ચિત્રમાં દર્શાવ્યા છે. તમારી નોટબુકમાં માનવ શરીરની આકૃતિ દોરો. આકૃતિની બાજુમાં દર્શાવેલા પરિણામ ક્યા અવયવ પર થશે તે આકૃતિમાં દર્શાવો.

ઉલટીઓ થવી.

ફેફસાનું કેન્સર

પેટમાં દુખવું.

અતિસાર (જુલાબ)

એક વાર વાપરેલી સોયને કારણે એડ્સની શક્યતા



મગજને હાનિ (મગજનો વિકાર)

શ્વસનની સમસ્યા

હૃદય વિકાર

આંતરડા અને મૂત્રાશયના વિકાર

કબજિયાત

મદ્યપાન કરીને વાહન ચલાવવાથી અકસ્માતની શક્યતા.

## ૩. સ્વવિકાસી કે સ્વવિનાશી ?




**ઉપર આપેલા બંને માર્ગો વિશે ચર્ચા કરો.**

## ૪. વ્યસન થવાની પ્રક્રિયા

- ગમ્મત તરીકે વ્યસન કરવું. વ્યસન પર આપણું નિયંત્રણ છે એવું લાગવું.
- વ્યસન પરનું અવલંબન વધવું.
- નૈસર્ગિક રીતે આનંદિત રહેવાની મગજની ક્ષમતા ઓછી થવી.
- આનંદિત રહેવા માટે વ્યસન જરૂરી લાગવા.
- વ્યક્તિ વ્યસનની ગુલામ બનવી.

આનંદ મેળવવો એ માણસની નૈસર્ગિક પ્રવૃત્તિ છે. વ્યસન કરવાથી મગજની નૈસર્ગિક પ્રવૃત્તિ ઓછી થાય છે અને માણસને આનંદિત રહેવા માટે માદક પદાર્થોની જરૂર પડે છે. વ્યસન એ એક રોગ છે.

### વિચાર કરો.

- હાલમાં સ્ત્રી-પુરુષોમાં તમાકુ, સિગારેટ, દારૂ, માદક ઔષધોના વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે. એક સર્વેક્ષણ અનુસાર ભારતમાં છેલ્લા ૧૦ વર્ષમાં થયેલ આત્મહત્યાના કારણોમાં ગરીબી, દેવું, દહેજ કરતા વ્યસનને કારણે થયેલ આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે.
- વ્યસન કરનાર વ્યક્તિને વ્યસન પાછળનો દરરોજનો ખર્ચ આશરે ૬૦ રૂપિયા એટલે કે વર્ષનો ૨૧,૯૦૦ રૂપિયા છે. આ પૈસા શિક્ષણ માટે, ઘરની જરૂરિયાતો માટે અથવા અન્ય સારા કામો માટે વાપરી શકાય.
- કોઈ વ્યક્તિને ૧૪ થી ૧૮ વર્ષની વયમાં માદક પદાર્થના સેવનની આદત પડે તો, તે વ્યક્તિની વ્યસની થવાની શક્યતા ૬૦% છે. જ્યારે બીજી તરફ દુનિયામાં વ્યસનમુક્તિનું પ્રમાણ ૫-૬% જેટલું ઓછું હોવાથી માદક પદાર્થોની બાબતમાં ઉપચાર કરતાં પ્રતિબંધ જ વધુ યોગ્ય ઠરે છે. એટલે કે માદક પદાર્થને પહેલી વાર જ ન ચાખવું તે સૌથી ઉત્તમ.

### ૫. 'ના' પાડવાની કલા

વ્યસન કરનાર લોકોના આગ્રહને 'ના' પાડતાં શીખો.

**મિત્રના દબાણને ના પાડવી.**

- આંખમાં આંખ મિલાવીને ના પાડો
- ગભરાઓ નહીં. તમે કંઈ ખોટું કરી રહ્યા નથી.
- તમારા મત અંગે બીજાને સમજાવવાની કોશિશ ન કરો. તે તમારી જવાબદારી નથી.
- તમે મિત્રતાને ના નથી પાડી રહ્યા, માત્ર તે કૃતિને ના પાડો છો.
- એકાદ પ્રસંગે જો ખૂબ વિવાદ વધી જાય તો તે સમયે ત્યાંથી નીકળી જાઓ.
- તમારા સાચા મિત્ર તમને ચોક્કસ સમજશે.
- તમે ના પાડો તે છતાં જો તમારા મિત્રો તમને વારંવાર બળજબરી કરતાં હોય તો તેમની સંગત છોડો. તમને આવા મિત્રોની જરૂર નથી.

### ૬. વ્યસનના ઉપાય

તમે અથવા તમારું પરિચિત કોઈ વ્યસનનો ભોગ બન્યા હો તો -

- વ્યસનમુક્તિ કેન્દ્રની મુલાકાત લો.
- વ્યસની વ્યક્તિને એકલા ન રહેવા દો. તેને માનસિક આધાર આપો.
- વિશેષજ્ઞોની મદદ લો.
- શોખમાં મન કેળવો.
- વ્યસની મિત્રોની સંગત ટાળો.

તમારા આરોગ્યની સુરક્ષિતતાની, જીવનની જવાબદારી તમારી જ છે.

તમને અથવા તમે ઓળખતા હો તેવી વ્યક્તિને વ્યસનથી મુક્તિ મેળવવા માટે મદદની જરૂર છે કે ? નીચેના નિઃશુલ્ક ટેલિફોન નંબર પર ફોન કરો.

૧૮૦૦-૧૧-૦૦૩૧

સમય

સવારે ૯.૩૦ થી સાંજે ૬.૦૦

(રવિવાર છોડીને)

ભારત સરકાર તરફથી આ મદદ સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

**કરી જુઓ.**

વર્ગના બાળકોના ૪-૪ ના જૂથ પાડો. વ્યસની વ્યક્તિના લક્ષણોની, આદતોની વિશિષ્ટતા એકબીજાને કહો. તેમ જ તે વ્યસની વ્યક્તિને કારણે તેમની અને કુટુંબીજનોની સામાજિક-આર્થિક પરિસ્થિતિ પર અને ભાવનિક સ્થિતિ પર શું પરિણામ થયું તેની ચર્ચા કરો. તેને સંબંધિત પોસ્ટર તૈયાર કરો.

**સફળતાપૂર્વક માધ્યમોના પ્રભાવને નિયંત્રિત કરવો.**

## ૧. સમજો.

તમારા પર થતા માધ્યમોના પ્રભાવ વિશે જાગૃત રહો. તે બરાબર સમજી લો.

## ૨. ઓળખો.

તમારા પર માધ્યમોનો કેટલો, કેવો પ્રભાવ થાય છે તે વિશે વિચાર કરીને તે ઓળખતા શીખો. તમને કોઈ માદક પદાર્થની ટેવ પડી છે કે ? તમારા મિત્રને આવી કોઈ ટેવ છે કે ?

## ૩. આહ્‌વાન આપો.

તમને કોઈ પદાર્થની ટેવ પડી હોય તો આ પ્રકરણમાં આપેલ માર્ગનો આધાર લઈ જુઓ.

## ૪. અમલ કરો.

તમે નક્કી કરેલ ફેરફારને અમલમાં મૂકો. તેમાં સફળ ન થાઓ તો તેના પર ફરીથી વિચાર કરો. વાલીની, વિશેષજ્ઞની મદદ લો.

**મૂલ્યમાપન (ભારાંશ ૧૫%)**

| માપદંડ | ઉત્તમ<br>ખૂબ સરસ | યોગ્ય<br>(સંતોષજનક) | અયોગ્ય<br>(અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| નવી વસ્તુ વેંચાતી લેવી | આપણે કોઈ નવી વસ્તુ વેંચાતી લઈએ ત્યારે તેમાંની કેટલી અનાવશ્યક છે, તેની પ્રામાણિકપણે યાદી તૈયાર કરી. તેને ઓછું કરવાનું નિયોજન કર્યું. | ફક્ત યાદી તૈયાર કરી. અનાવશ્યક બાબતો જુદી તારવી નહીં. | યાદી કરી નહીં. | |
| તમારી પસંદ વિશે લખવું | આપેલા પાંચ પ્રશ્નોના વિચારીને જવાબ આપ્યા. | આપેલા પાંચ પ્રશ્નોના જવાબ અંદાજે આપ્યા. | જવાબોની નકલ કરી/ અરધું પરધું કામ કર્યું. | |
| વ્યસની વ્યક્તિ વિશેની ચર્ચા | ચર્ચામાં સક્રિય સહભાગ લીધો. પાઠની માહિતીના આધારે ચર્ચા કરી. | ચર્ચામાં સહભાગ લીધો. | સહભાગ લીધો નહીં. | |

F7KUTH



દશ્યકલાનો વર્ગ પૂરો થયો.
અરે આ શું સર... મેં એકદમ સામે જ હોય તેવું આબેહૂબ ચિત્ર દોર્યું અને લોબોએ માત્ર ત્રિકોણ દોર્યું તો પણ તમે બંનેને 'ઉત્તમ'ની નોંધ આપી.
કારણ કે મને બંને ચિત્રો ગમ્યા છે.
પણ વર્ગમાં તો બધાંએ કહ્યું કે મારું ચિત્ર સૌથી સુંદર છે. તેનું ચિત્ર ભૂલભરેલું છે.
અરે, કલામાં ભૂલ કે બરાબર એવું કંઇ હોતું નથી... તમને એક બાબત ગમે છે કે નહીં તેટલું જ !
પણ તેણે માત્ર ત્રિકોણજ દોર્યું છે.
મને લાગે છે કે હવે તને ચિત્રકલાની વિવિધ શૈલીઓ શીખવવી જ જોઈએ.

# ૩ હું અને દશ્યકલા

''કલાકાર ક્યારેય અસફળ હોઈ શકે નહીં.
પોતાનામાં કલાકાર હોવો એજ સફળતા છે.''



**ઉદ્દેશો :**

૧. વિદ્યાર્થીઓ પોતાના શબ્દોમાં કલાનું મહત્ત્વ કહી શકે.
૨. દશ્ય કલાના કેટલાક પ્રવાહોના નામ, તેમના પ્રસિધ્ધ કલાકાર અને શૈલીની વિશિષ્ટતા પોતાના શબ્દોમાં કહી શકે.
૩. કેટલાક નવા કલાપ્રકારોનો પરિચય કરી તેમના માધ્યમથી નવનિર્મિતિ કરવી.
૪. કલા વિશે અને માનવ જીવનમાં તેના સ્થાન વિશે વિચાર કરવો.

**થોડી ગમ્મત કરીએ.**

તમારા નામનો પહેલો અક્ષર લો. તે અક્ષરમાંથી તમે એકાદ પ્રાણી, પક્ષી, આકાર અથવા વસ્તુ દોરી શકશો કે ? અથવા તે અક્ષરમાં નકશીકામ (ડિઝાઈન) કરી શકશો કે ? નીચે આપેલા નમૂના જુઓ.

વિદ્યાર્થીને ગમે તે અક્ષરથી શરૂ કરવા દેવું. કલ્પનાને પ્રોત્સાહન આપવું.



ગયા વર્ષે આપણે દશ્ય કલા વિશે થોડી માહિતી મેળવી. આ વર્ષે આપણે દશ્ય કલાનું મહત્ત્વ, તેના પ્રવાહ અને તેમાં રહેલી કેરિયરની શક્યતા વિશે માહિતી મેળવીશું.

### કલાનું મહત્ત્વ

**''તમારી પાસે બે રૂપિયા હોય તો એકથી અન્ન વેંચાતું લો અને બીજો કલાપર ખર્ચ કરો. અન્ન તમને જીવાડી શકશે પણ શા માટે જીવવું એ કલા જ તમને શીખવી શકશે.''** આ સુવિચાર દ્વારા માનવ જીવનમાં કલાનું અનન્ય મહત્ત્વ અધોરેખિત થાય છે.

કલા, આપણાં જીવનને અનેક સ્તરે સમૃધ્ધ કરે છે.

- જે ભાવના, જે વિચાર શબ્દોથી કહી શકાતા નથી, રજૂ કરી શકાતા નથી, તે ઘણીવાર કલા દ્વારા રજૂ કરવા, વ્યક્ત કરવા વધુ સરળ અને અસરકારક હોય છે.

* કલાના માધ્યમથી આપણે સુંદર વસ્તુ **દા.ત.શોભાની વસ્તુ, ફૂલદાની, સુંદર કલાકૃતિ (ચિત્ર, શિલ્પ), સુંદર અનુભવનું (દા.ત.ચલચિત્ર) નિર્માણ કરી શકીએ છીએ.** જેનાથી આપણું જીવન આનંદિત, સમૃધ્ધ થાય છે.
* કોઈ સામાજિક સંદેશ આપવા માટે દશ્યકલાનો ખૂબ પ્રભાવી ઉપયોગ કરી શકાય છે. દા.ત.ખાલી ભાષણો કરતાં કોઈ સંવેદનશીલ ચલચિત્ર અથવા ફોટો લોકોના મનને તરત જ આકર્ષિત કરે છે.
* લોકોને પ્રેરિત કરવા માટે પણ દશ્ય કલાનો ખૂબ પ્રભાવી ઉપયોગ થાય છે. મહાન પુરૂષો પરના, સાહસિક કાર્યો પરના ચલચિત્રો, શિલ્પ, ચિત્રો લોકોને પહેલેથી પ્રેરણા આપતાં આવ્યા છે.



* જૂના કાળની કલાકૃતિનો અભ્યાસ કરતાં આપણને તે કાળના સમાજ જીવનને સમજવામાં મદદ મળે છે. આપણી પાસેના પુરાતન વાસ્તુ પરના ચિત્ર, શિલ્પ, ઉત્ખનન દરમ્યાન મળેલા વાસણો, રમકડાં, શિલાલેખ વગેરે બાબતો એક રીતે જૂના કાળની સાક્ષી જ આપે છે.
* કલાના માધ્યમથી લોકો નજીક આવે છે અને એકબીજા માટે આદર વધે છે. જ્યારે આપણે અન્ય પ્રાંતની, દેશની કલા જોઈએ છીએ, સાંભળીએ છીએ ત્યારે તેમની સંસ્કૃતિ માટે, લોકો માટે આપણાં મનમાં આદર, પ્રેમ, સહભાવના નિર્માણ થાય છે. જ્યારે આપણે અન્ય દેશોના ચિત્ર, શિલ્પ, સંગીત, ખાદ્યપદાર્થોનો અનુભવ કરીએ છીએ. ત્યારે આપણો તેની સાથે નાતો જોડાય છે.
* કલાનો આસ્વાદ લેવાની વૃત્તિ ધરાવનારના મનમાં અજાણતાં જ જગતમાં સૌંદર્ય શોધવાની વૃત્તિ નિર્માણ થાય છે. કલાનો આદર કરનારા લોકો વધુ શાંતિપ્રિય, અહિંસક અને વધુ સમાયોજન કરનારા હોવાની શક્યતા હોય છે.
* એવું કહેવાય છે કે જગતની સૌથી ઉત્તમ કલા નિસર્ગમાં જોવા મળે છે. નિસર્ગમાંના રંગ, આકાર, નક્ષી, અવાજ માનવને પ્રેરણા દેતા રહ્યા છે અને માનવી કલાકૃતિમાં કેટલીક વાર તેની ઝલક જોવા મળે છે. ટૂંકમાં કલા સાથે જોડાવું એટલે નિસર્ગ સાથે જોડાવું.



* જ્યારે આપણે કોઈ કલાકૃતિનું નિર્માણ કરીએ છીએ અથવા કોઈ કલાકૃતિનો આસ્વાદ લઈએ છીએ, ત્યારે આપણી જાણ બહાર જ આપણને શું ગમે છે અને શું નથી ગમતું તે સમજાવા લાગે છે. એટલે કે કલા દ્વારા આપણે પોતાને પણ વધુ સારી રીતે સમજી શકીએ છીએ.

• કળાનું માનવજીવનમાં એટલું મહત્ત્વ છે કે કલા વિના માનવનું જીવન પ્રાણીઓના જીવન જેવું જ ઠરશે. પરિપૂર્ણ, સમૃધ્ધ માનવ જીવન જીવવા માટે કોઈ પણ કલા સાથે જોડાવું ઉપયુક્ત છે.

**યાદ કરો !**

તમે ક્યારેય કોઈ કલાકૃતિ દ્વારા સ્ફૂર્તિ અનુભવી છે કે ? ગીત, શિલ્પ, કથા, કવિતા, ચલચિત્ર, નૃત્ય, નાટક વગેરેના વિચાર કરો. તે વિશે તમારી નોટબુકમાં ટૂંકમાં લખો.

### કેટલીક ભિન્ન દશ્ય કલા

ગયા વર્ષે આપણે પ્રચલિત કલા પ્રકારો વિશે માહિતી મેળવી. આ વર્ષે આપણે કેટલાક ભિન્ન દશ્ય કલા પ્રકારો વિશે માહિતી મેળવીશું.

### આદિવાસી કલા

આદિવાસી જનસમુદાય ભારતની જેમ જ બીજા દેશોમાં પણ જોવા મળે છે. આદિવાસી ચિત્રોમાં ઘણીવાર નિસર્ગના ઘટકોનું ચિત્રણ જોવા મળે છે. સાદા, સરળ આકાર વાપરીને પણ અતિશય સુંદર ચિત્રોનું નિર્માણ કરવું એ આદિવાસી કલાનું વૈશિષ્ટ્ય છે. ઓસ્ટ્રેલિયા ખંડના આદિવાસી સમાજની ચિત્રકળામાં પણ મહારાષ્ટ્રની વારલી ચિત્રકલા પ્રમાણે કેટલાક નિશ્ચિત આકારનો ઉપયોગ કરેલો જોવા મળે છે.





### ઓસ્ટ્રેલિયાના આદિવાસી ચિત્રો

ઓસ્ટ્રેલિયાના આદિવાસી ચિત્રો મુખ્યત્વે ટપકાંનો ઉપયોગ કરીને તૈયાર કરેલાં હોય છે. આ ટપકાં કદમાં નાના કે મોટાં હોઈ શકે છે. ટપકાંનો ઉપયોગ કરીને બીજા વિવિધ આકાર તૈયાર કરેલા આપણને જોવા મળે છે. આ ટપકાં સળીની મદદથી દોરવામાં આવે છે.

**શોધો**

તમારા વિસ્તારમાં આવી જ કોઈ આદિવાસી અથવા લોકકલા પ્રસિધ્ધ છે કે ? તે શોધો. તેનું નિર્માણ કરનાર અને જતન કરનાર કલાકારોની મુલાકાત લો. તેમનું તંત્ર સમજી લો. નોટબુકમાં લખો.

## કોલમ રંગોળી કલા



આપણી હંમેશાની રંગોળી કરતાં આ કોલમ રંગોળી કળા જુદી હોય છે. સમાંતર ટપકાંની રચના કરીને તેની આજુબાજુ વક્રાકાર અથવા સરળ રેખાથી નક્ષી (ડિઝાઇન) દોરવામાં આવે છે. તેમાંથી જુદાં જુદાં પ્રકારની રંગોળી દોરી શકાય છે. આ રંગોળી પહેલા ચોખાના લોટમાં પાણી નાખીને દોરવામાં આવતી.

### કરી જુઓ.

બે-બે ના જૂથ કરો. એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને નિશ્ચિત ટપકાંની રચના કરી આપવી. બીજાએ તે રચના ફરતે નક્ષી કરવી. બધાં ટપકાંનો ઉપયોગ કરીને સુંદર રંગોળી દોરવી. પછી બીજાએ રચના કરવી અને પહેલાએ નક્ષી દોરવી. આ ઉપક્રમ નોટબુકમાં પેનથી પણ કરી શકાય.

## રેખાટન (ડૂડલ)







ડૂડલ એટલે હાથમાં રહેલા પેન, પેન્સિલ, સ્કેચપેન વગેરે માધ્યમનો ઉપયોગ કરીને કોઈપણ કાગળ પર તાત્કાલિક, કંઈ જ પૂર્વનિશ્ચિત કર્યા સિવાય, ફાવે તે આકારનું કરેલું રેખાટન. તે નોટબુકના ખૂણામાં, પાછલા પાના પર પુસ્તકમાંના ચિત્રો પર, વર્તમાન પત્રના લખાણ પર અથવા સ્વચ્છ કોરા કાગળ પર પણ હોઈ શકે છે. તમે ક્યારેક ને ક્યારેક આવું રેખાટન ચોક્કસ કર્યું હશે. આવું કરવાથી મન પરનો તણાવ ખૂબ જ હલકો થાય છે તે તમે જાણો છો ? કરી જુઓ.

દરેકની ડૂડલ દોરવાની પધ્ધતિ જુદી જુદી હોય છે. કોઈ પોતાની ખાસ શૈલીમાં ચિત્ર દોરશે તો કોઇ કંઈ પણ કોપી કરશે.

## ઉભારણી (ઈંસ્ટોલેશન)

ઉભારણી શિલ્પ કલાપ્રકારમાં ઉપલબ્ધ ત્રિપરિમાણીય જગ્યાનો ઉપયોગ કરીને રચના તૈયાર કરવામાં આવે છે. કેટલાક કલાકાર કાયમ સ્વરૂપી ઉભારણી શિલ્પ તૈયાર કરે છે તો કેટલાક ન ટકી શકે તેવા માધ્યમો વડે ઉભારણી કરે છે. એંડી ગોલ્ડસવર્દી નામના બ્રિટિશ ઉભારણી શિલ્પકારે આ કલાપ્રકારમાં અતિશય ઉત્તમ કાર્ય

 

કર્યું છે. તેમના મોટાભાગના ઉભારણી શિલ્પ નિસર્ગમાં જઈને ત્યાં ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને તૈયાર કરેલા દેખાય છે. કેટલીક વાર શિલ્પ તૈયાર કરતી વખતે જ તે ધસી પણ પડે છે. પરંતુ કલાની પ્રક્રિયા પર દઢ વિશ્વાસ ધરાવનાર આ શિલ્પકારને એવું લાગે છે કે 'ધસી પડવું એટલે જ સંતુલન કરવું.' (Collapsing is balance).

## દૃશ્ય કલાના કેટલાક પ્રવાહ

માનવ નિસર્ગમાંથી જ અને તેના દૈનિક જીવનમાંથી કલા માટે પ્રેરણા મેળવે છે. માટે જ તેની કલાપર તેની આજુબાજુના રાજકીય, સામાજિક વાતાવરણનો, ઘટનાનો પ્રભાવ જોવા મળે છે. તેમાંથી જ દરેક કલામાં જુદાં જુદાં વિચારો સૂઝે છે, પ્રયોગ કરીને જોવામાં આવે છે. જુદી જુદી શૈલી, અભિવ્યક્તિની પધ્ધતિ, કલા માટેનું નવું તત્ત્વજ્ઞાન નિર્માણ થાય છે એને જ કલાના પ્રવાહ કહેવાય છે. દૃશ્ય કલાના આવા કેટલાક પ્રવાહ વિશે આપણે માહિતી મેળવીશું. એ સિવાયના અનેક પ્રવાહોની માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

વિદ્યાર્થીઓને સૌ પ્રથમ દરેક શૈલીના ચિત્રો બરાબર જોઈને તેનું નિરીક્ષણ નોંધવા કહેવું.

ત્યારબાદ તેમને દરેક પ્રવાહ વિશે માહિતી આપવી.

### ઈમ્પ્રેશનિઝમ (પ્રભાવવાદ)



મોને (Monet) - ૫૫.૩ સેમી × ૬૪.૭ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



વેંન ગો (Van Gogh) - ૭૪ સેમી × ૯૪ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



આ શૈલીનો ઉદય ફ્રાન્સમાં ૧૯મા શતકના ઉત્તરાર્ધમાં અને ૨૦મા શતકની શરૂઆતમાં થયો. તે પહેલાના ચિત્રોમાં ઐતિહાસિક, ધાર્મિક વિષય, નિસર્ગ ચિત્ર અથવા વ્યક્તિ ચિત્રો દોરવામાં આવતા. તેમાં આજુબાજુની પરિસ્થિતિનો અથવા સમાજ જીવનનો અંતર્ભાવ હતો નહીં. તેમ જ આ ચિત્રો ચાર દિવાલ વચ્ચે રહીને દોરવામાં આવતા. ૧૯મા શતકના મધ્યમાં ઈમ્પ્રેશનિઝમ શૈલીનો ઉદય થયા પછી કલાકારો આસપાસના પ્રસંગનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીને તે બાબતનું, પ્રસંગનું વાસ્તવવાદી ચિત્રણ કરવા લાગ્યા. તેમજ ચાર દિવાલોની બહાર જઈને, નિસર્ગમાં બેસીને ચિત્રો દોરવાનું પ્રમાણ વધ્યું. તેથી પ્રકાશનું ચોક્કસ ચિત્રણ કરવું શક્ય બન્યું. આ શૈલીનો વિચાર કરતી વખતે નાના નાના બિંદુઓ અને રેખાનો ઉપયોગ કરીને એક પછી એક મૂળ રંગનો ઉપયોગ કરવામાં આવતો. જ્યારે પ્રેક્ષક એક વિશિષ્ટ અંતરેથી આ ચિત્ર જુએ ત્યારે તે રંગ એકબીજામાં ભળી ગયા હોય તેવું લાગે છે. આ શૈલીનું એક મહત્ત્વનું પાસું એટલે ચિત્રમાંના આકૃતિબંધના પૃષ્ઠભાગ પર દ્રુતગતિથી હલતો પ્રકાશ અને વાતાવરણમાંની બદલાતી પરિસ્થિતિનું ચિત્રણ તેમ જ આ ચિત્રો સમકાલીન જીવનનું નિરીક્ષણ કરનાર અને પ્રકાશની અસંખ્ય છાયા દર્શાવનારા ચિત્રો હોય છે. આ શૈલીના ચિત્રો દોરનાર ચિત્રકારોમાં મોને અને વેન ગો (Van Gogh) પ્રમુખ છે.

## ક્યુબિઝમ (ઘનવાદ)



પૌલ સેઝાન (Paul Cezanne)
૮૧ સેમી × ૬૫ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



પાબ્લો પિકાસો (Pablo Picasso)
૧૨૬ સેમી × ૭૩ સેમી × ૪૧ સેમી
રંગેલા પતરાથી તૈયાર કરેલ શિલ્પ



પાબ્લો પિકાસો (Pablo Picasso)
૬૦ સેમી × ૪૯ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



ઇ.સ. ૧૯૦૭ થી ઇ.સ.૧૯૧૪નો સમય ઘનવાદના ઉદય અને વિકાસનો માનવામાં આવે છે. આ શૈલીનું પ્રમુખ કેન્દ્ર પેરિસ હતું. ક્યુબિઝમને ૨૧મા શતકની સૌથી પ્રભાવી ચિત્ર શૈલીમાંથી એક માનવામાં આવે છે. આ શૈલીમાં જે વસ્તુનું, બાબતનું ચિત્ર દોરવાનું હોય તેનું વિશ્લેષણ કરીને તેના વિવિધ ભૌમિતિક આકારમાં ટુકડાં કરીને તે ટુકડાંને ફરીથી જોડીને એક પૂર્ણ આકૃતિ તૈયાર કરવામાં આવે છે. આ શૈલીમાં કોઈ વસ્તુ, વ્યક્તિનું ચિત્ર એક જ દષ્ટિકોણથી ન જોતાં વિવિધ દષ્ટિકોણથી જોઈને ચિત્ર દોરવા પર ભાર આપવામાં આવે છે. સૃષ્ટિના પ્રત્યક્ષ ત્રિપરિમાણીય આકાર ચિત્રના

સપાટ સમતલ પર પરિવર્તિત કરવા, માટે આકારને અધોરેખિત કરવા પ્રકાશ અને અંધારાની છટાની ઉપયોગ કરવામાં આવે છે. આ શૈલીના પ્રસિધ્ધ ચિત્રકાર પાબ્લો પિકાસો (Pablo Picasso) અને પૌલ સેઝાન (Paul Cezanne) છે.

## સર્રિઅલિઝમ (અતિવાસ્તવવાદ)



સેલ્વ્હેડૉર દાલી (Salvador Dali)
૨૪ સેમી × ૩૩ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



જોન મિરો (Joan Miro)
૩૫૫ સેમી × ૨૭૦ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



જોન મિરો
(Joan Miro)
૧૦ મીટરની ઉપર શિલ્પ



આ પ્રવાહની શરૂઆત ૧૯૨૦ના પૂર્વાર્ધમાં થઈ દૈનિક જીવનમાં આપણે જે વસ્તુ, વ્યક્તિ, ઘટના જોઈએ છીએ, જાણતાં અજાણતાં આપણાં આંતર્મન પર તેનો પડઘો પડે છે. આપણાં મનમાં તે વસ્તુ, વ્યક્તિ, ઘટનાની જુદી જ પ્રતિમા, કલ્પના નિર્માણ થતી હોય છે જે વાસ્તવિકતા કરતાં જુદી હોય છે. એવું આ શૈલીનું મૂળ તત્ત્વજ્ઞાન છે. આ આંતર્મનની પ્રતિમા કાગળ પર રજૂ કરવા માટે મનને ખુલ્લું મૂકવું જોઈએ એવો આ શૈલીના ચિત્રકોરોનો મત છે. આ પ્રકારના ચિત્રોમાં ઘણીવાર વાસ્તવિક ઘટના, પ્રસંગ, ભાવના વ્યક્ત કરવા માટે પ્રતીકો વાપરવામાં આવે છે. સેલ્વ્હેડૉર દાલી અને જોનમિરો આ શૈલીના મુખ્ય ચિત્રકાર છે.

## એક્સ્પ્રેશનિઝમ (અમૂર્ત અભિવ્યક્તિવાદ)



વિલ્લીયમ ડી કુનિંગ (William De Kooning)
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



રોથકો (Rothko) ૨૧૨ સેમી × ૨૩૯ સેમી
કેનવ્હાસ પર દોરેલું તૈલચિત્ર



આ પ્રવાહની શરૂઆત ૧૯૪૦ ના દશકમાં અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં થઇ. આ શૈલી પણ ઉપર જણાવેલ અતિ વાસ્તવવાદી શૈલીની નજીક છે, આ શૈલીમાં ઉદાર હાથે રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. આ શૈલીમાં બે પ્રકારના ચિત્રકારોનો સમાવેશ થાય છે. જેમાં એક છે પોતાના મનની પ્રતિમા કેનવ્હાસ પર વિવિધ રંગોથી ચિતરનારા ચિત્રકાર. જેમાં મુખ્યત્વે વિલ્લીયમ ડી કુનિંગ (William De Kooning)નું નામ લેવામાં આવે છે. જ્યારે બીજા માર્ક રોથકો (Rothko) જેવા ચિત્રકાર, જે વધુ સરળ ચિત્રો દોરે છે. તેઓ કેનવ્હાસનો મોટો ભાગ એક પ્રકારના રંગથી રંગે છે. આ બીજા પ્રકારના ચિત્રકાર વધારે ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃત્તિના હોવાથી, પોતાના ચિત્રો દ્વારા જોનારાને ચિંતન, મનન કરવાનો અનુભવ મળે એવી તેમની અપેક્ષા હોય છે.

**થોડી ગમ્મત કરીએ.**

અભ્યાસ કરેલ દરેક શૈલીમાંનો સામ્ય અને તફાવત શોધી નોટબુકમાં લખો. કોઈપણ એક શૈલી પસંદ કરીને તેનું ચિત્ર દોરવાનો પ્રયત્ન કરો.

વિદ્યાર્થીઓને વિવિધ શૈલીના અનેક ચિત્રો ઈન્ટરનેટ પર દેખાડવા. તેમને વિવિધ શૈલી વચ્ચે તફાવત અને સામ્ય શોધવા પ્રવૃત્ત કરો. તેમના શૈલી અનુસાર જૂથ પાડીને તે શૈલીનું ચિત્ર દોરવા માટે માર્ગદર્શન આપો.

વિદ્યાર્થીઓને દરેક ચિત્રકારોના ચિત્રોનું નિરીક્ષણ કરવા દો. તે ચિત્રકારોની કોઈ એક વિશિષ્ટ શૈલી તેમને જણાય છે કે તે વિશે તેમની સાથે ચર્ચા કરો. પછી તેમણે આપેલી માહિતી વાંચવા કહેવું.

### કેટલાક ભારતીય ચિત્રકાર

ચિત્રકલાના વિવિધ પ્રવાહ અને તે નિમિત્તે કેટલાક જાગતિક કલાકારોનો આપણે પરિચય કર્યો. તે જ પ્રમાણે કેટલાક પ્રસિધ્ધ ભારતીય કલાકારોનો પણ પરિચય મેળવીએ.

### જેમિની રૉય (૧૮૮૭-૧૯૭૨)

જેમિની રૉય પાશ્ચાત્ય શૈલી છોડીને ભારતીય પરંપરા અને લોકજીવન તેમજ આદિવાસી જીવનશૈલીમાંથી પ્રેરણા લઇને પોતાની શૈલી નિર્માણ કરનારા પ્રથમ કલાકારોમાંના એક હતા. તેમનું શિક્ષણ પાશ્ચાત્ય ચિત્રશૈલીમાં થયું હતું. તેઓ ભારતીય ચિત્રશૈલી 'કાલીઘાટ' થી ખૂબ પ્રભાવિત થયા. મોટી બદામી આંખો, ગોળ ચહેરો અને મરોડદાર શરીર એ આ શૈલીની વિશિષ્ટતા છે. શરૂઆતમાં કાલીઘાટ શૈલીમાં ચિત્ર દોરનારા રોયે પછી પોતાની ખાસ શૈલી વિકસિત કરી. યુરોપીયન રંગોનો ત્યાગ કરીને ધીમે ધીમે માટી, બીયા, ખડક, ફૂલો, ગળી વગેરેમાંથી બનાવેલા નૈસર્ગિક રંગો તરફ વળ્યા. તેમના ચિત્રોમાં મુખ્યત્વે વિશિષ્ટ પ્રકારનો લાલ, પીળો, લીલો, રાખોડી, નીલો અને સફેદ રંગ વાપરેલો જોવા મળે છે. તેમના ચિત્રોમાં ગ્રામીણ લોકજીવનની સાદગી ચિત્રિત કરવાનો





પ્રયત્ન જોવા મળે છે. તેમ જ વધારેમાં વધારે લોકો સુધી કલા પહોંચે, તેમને તે પોતાની લાગે અને ભારતીય કલાની પોતાની એક ઓળખ નિર્માણ થાય એવી તેમની ઈચ્છા હતી. ઇ.સ. ૧૯૫૫માં તેમને પદ્મભૂષણ સન્માનથી નવાજવામાં આવ્યા હતાં.

## રામકિંકર બૈજ (૧૯૦૬-૧૯૮૦)


મિલ કૉલ (મિલ શરૂ થવાનો સંકેત)


સંથાલ પરિવાર


દાંડી યાત્રા

બૈજ એ બંગાળના એક પ્રસિધ્ધ શિલ્પકાર હતા. તેમની કલાકૃતિ બંગાળના દલિત અને આદિવાસી સમાજની જીવનશૈલીમાંથી પ્રેરિત થયેલી જોવા મળે છે. તેમને નાનપણથી જ પરિસરના સ્થાનિક ચિત્રકારો, મૂર્તિકારોનું નિરીક્ષણ કરીને જાતે નાની નાની કલાકૃતિ નિર્માણ કરવાનો શોખ હતો. તેમણે નિર્માણ કરેલા શિલ્પો તેમના વિષય અને શૈલીને કારણે એકદમ જુદાં અને વિશિષ્ટ સિધ્ધ થયા. તે સમયે મુખ્યત્વે દેવો અને રાજ્યકર્તાઓના શિલ્પોનું નિર્માણ કરવામાં આવતું. ઇ.સ. ૧૯૩૮માં તેમણે સંથાલ (એક આદિવાસી જમાત) ખેડૂત પરિવારનું શિલ્પ નિર્માણ કરીને આ પરંપરાથી જુદું કરવાની શરૂઆત કરી. શ્રમિક લોકોના જીવનનું સૌંદર્ય પોતાના શિલ્પો દ્વારા દર્શાવવાનો તેમનો પ્રયત્ન હતો.

મિલ કૉલ એ ઇ.સ. ૧૯૬૫માં શાંતિનિકેતનમાં નિર્માણ કરાયેલ અત્યંત મહત્ત્વનું શિલ્પ માનવામાં આવે છે. મિલ શરૂ થવાનો સંકેત સાંભળીને ઉતાવળે ચાલતી સ્ત્રીઓ અને તેમની પાછળ દોડી આવતા બાળકો આ

શિલ્પમાં જોવા મળે છે. આ શિલ્પમાં સ્ત્રીઓની ચાલવાની ઝડપ, છોકરાઓનું દોડવું ખૂબ જ સુંદર પધ્ધતિથી દર્શાવવામાં આવ્યું છે. ઉતાવળે ચાલવાથી ઉડતી ધૂળ પણ આપણને શિલ્પમાં જોવા મળે છે.

જાંભા પથ્થર અને સિમેંટ વાપરીને શિલ્પ નિર્માણ કરવાની તેમની શૈલી હતી.

## નારાયણ શ્રીધર બેંદ્રે (૧૯૧૦-૧૯૯૨)



કાટા



પ્રસાધન



નિસર્ગચિત્ર

નારાયણ શ્રીધર બેંદ્રેનો જન્મ ઇંદોરમાં થયો હતો. એક નિસર્ગ ચિત્રકાર તરીકે તેમણે ખૂબ નામના મેળવી. તેમના ચિત્રોમાં રંગોનો ઉપયોગ વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. તેમને ભારતમાં અને વિવિધ દેશોમાં ફરવાની હોંશ હોવાને કારણે, તેમની કલામાં ભારતીય અને પશ્ચિમાત્ય શૈલીનો અનોખો મેળ નજરે પડે છે. તેમના ચિત્રોમાં આપણે પહેલા જોઈ ગયા તે પ્રભાવવાદી, ઘનવાદી શૈલીનો ઉપયોગ જોવા મળે છે. વિવિધ માધ્યમો અને શૈલીનો ઉપયોગ કરીને તેમણે ચિત્રકલામાં અનેક પ્રયોગો કર્યા. કોઇ પણ એક જ પ્રકારની શૈલીને અથવા વિષયને વળગી રહેવું તેમને માન્ય ન હતું. તેમણે રોજિંદા જીવનમાં ઘટતી ઘટનાઓથી માંડીને અમૂર્ત વિષયો સુધીના વિવિધ ચિત્રો દોર્યા છે. તેમના ચિત્રોમાં મોટે ભાગે એક શાંત ભાવ જોવા મળે છે. ઇ.સ.૧૯૯૨માં તેમને પદ્મભૂષણ પુરસ્કારથી નવાજવામાં આવ્યા.

## દીનાનાથ દામોદર દલાલ (૧૯૧૬-૧૯૭૧)

સામાન્ય જનથી વિશેષજ્ઞોમાં લોકપ્રિય અને પુસ્તકોના મુખપૃષ્ઠો, કથાચિત્રો, વ્યંગચિત્રો, દિનદર્શિકા અને દિવાળી અંકમાંની ચિત્રમાલિકા દ્વારા દશ્ય માહિતી સમૃધ્ધ કરનાર ચિત્રકાર એટલે દીનાનાથ દયાલથી સૌ પરિચિત જ છે. દીનાનાથ દલાલે દોરેલું બાજુનું ચિત્ર આપણું જાણીતું જ છે.



## બી. પ્રભા (૧૯૩૩-૨૦૦૧)





બી. પ્રભાએ સર જે.જે.સ્કૂલ ઓફ આર્ટ, મુંબઈમાંથી કલાનું શિક્ષણ પૂર્ણ કર્યું. બી. પ્રભાએ પોતાનું કામ શરૂ કર્યું ત્યારે ભારતમાં વધુ સ્ત્રી ચિત્રકારો કાર્યરત ન હતા. તેમના પર અમૃતા શેરગિલનો ખૂબ પ્રભાવ હતો. પ્રભાના મોટાભાગના ચિત્રોમાં ઉદાસ ગ્રામીણ સ્ત્રીઓની આકૃતિ જોવા મળે છે. મોટાભાગે એક ચિત્રમાં એક જ મુખ્ય રંગ વાપરવાની તેમની શૈલી હતી. તેમણે મુખ્યત્વે તૈલચિત્રો દોર્યા છે. સ્ત્રીઓની સામાજિક પરિસ્થિતિ, તેમને કરવું પડતું કષ્ટ, સહન કરવી પડતી તકલીફો, તેમની હિંમત આ બધું તેમની કલા દ્વારા આપણને જોવા મળે છે. તેઓ સ્ત્રીઓની દબાયેલી ભાવનાનું ચિત્રણ કરતા. તેમણે એકવાર કહ્યું હતું કે, 'મેં એક પણ આનંદિત સ્ત્રી જોઈ નથી.' પ્રભાના ચિત્રો ભારતમાં અને ભારતની બહાર પણ વિવિધ પ્રદર્શનોમાં પ્રદર્શિત કરવામાં આવ્યા.

### કલ્પના માટેનો અવકાશ.

નીચે આપેલ ચિત્ર પ્રકારોમાં ત્રણ નિયમ ધ્યાનમાં રાખો –

૧. કૃતિ કરતી વખતે તમે કૃતિનો આનંદ લો. આપણો હેતુ સુંદર ચિત્ર દોરવાનો નથી. તેને પ્રક્રિયા ચિત્ર (પ્રોસેસ આર્ટ) કહે છે. આ ચિત્ર તમે પોતાના આનંદ માટે દોરી રહ્યા છો, તેથી કોઈને પણ નહીં દેખાડો તો ચાલશે.

૨. વધુ વાર વિચાર કરતાં બેસી ન રહો. સહજતાથી જે ફાવે તેમ થવા દો. (આમાં કંઈ પણ ભૂલ ન હોઈ શકે.)

૩. કંઈ પણ થઈ જાય તો યે કરતા રહો.

### કરી જુઓ.

#### ૧. વસ્તુના થર કરવા

સૌથી નીચે જમીન, તેની પર રાખેલી ચાદર, તેના પર પુસ્તક, તેના પર ચાનો કપ, તેના પર બીજું એક પુસ્તક, તેના પર કપડા, તેના પર વર્તમાન પત્ર, તેના પર બાલદી, તેના પર થાળી, તેના પર બિલાડી વગેરે આવો આ વાસ્તવિક થર દોરવો છે (દા.ત. કપડું નીચે ઢળતું રહેશે, કાગળ સીધો રહેશે વગેરે) કે સીધે સીધો દોરવો છે તે તમે નક્કી કરો. તમારે કાગળ ચોંટાડીને કોલાજ કરવું હોય તો તે પણ કરી શકો છો.

પ્રત્યક્ષ રૂપમાં જે વસ્તુઓ એકબીજા પર ન રહી શકતી હોય તે ચિત્રમાં ચોક્કસ હોય છે.

### ૨. પગથી ચિત્ર દોરવા

તમારા પગની આંગળીઓમાં પેન અથવા પેન્સિલ લઈ ચિત્ર દોરો. બંને પગની આંગળીમાં પેન્સિલ લઈને પણ ચિત્ર દોરી જુઓ. તે જ રીતે મોઢામાં પેન્સિલ લઈ ચિત્ર દોરી જુઓ.

### ૩. કચરામાંથી ચિત્ર નિર્મિતિ

નકામા પદાર્થોમાંથી એક ચહેરો તૈયાર કરો. જ્યારે તમારી પાસે ફુરસદ હોય, અભ્યાસમાંથી થોડી વિશ્રાંતી જોઈતી હોય ત્યારે આ કૃતિ કરી શકો છો.

### ૪. ધૂળ વડે ચિત્ર દોરવું



કાગળ ભીનો કરો અને તેને ધૂળ અથવા માટી પર ફેંકો, થોડુંક દબાવીને કયું ચિત્ર ઉપસે છે તે જુઓ. પેન્સિલ, પેન, રંગ વડે તેમાં કંઈક વધારો કરીને કંઈક જુદું ચિત્ર બને છે કે તે જુઓ.



### ૫. ફક્ત કાળા રંગથી ચિત્ર દોરવું

ઘણીવાર લોકોના મનમાં કાળા રંગ વિશે કેટલાક પૂર્વગ્રહ હોય છે. ઘણાં લોકોને કાળો રંગ પસંદ હોતો નથી. પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો કાળો રંગ પણ અન્ય રંગો જેટલો જ અથવા થોડો વધુ સુંદર દેખાઈ શકે છે. તમારી કલ્પના-શક્તિને વેગ આપો. માત્ર કાળો રંગ અને તેની છટા વાપરીને તમે ચિત્ર દોરી શકશો છે.

### ૬. ભૌમિતિક ડિઝાઈન - કર્તવ્ય ભૂમિતિ

ગણિતના પાઠ્યપુસ્તકનો આધાર લઈને ભૌમિતિક રચના કઇ રીતે દોરી શકાય છે તેમ જ વિવિધ ભૌમિતિક આકારો આપણી આજુબાજુમાં ક્યાં જોવા મળે છે તે વિશે ચર્ચા કરવી.

**ચતુષ્કોણ આકૃતિ ઘન**




**ગોળ**



## ૭. કલરિંગ થેરપી

થેરપી એટલે ઉપચાર પધ્ધતિ. કલા એ એક પ્રકારની ઉપચાર પધ્ધતિ થઇ શકે છે. કલરિંગ થેરપીમાં આંખોને આકર્ષક લાગે એવા નકશીકામનો સમાવેશ હોય છે. તેમનું સ્વરૂપ જટિલ હોય છે. આવા બારીક કામમાં રંગ પૂરવાના હોય છે. તેમાં મન પરોવાઈ જાય તો તણાવ, વેદના વિસારે પડી જાય છે. નીચે આપેલું ચિત્ર જુઓ. તેને તમારા મનથી પૂર્ણ કરો અને રંગ પૂરો.



## ક્ષેત્રમુલાકાત





આપણા પરિસરમાં આવેલ ઐતિહાસિક વાસ્તુ શિલ્પો દ્વારા આપણને તે કાળના લોકોની જીવનશૈલી, સંસ્કૃતિ અને કલાદષ્ટિ જોવા મળે છે. તેના દ્વારા આપણી કલા વિશેની માહિતી સમૃધ્ધ થાય છે. મહારાષ્ટ્રમાં ઔરંગાબાદથી ઉત્તર દિશામાં ૬૦ માઈલ દૂર અજંટા પર્વતમાળામાં બૌધ્ધ ધર્મીય ગુફાઓ કોતરવામાં આવી છે. કાર્લામાં આવેલી બૌધ્ધ ગુફાઓ તેમના સ્થાપત્ય માટે પ્રસિધ્ધ છે. તમારા પરિસરમાં આવેલ આવા જ કોઈ પ્રાચીન વાસ્તુશિલ્પની મુલાકાત લો અને તમારા નિરીક્ષણની નોંધ કરો.

## તમને શું ગમે છે ?

કળા એ અત્યંત વ્યક્તિગત અભિવ્યક્તિ હોય છે. એક વ્યક્તિને જે સરસ અથવા સુંદર લાગતું હોય તે બીજાને એવું જ લાગે તેવું હોતું નથી. માટે કલાનું સારી/ ખરાબ એવું વર્ગીકરણ કરવું યોગ્ય રહેશે નહીં. કોઇ કલાકૃતિ આપણને ન ગમે તો પણ તેનો અર્થ એવો નથી થતો કે તે સુંદર નથી. તમને તે નથી ગમી એટલું જ કહેવું યોગ્ય રહેશે. જ્યારે આપણે કોઇ કલાકૃતિ જોઇએ, ત્યારે તે સારી છે કે ખરાબ એવો સિક્કો મારવાનું ટાળો. આપણે તેના વિશે મત વ્યક્ત કરવો હોય તો તે આપણને ગમી કે નહીં એટલું જ કહેવું.

આપણને કોઇ કલાકૃતિ ગમે છે અથવા નથી ગમતી તે કહી શકવું પણ મહત્ત્વનું છે. કોઇ કલાકૃતિમાં આપણને ચોક્કસપણે શું ગમ્યું, શું ન ગમ્યું તે શબ્દોમાં રજૂ કરવાથી આપણી કલા વિશેની માહિતી વધારવામાં મદદ થાય છે. આપણે કલાકૃતિનું સૌંદર્ય જોતા શીખીએ છીએ.

## કરી જુઓ.

વર્તમાનપત્ર, માસિક, પુસ્તકોમાંના તમને ગમતા ચિત્રો જુઓ. તેમાં તમને ચોક્કસપણે શું ગમે છે તે શક્ય એટલા સ્પષ્ટ શબ્દોમાં તમારી નોટબુકમાં લખવાનો પ્રયત્ન કરો. ઓછામાં ઓછાં ૫ ચિત્રોનું આ રીતે વિશ્લેષણ કરો. તમે નીચેના મુદ્દાઓનો આધાર લઈ શકો છો.

૧. વિષય
૨. રંગ-સંગતિ
૩. રજૂઆત
૪. શૈલી
૫. કલ્પના
૬. છાયાપ્રકાશનો ઉપયોગ વગેરે.

F7UQVA

## દૃશ્યકલા ક્ષેત્રે કેરિયર

ધો.૧૦ અને ૧૨ એમ બંને તબક્કે દૃશ્યકલામાં કેરિયર નિર્માણ કરવાની તક હોય છે. ધો.૧૦ પછી ફાઉંડેશન અથવા જી.ડી.આર્ટ એવા બે અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકાય છે. ઘણાં લોકો ફાઉંડેશન થયા પછી આર્ટ ટીચર્સ ડિપ્લોમા (કલા શિક્ષક પદવિકા) કરવું પસંદ કરે છે. અને જી.ડી.આર્ટના ચાર વર્ષના અભ્યાસક્રમ બાદ અપ્લાઇડ આર્ટ અથવા ફાઈન આર્ટમાં આગળનું શિક્ષણ લઈ શકાય. ૧૨ પછી કલા શિક્ષણમાં પણ ડિપ્લોમા કરી શકાય.

જાગતિકીકરણના આ કાળમાં ચિત્રકળા, શિલ્પકળાની સાથે ફેશન, આર્કિટેક્ચર (સ્થાપન કળા), જ્વેલરી ડિઝાઈન, એનિમેશન, ઇંટિરિયર ડેકોરેશન, ફોટોગ્રાફી વગેરે શાખામાં પણ કેરિયર બનાવવાની તક નિર્માણ થઈ છે.

તે વિશેની વધુ માહિતી www.mahacareermitra.in સંકેતસ્થળ પર ઉપલબ્ધ છે.

## દૃશ્યકળા વિશેનો વિચાર

માનવ જીવનમાં કલાનું મહત્ત્વ જેટલું કહીએ તેટલું ઓછું છે. કળા વિશે અનેક લોકોના અનેક મત, વિચાર છે. કળા વિશેના નીચેના સુવિચારનો શું અર્થ તારવશો ?

- ''કળાનો ઉદ્દેશ રોજિંદા જીવનની ધૂળ પોતાના મન પરથી ઝાટકી નાંખવી એ છે.''
- ''ચિત્ર એ શબ્દો વગરની કવિતા છે.''
- ''જીવન એક કેનવ્હાસ છે અને તમે ચિત્રકાર.''
- ''કળામાં આપણે પોતાને મળીએ છીએ, અને તે જ સમયે પોતાને હારી જઈએ છીએ.''
- ''દરેક બાળકમાં એક કલાકાર હોય છે. પ્રશ્ન તો એ છે કે કલાકાર મોટા થયા બાદ કઈ રીતે જીવંત રહે છે.''

### મૂલ્યમાપન (ભારાંશ ૨૦%)

| માપદંડ | ઉત્તમ (ખૂબ સરસ) | યોગ્ય (સંતોષજનક) | અયોગ્ય (અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| કલાના આવિષ્કારમાં કાલ્પનિકતા | પાઠમાં આપેલ કલા આવિષ્કાર કલ્પના-શક્તિથી પૂર્ણ કર્યો અને સક્રિય સહભાગ નોંધાવ્યો. | પાઠમાં આપેલ કલા આવિષ્કાર કૃતિ તરીકે પૂર્ણ કર્યો. | અમુક જ કૃતિમાં સહભાગ નોંધાવ્યો અને તે કૃતિ પણ અરધી પરધી પૂર્ણ કરી. | |
| ચિત્રો વિશે લખવું | પસંદ કરેલા ૫ ચિત્રોનું આપેલા ૬ મુદ્દાઓના આધારે વિશ્લેષણ કરીને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું | પસંદ કરેલા ૫ ચિત્રોનું વિશ્લેષણ મોઘમપણે કર્યું. તેમાં આપેલા ૬ મુદ્દાઓનો સમાવેશ કેટલાક પ્રમાણમાં થયો. | ચિત્રની પસંદગી અને વિશ્લેષણ અરધું પરધું પૂર્ણ કર્યું. | |


પાંચેય જણ ગહન ચર્ચામાં દેખાય છે.
રોજ શાળાએ જતી વખતે રસ્તામાં હરપ્રીતને કેટલાક છોકરા ચીડવે છે.
અને મારિયાને તેના ઘર નજીક રહેનાર એક છોકરો રોજ તકલીફ આપે છે.
પણ તેઓ આ બધું તેમના ઘરે અથવા શિક્ષકને શા માટે કહેતાં નથી ?
કદાચ તેમને સંકોચ થતો હશે.
પણ કંઈક તો કરવું જ જોઈએ : આ રોકવું જ જોઇએ !
મને ખબર છે આપણે શું કરી શકીએ... એક ફોન કરવો જોઈએ !
કોને ?
અહીં આવો, કહું.

# ૪ હું અને માધ્યમો – ૨




"જીવન જીવવા માટે હોય છે, લોકોને દેખાડવા માટે નહીં."

## ઉદ્દેશો :

૧. વિદ્યાર્થીઓને સમાજ માધ્યમો એટલે શું તે પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૨. સમાજ માધ્યમોના પરિણામો પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૩. પોતાના જીવનમાં સમાજ માધ્યમોના પરિણામને ઓળખતા આવડે.
૪. સ્ત્રીઓ પ્રત્યે નિર્માણ થનાર અનાદરના કારણો અને તેના ઉપાય પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૫. પોતાની અથવા બીજાની છેતરામણી થઈ હોય તો મદદ માંગવાના પર્યાય સમજવા.
૬. ભિન્નલિંગી વ્યક્તિ પ્રત્યેના પોતાના વર્તનનું વિશ્લેષણ કરતાં આવડે અને તેમાં ફેરફાર કરવાનું નિયોજન કરતાં આવડે.
૭. નિરોગી, નિર્વ્યસની, શિક્ષણ પર લક્ષ કેન્દ્રિત કરનારા વિદ્યાર્થીઓની પ્રગતિની શક્યતા વ્યસની અથવા માધ્યમોના શરણે ગયેલી વ્યક્તિ કરતા ખૂબ વધારે હોય છે તે નિષ્કર્ષ સુધી પહોંચવું.

કેટલીક જાહેરખબરો, સિનેમા અને સીરિઅલમાંના કેટલાક પ્રસંગોને કારણે ઘણી વાર આપણાં મનમાં સ્ત્રીઓ વિશે અનાદર, હીનતાની ભાવના નિર્માણ થાય છે તે આપણે જોયું જ છે. તેના જ કેટલાંક જુદા પાસાઓ વિશે આપણે સમજી લઈએ.

**શોધો.**

ખાદ્યતેલ, મસાલા, કપડા ધોવાનો સાબુ જેવી જાહેરખબરો જેમાં પુરૂષો રસોઈ કરતાં હોય અથવા કપડાં ધોતાં હોય.

- એવી ફિલ્મ જેમાં નાયિકા નાયકના પ્રાણ બચાવે અથવા નાયકને હરાવે.
- એવી જાહેરખબરો જેમાં પુરૂષ બાળકો સંભાળવાની જવાબદારી લેતો હોય.
- મોટી ઉંમરની નાયિકા અને નાની ઉંમરનો નાયક ધરાવતી ફિલ્મ.
- એવી જાહેરખબરો જેમાં સ્ત્રીઓ કાર, મોટરસાયકલ ચલાવતી હોય.





- જેમાં કંઈ સાહસપૂર્ણ અને રોમાંચક કરવાનું હોય અને તે સ્ત્રી કરતી હોય એવી જાહેરખબરો.

વિદ્યાર્થીઓને આવી જાહેરખબર શોધવા માટે એક અઠવાડિયાનો સમય આપો. તેમને દરેક જૂથ માટે કેટલી જાહેરખબરો, સિનેમા મળ્યા તે પૂછો.

તેમને શોધવામાં સરળતા રહી કે મુશ્કેલી પડી ? શા માટે ? એના પરથી તેમને શું ધ્યાનમાં આવ્યું?

કાર, મોટર સાયકલ ચલાવવી, ઝડપી, રોમાંચક વસ્તુઓ કરવી એ સ્ત્રીઓ ને ન ફાવે કે ?

રસોઈ બનાવવી, બાળકોને સંભાળવા, કપડાં ધોવા એ માત્ર સ્ત્રીઓના જ કામ છે કે?

**નીચેની બાબતમાંથી શું સંદેશ આપવામાં આવે છે ?**

૧. કોઈ નાયક નાયિકાનો પીછો કરે છે, તેને ત્રાસ આપે છે. તેને શિક્ષા થતી નથી.

૨. નાયિકા કોની છે તે મુદ્દે નાયક અને વિલન અંદરો અંદર ઝગડે છે.

વિદ્યાર્થીઓને વિચાર કરવામાં મદદ કરો.

**સ્ત્રીની છબી**

**પ્રત્યક્ષ જીવનમાં એવું નથી હોતું એની વિદ્યાર્થીઓને જાણ કરવાનો પ્રયત્ન કરવો.**

આવા બીજા વાક્યો, પ્રસંગ વિદ્યાર્થીઓને ખબર છે કે તે પૂછો.

**ઈવ્હ ટીઝીંગ :** છોકરીઓને ચીડવવી, છેડછાડ કરવી, સાર્વજનિક સ્થળે, છોકરીઓને હેરાન કરવી, જાણી જોઈને ત્રાસ આપવો એને 'ઈવ્હ ટીઝીંગ' કહેવાય છે. કેટલાક લોકો રસ્તા પર, ગલીમાં એવું ત્રાસદાયક વર્તન કરે છે. અશ્લીલ ટિપ્પણી કરવી, સ્પર્શ કરવો, ટીકા કરવી, બળ જબરી કરવી, અસભ્ય વર્તન, ઉત્તેજક ઈશારા કરવા એ બધાનો આમાં સમાવેશ થાય છે.

### કરી જુઓ.

૫-૬ છોકરીઓ અને ૫-૬ છોકરાઓ એવા બે જુદાં જુદાં જૂથ પાડો. નીચે આપેલ સાર્વજનિક સ્થળે છેડછાડ થવાના પ્રસંગનું નાટ્યીકરણ બંને જૂથે જુદું જુદું કરવું. નાટક થયા પછી એકત્રિતપણે ચર્ચા કરો. છોકરાઓની ભૂમિકા છોકરીઓએ અને છોકરીઓની ભૂમિકા છોકરાઓએ ભજવવી. છોકરીઓ રસ્તામાંથી પસાર થઈ રહી છે. ચાર-પાંચ છોકરાઓનું ટોળું બેઠું છે.

પહેલો છોકરો. (સીટી વગાડે છે.)

(છોકરી નીચું મોઢું કરીને આગળ જાય છે.)

બીજો છોકરો : શુક શુક (તે હજી આગળ જાય છે.)

ત્રીજો છોકરો : (કાગળનો ડૂચો ફેંકીને મારે છે.)

(તે ગભરાય છે અને ઉતાવળા પગલે આગળ વધવા લાગે છે.)

તે આગળ ગયા બાદ બધાં મિત્રો હસીને એકબીજાને તાળીઓ આપે છે.

નાટક પૂરું થયા બાદ છોકરાઓને પૂછો કે છોકરીનું કામ કરતી વખતે તેમને શું અનુભવ થયો ? તેમને બીજી વાર તે અનુભવ કરવો ગમશે કે ? છોકરીઓને થતી તકલીફ વિશે તેમને શું ખબર પડી? છોકરીઓને પૂછો કે છોકરાઓનું કામ કરવાનો તેમનો અનુભવ કેવો રહ્યો ? 'છોકરો' બનીને તેમને વધુ શક્તિશાળી હોવાનો અહેસાસ થયો કે ?

### વિચાર કરો.

આપણી દીકરી સાથે કોઈ ગેરવર્તન ન કરે એ ડરથી કેટલાયે માતા-પિતા તેમની દીકરીને ભણાવતા નથી, એકલા બહાર જવા દેતાં નથી, બહાર નોકરી કરવા દેતાં નથી. આ માનસિકતા અને તેને કારણે નિર્માણ થનાર અસુરક્ષિતતાની ભાવનાને કારણે કેટલીયે તકો છોકરીઓના હાથમાંથી જતી રહે છે. આપણે દરેક માટે સુરક્ષિત વાતાવરણ નિર્માણ કરવું જોઈએ એવું તમને લાગે છે કે ? તેના માટે તમે શું કરશો ?



#### વર્ગનું વાતાવરણ

૧. વર્ગમાં સમાનતાનું વાતાવરણ છે કે ?

૨. વર્ગમાં કોઈ અસ્વસ્થતા અનુભવાય એ રીતે ચીડવે કે ટીપ્પણી કરે છે કે ?

૩. એકબીજાની મુશ્કેલી સમજીને કોઈને પણ અસુવિધા ન થાય તેનું ધ્યાન રાખવામાં આવે છે કે ?

૪. વર્ગમાં બધાંને ઉપક્રમોમાં સહભાગ લેવાની સમાન તક મળે છે કે ?

૫. કોઈના વિશે આક્ષેપ જનક લખાણ લખવું અથવા અફવા ફેલાવાય છે કે ?



ઉપરના પ્રશ્નો વિશે ૫-૧૦ મિનિટ વિચાર કરો.

## જવાબદાર સામાજિક વર્તન

### ૧. ગેરવર્તન અને અયોગ્ય વ્યવહાર કરનારા લોકોથી એકબીજાનું સંરક્ષણ



અનુચિત અથવા અયોગ્ય કૃત્યથી સાવધ રહો. કોઈ તમારી સાથે ગેરવર્તન કરવાનો પ્રયત્ન કરતું હોય તો તે વ્યક્તિને દ્રઢતાથી 'ના' પાડો. જેના પર તમને વિશ્વાસ હોય તેમને વાત કરો. તમારા પરિચિત છોકરા-છોકરી સાથે કોઈ આવું ગેરવર્તન કરતું જોવા મળે તો તેમને અટકાવો. તેમજ તમારા વિશ્વસનીય વડીલને આ વિશે વાત કરો. તમારો ગેરલાભ ઉઠાવનાર અથવા તમારી સાથે અનુચિત વર્તન કરનારને ક્યારેય પણ સહન ન કરો.

### ૨. તમારી આજુબાજુની વ્યક્તિઓનો આદર

આપણે અનેક વ્યક્તિને ગમતા હોઈએ છીએ, પણ તે બધાં જ આપણને ગમતાં હોય એવું નથી. તે જ રીતે આપણને પણ અનેક વ્યક્તિઓ ગમતી હોય છે. પણ તે બધાંને આપણે ગમીએ એવું જરૂરી નથી. એ ધ્યાનમાં આવે તો એકબીજાના મતોનો આદર કરવો સરળ બને છે. જેમ તમારી કેટલીક પસંદ નાપસંદ હોય છે. તેમ જ દરેક વ્યક્તિને કેટલીક બાબતો વધુ ગમે જ્યારે કેટલીક ગમતી નથી.

તમે બીજાની પસંદનો આદર કરતા શીખો. તમારી મર્યાદા ઓળખીને વર્તન કરો. ગરદીનો ફાયદો લઈને ધક્કામુક્કી કરવી, અસભ્ય સ્પર્શ કરવો, સીટી વગાડવી, અશ્લીલ ચિઠ્ઠી/પત્ર લખવા, અસભ્ય ઈશારા કરવા, ભીંત પર કોઈના માટે અપમાનકારક વિધાનો/વાક્યો લખવા આ બધું નિષેધ છે. તે ટાળવું. બીજાઓને પણ આવું વર્તન કરતાં રોકવા.

**ધ્યાનમાં રાખો.**

દરેક સજીવને જીવંત રહેવા માટે કોઈને કોઈ વસ્તુની જરૂર હોય છે. જેમ ઝાડને યોગ્ય માટીની, પાણીની, કેટલીક વાર ખાતરની જરૂર હોય છે. પ્રાણીઓ અને મનુષ્યોને પણ આવી જરૂરિયાતો હોય છે. પરંતુ પ્રાણીઓ અને માણસમાં મહત્ત્વનો તફાવત એ છે કે માણસ પોતાના જીવન માટે આવશ્યક હોય તેવી બાબતો માટે પણ નિયમ પાળે છે. જેમ કે, તરસ લાગે તો સ્વચ્છ પાણી મેળવવાનો પ્રયત્ન કરે છે, ભૂખ લાગે ત્યારે ખરાબ થયેલું અન્ન ખાતો નથી. જરૂર હોય ત્યારે પોતાના પર નિયંત્રણ રાખે છે, ધીરજ ધરે છે. જીવવા માટે અતિ આવશ્યક જરૂરતો બાબતે પણ નિયમ પાળવા એ જવાબદાર માણસનું લક્ષણ છે.




**ઉપરની આકૃતિના આધારે ચર્ચા કરો.**

**સમજી લો.**

આપણને જોઈતી વસ્તુ અથવા વ્યક્તિ મેળવવાનું આકર્ષણ અને તેમાંથી નિર્માણ થનાર આગ્રહને કારણે આપણે એક એક પગથિયું ચઢતા જઈએ છીએ. તે જ સમયે આપણે એક જવાબદાર નાગરિક તરીકેના પગથિયા ઉતરીને અધોગતિની દિશામાં જઈએ છીએ.

## ૩. વિશ્વસનીય માહિતી મેળવો



શરીરશાસ્ત્ર અને શરીર વિજ્ઞાનશાસ્ત્ર જેવા વિષયો દ્વારા આપણાં શરીરની યંત્રણા કઈ રીતે ચાલે છે ? પોષણ મૂલ્યો એટલે શું ? જીવન સત્ત્વો એટલે શું ? એ વિશે માહિતી મળે છે. પરંતુ તે માહિતીનો યોગ્ય ઉપયોગ કર્યા સિવાય આપણે નિરોગી રહી શકતા નથી. દા.ત. જીવનસત્ત્વો વિશે માહિતી છે. પણ તેમનો સમાવેશ હોય તેવો ખોરાક ન ખાઈએ તો શરીરને તેનો કંઈ ફાયદો થશે નહીં. તેમજ આ વિષયમાં જો આપણને ખોટી, અર્ધીપર્ધી માહિતી મળે તો આપણને ડર, અસ્વસ્થતા અનુભવાય છે. દા.ત.આપણી બાજુમાં બેસેલ કુષ્ઠરોગીને કારણે આપણને પણ કુષ્ઠ રોગ થઈ શકે છે અથવા કેટલીક વાર ખોટી માહિતીને કારણે ઉત્સુકતા અથવા કુતૂહલ નિર્માણ થઈ શકે છે અને તેને શમાવવા માટે પરિણામનો વિચાર કર્યા સિવાય કૃતિ કરવાની શક્યતા હોય છે. જેમકે 'અ' દવા લેવાથી બે દિવસમાં પાંચ કિલો વજન ઉતરે છે.

**તમારી બાબતમાં અથવા તમારી પરિચિત કોઈ પણ વ્યક્તિની બાબતમાં અત્યાચાર, કૌટુંબિક જુલમ, જબરદસ્તી જેવા ગંભીર કૃત્યો થતાં હોય તો શાંત બેસી રહો નહીં. તરત જ ૧૦૯૮ નંબર પર ફોન કરો. આ બાળક અને કિશોરો માટેના મદદ કેન્દ્રનો નંબર છે. મુશ્કેલીમાં મુકાયેલ સ્ત્રીઓ માટેના મદદ કેન્દ્રનો દૂરધ્વનિ ક્રમાંક : ૧૦૧૦/૧૦૧૧ છે.**

## ૪. કાયદાનો આધાર

કોઈપણ ઇલેક્ટ્રોનિક અને સંગણકીય માધ્યમો દ્વારા દા.ત.મોબાઈલ, સંગણક, પેન ડ્રાઈવ્હ, કેમેરા વગેરે દ્વારા કરાયેલ ગુનાને સાયબર ક્રાઈમ કહેવામાં આવે છે. કોઈ વ્યક્તિ અથવા સંસ્થા વિશે અશ્લીલ અને આક્ષેપજનક લખાણ પ્રસારિત કરવું, વ્યક્તિગત સંવેદનશીલ માહિતીની ચોરી અને દુરૂપયોગ કરવો, ગેરવર્તન અથવા લખાણ પ્રસારિત કરવું એ સાયબર કાયદા અંતર્ગત ગુનો હોઈ તે વિશે જેલ અને દંડ બંને થઈ શકે છે.

વિદ્યાર્થીઓની સહાયતા માટે તેમને જવાબદાર વ્યક્તિના દૂરધ્વનિ ક્રમાંક આપવા.

### યોગ્ય/અયોગ્ય



નીચેના કિશોરવયના વિદ્યાર્થીઓ જવાબદારી પૂર્વક વર્તે છે. એવું તમને લાગે છે કે ?

૧. તમારા મિત્રને એક છોકરી ગમે છે ? તે ભણવા જાય ત્યારે તે છોકરો તેનો પીછો કરે છે. છોકરીએ વિરોધ કરતાં તે છોકરો છોકરીને બદનામ કરવાની ધમકી આપી રહ્યો છે.

૨. ગરદીમાં છોકરીઓને ધક્કામુક્કી કરવી, અશ્લીલ ઈરાદાથી સ્પર્શ કરવું તમારા કેટલાંક મિત્રોને ગમે છે.



૩. વર્ગના કોઈ છોકરા અથવા છોકરીની બદનામી કરનાર અથવા તેમને અપમાનિત કરતા વાક્યો બોર્ડ પર લખવા.

૪. બીજા છોકરા/છોકરીઓની પરવાનગી સિવાય છાનામાના તેમના ફોટા પાડવા.

૫. શાળા છૂટ્યા બાદ તમારા મિત્રોએ બીજા છોકરા-છોકરી વિશે ટિપ્પણી કરી.

આપેલાં વિધાનો વિશે ચર્ચા કરો. શું યોગ્ય છે અને શું અયોગ્ય છે તથા શા માટે તેનું સ્પષ્ટીકરણ આપવા કહો.

**આવા પ્રસંગે તમે શું કરશો ? વિચાર કરો.**

- તમારા મિત્ર અથવા બહેનપણીને શાળાએથી ઘરે જતી વખતે કેટલાક છોકરાઓ ચીડવે છે.
- તમારા મિત્ર/બહેનપણીએ ખૂબ વિશ્વાસપૂર્વક તમને કહ્યું છે કે અમુક વ્યક્તિ આસપાસ હોય ત્યારે તે અસ્વસ્થતા, ડર અનુભવે છે.
- તમારા મિત્રને ગુટખા ખાવાની આદત પડી ગઈ છે.
- તમારો મિત્ર છોકરીઓ/સ્ત્રીઓનો અનાદર કરે છે, તેમની સાથે ગેરવર્તન કરે છે. તમારે તેનો આ વિચાર અને વર્તન બદલવાના છે.

છોકરાઓના ચાર અથવા પાંચ જૂથ કરો. દરેક જૂથને બાજુમાં આપેલ એક-એક ઉદાહરણ આપો. તમારા મિત્રને આવી સમસ્યા હોય તો તમે તેને કઈ રીતે સમજાવશો. ૧૦ મિનિટ ચર્ચા કરો. વર્ગમાં પ્રસ્તુતિકરણ કરો. નોટબુકમાં લખો.

### સમાજમાધ્યમો

સમાજના વિવિધ જૂથના લોકો દ્વારા મુખ્યત્વે એકબીજા સાથે જોડાઈ રહેવા માટે, સંવાદ સાધવા માટે, એકબીજાના જીવનની ઘટના, પ્રસંગ એકબીજાને કહેવા માટે જે માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે તેને સમાજમાધ્યમો કહેવામાં આવે છે. WhatsApp, Facebook, Twitter વગેરે આજના સમયમાં વપરાતા કેટલાક સમાજમાધ્યમો છે.






### માહિતી પ્રસારણના માધ્યમો અને સમાજ-માધ્યમો વચ્ચેનો તફાવત

માહિતી પ્રસારણના માધ્યમો અને WhatsApp, Facebook જેવા સમાજ માધ્યમો વચ્ચે તમને શું તફાવત જણાય છે ? નીચે તમને વિચારવા માટે કેટલાક મુદ્દાઓ આપ્યા છે -

૧. ખર્ચાળ/ઓછા ખર્ચાળ.

૨. અનેક લોકો સુધી પહોંચી શકાય/ન પહોંચી શકાય.

૩. નિયમ, નિયંત્રણ અને ઉત્તરદાયિત્વ.

૪. વાપરવામાં સરળ/મુશ્કેલ.

૫. પ્રભાવી/ અપ્રભાવી.

### સમાજ માધ્યમો પર મળતી માહિતી

નીચેનો સંદેશ WhatsApp પર ખૂબ ફરી રહ્યો હતો.

"UNESCO એ ભારતના રાષ્ટ્રગીતને સર્વશ્રેષ્ઠ જાહેર કર્યું."

શક્ય હોય તો વિદ્યાર્થીઓને આ સંદેશ વિશે માહિતી શોધી તેની સત્યતા તપાસવા કહેવું.

૧. તમારા માતાપિતા, મિત્ર WhatsApp પરની માહિતીની ચકાસણી કરે છે કે ?

૨. ધારો કે ખોટી માહિતીનો પ્રસાર કરવામાં આવે તો તેનું શું પરિણામ આવશે ? તે વિશે ચર્ચા કરો.

**સમજી લો.**

**ખોટી માહિતી ફેલાવવાનું પરિણામ**

સમાજમાધ્યમો પર કોઈનું પણ નિયંત્રણ ન હોવાથી કોઈએ કોઈપણ માહિતી મૂકી તો તેના માટે કોઈ પણ જવાબદાર હોતું નથી. ઘણીવાર સમાજના કેટલાક લોકો આનો લાભ લઈ લે છે. જુદાં જુદાં જૂથ વિશે લોકોમાં ગેરસમજણ ફેલાવવી, પોતાનો મત હકીકત છે એમ કહીને અફવા ફેલાવવી જેવી અનેક ઘટનાઓ ઘટતી હોય છે. એક જવાબદાર નાગરિક તરીકે આપણે એવું ન કરવું જોઈએ. આવી કોઈ માહિતી તમારા સુધી પહોંચે ત્યારે તેની વ્યવસ્થિત ચકાસણી કર્યા બાદ, તેની સત્યતાની ખાતરી થયા બાદ જ તેના પર વિશ્વાસ મૂકીને તેને આગળ મોકલવી અથવા ન મોકલવી એ આપણે પાળવું જોઈએ.

કોઈ પણ માહિતી મળે તો તેને ચકાસવાની પધ્ધતિ –

૧. ઈન્ટરનેટ પર જઈને તે માહિતી ક્યાંય પણ દેખાય છે કે તે પહેલા તપાસો.

૨. તે માહિતી દેખાય તો, તે અધિકૃત વર્તમાનપત્રની અથવા સરકારની વેબસાઈટ પર છે કે તે તપાસો.

૩. માહિતી આપનાર વ્યક્તિ અધિકૃત છે કે ? તેના વિશે તેની પાસે કંઇ આંકડાકીય માહિતી છે કે તે ફક્ત પોતાનો મત વ્યક્ત કરે છે તે તપાસો અને પછી જ તેના પર વિશ્વાસ મૂકવો.

### આપણાં પર થનાર પરિણામ

તમને facebook, Twitter અથવા WhatsApp વિશે શું ખબર છે ?

તમે દિવસ દરમ્યાન કેટલો સમય આ બધાના ઉપયોગમાં વાપરો છો.

તમને આ બધાં માધ્યમોના ઉપયોગ માટે હજી વધારે સમય મળે તો ગમે કે ? શા માટે ?

વિદ્યાર્થીઓના જૂથ પાડો તેમને ચર્ચા કરવા માટે ૧૦ મિનિટ આપો. દરેક જૂથે તેમના કારણો કહેવા. કારણો નોટબુકમાં લખવા.

### આપણને કોઈ સાંભળી રહ્યું છે તેવું લાગવું.



સમાજમાધ્યમોમાં આપણી કોઇપણ અભિવ્યક્તિને પ્રતિસાદ મળે છે. તેથી આપણે એ ભ્રમમાં રહી શકીએ કે આપણે વ્યક્ત કરેલ દરેક વિચારને લોકો ધ્યાનપૂર્વક સાંભળે છે, સમજે છે. હકીકતમાં તો આપણે કરેલ દરેક કાર્યની અથવા વ્યક્ત કરેલ દરેક વિચારની નોંધ લેવાય જ છે એવું નથી.

## વાસ્તવિક જીવન અને ઓનલાઇન જીવન



દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ઘટતી સારી વાતોને જ સમાજમાધ્યમો દ્વારા લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. જ્યારે વાસ્તવિક જીવનમાં સુખ અને દુ:ખ બંને હોય છે. બીજાઓએ મોકલેલી માહિતી જોઈને બીજા બધાં ખુશ છે અને મારા જીવનમાં જ આવું કઇ ઘટતું નથી, એવું વિચારીને અનેક લોકોને નિરાશા થવાની શક્યતા હોય છે.

## પરિપૂર્ણતાનો ભ્રમ

આપણો દેખાવ, આપણું જીવન, આપણાં સગા વહાલાં હંમેશા સર્વોત્તમ, નિર્દોષ, પરિપૂર્ણ અને આદર્શ જ હોવા જોઈએ, નહીંતર તે મહત્ત્વહીન છે એવી સમજ સમાજ માધ્યમો દ્વારા નિર્માણ થાય છે. તેથી નાની વાતોને મોટી કરી દેખાડવી, ન હોય તેવી વાતોનો આભાસ નિર્માણ કરવો અને મારું વ્યક્તિગત જીવન એવું નથી માટે લઘુતા અનુભવવી એવું અનેક વાર જોવા મળે છે. હકીકતમાં તો આપણો દેખાવ, આપણું જીવન, આપણાં સંબંધો અપરિપૂર્ણ હોય છે. તેને ઉત્તમ બનાવવા માટે પ્રયત્ન કરવા પડે છે.

## પરિસ્થિતિનું આકલન કરવું

કોઈ પરિસ્થિતિ વિશે માહિતી મેળવવા માટે અનેક ઘટકોની આવશ્યકતા હોય છે. શબ્દ, હાવભાવ, બોલવાની પધ્ધતિ વગેરે. એક સંશોધન અનુસાર માત્ર ૭% સંવાદ શબ્દો વડે થાય છે. બાકીના ૯૩% સંવાદ હાવભાવ, આપણા સ્વર દ્વારા થાય છે. પરિસ્થિતિનું આકલન કર્યા સિવાય આપણે સમાજમાં રહી કે વર્તી શકીએ નહીં. તેના માટે મગજના આવશ્યક જોડાણો માત્ર પ્રત્યક્ષ અનુભવ દ્વારા જ તૈયાર થાય છે એટલે કે સમાજમાધ્યમ જેવા આભાસી વિશ્વમાં આપણો જેટલો સમય જશે, તેટલી જ પ્રત્યક્ષ અનુભવની તક ઓછી થશે અને જીવવા માટે જોઈતા કૌશલ્યો વિકસિત થશે નહીં.

## લખેલા શબ્દોના અર્થ શોધવા



### થોડી ગમ્મત કરીએ.

ચાર્ટ પેપરની ૫-૬ ચિઠ્ઠીઓ તૈયાર કરો. દરેક ચિઠ્ઠીની સામેની બાજુએ કોઈ વાતની પ્રતિક્રિયા આપતા કોઈપણ વાક્યો લખો. તમે તમારા મનથી પણ વાક્યો લખી શકો છો.

૧. સારું છે.

૨. ઠીક ઠાક છે, કંઈ વિશેષ નથી.

૩. ઠીક છે, કંઈ ભૂલ નથી.

૪. ઠીક છે, કંઈ પસંદ છે.

૫. ઠીક છે, મારી અપેક્ષા વધારે હતી પણ હવે શું કરી શકાય ?

૬. ઉત્કૃષ્ટ છે.

એક વિદ્યાર્થીને સામે બેસાડો. તેને માત્ર 'લાઈક'નું ચિહ્ન દેખાય પણ બીજા વિદ્યાર્થીઓને બીજી બાજુ દેખાય એ રીતે ચિઠ્ઠીઓની રચના કરો. હવે તે વિદ્યાર્થીએ કોઈ પણ એક કૃતિ કરવી. ગીત ગાવું, જોક્સ સંભળાવવા, વગેરે. બીજા વિદ્યાર્થીઓ પૈકી કોઇ પણ એક વિદ્યાર્થીએ તેમાંથી એક ચિઠ્ઠી ઊંચકીને તેની લાઈકની બાજુ કૃતિ કરનાર વિદ્યાર્થીને દેખાડવી. તે વિદ્યાર્થીએ આ લાઈકનો શું અર્થ હશે તેનો વિચાર કરીને બીજાને કહેવો.

**સમજી લો.**

એક લાઈકના ચિહ્નના આટલા વિવિધ અર્થ થાય છે. તેથી જો આપણાં માટે વ્યક્ત થવાનું અને, અન્યોને પ્રતિક્રિયા દેવાનું મુખ્ય સાધન સમાજમાધ્યમ બની જાય અને તેથી લોકો સાથે આપણે સંવાદ ઓછો થઈ જાય તો આપણને લોકો વિશે અને લોકોને આપણાં વિશે અનેક ગેરસમજણો થઈ શકે છે, તે આપણે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ.

## એકલાપણું

**તુલના કરો.**



| | |
|---|---|
| ૧. અ – નિયમિત વ્યાયામ કરે છે અને રમવા જાય છે. | ૧. બ– રાત્રે મોડે સુધી મોબાઈલ પર ગેમ રમે છે. તેથી સવારે વહેલો ઉઠતો નથી. વ્યાયામ કરતો નથી. સાયકલ પર અથવા બસમાં જાય તો પણ ગીતો સાંભળતાં અથવા મોબાઈલ પર રમતાં રમતાં જાય. |

| | |
|---|---|
| ૨. શાળામાં મિત્રો સાથે વાતો કરે છે, રિસેસમાં બધાં સાથે બેસીને નાસ્તો કરે છે, ગપ્પા મારે છે. | ૨. રિસેસમાં પણ તે અને તેના બધાં મિત્રો ખાતી વખતે પોતપોતાના મોબાઈલ જોતા હોય છે. |
| ૩. સાંજે ઘરનાં લોકો સાથે, પાડોશીઓ સાથે વાતચીત કરે છે. | ૩. રાત્રે બધાં સાથે જમતો નથી. ટી.વી.અથવા ઈન્ટરનેટ જોતાં જોતાં જમે છે. |
| ૪. અ-સમાજ માધ્યમોનો મર્યાદિત ઉપયોગ કરે છે. પણ તેને તેના પરિસરના અનેક લોકો ઓળખે છે. | ૪. બ-ના ફેસબુક પર ૧૫૦૦ મિત્ર (ફ્રેંડ્સ) છે. |

**તમારા મતે કોણ વધારે એકલું છે ?**

**સમજી લો.**

તમને એવું લાગે છે કે સમાજ માધ્યમોને કારણે આપણે વધારે લોકો સાથે જોડાઈ શક્યા છીએ, આપણાં વધારે મિત્રો છે. પરંતુ આ જોડાવું એકદમ ઉપર ઉપરથી છે. જેમાં અર્થપૂર્ણ મૈત્રીની શક્યતા ખૂબ જ ઓછી છે. જેટલો સમય આપણે ઓનલાઈન વાપરીએ છીએ, તેટલો જ સમય સામસામે બોલવા માટે ઓછો આપીએ છીએ. તેથી જ આપણાં મનની વાત કહી શકાય એવી ગાઢ મૈત્રી કોઇની પણ સાથે થતી નથી.

### કોણ વધુ પ્રગતિ કરશે ?

પાંચ ઢીંગલીઓ બનાવો/લાવો. તેમને નીચેનામાંથી એક વ્યક્તિત્વ આપો.

૧. વ્યસની વ્યક્તિ

૨. શોષણ થવાથી નિરાશ થઈને શાળા છોડનાર વ્યક્તિ.

૩. જાહેરખબર અને માધ્યમોના પ્રભાવને કારણે અભ્યાસમાંથી રસ ગુમાવેલી વ્યક્તિ.

૪. સમાજમાધ્યમોને કારણે ખોટી માહિતીના પ્રભાવમાં આવીને દંગલમાં ભાગ લેનારી વ્યક્તિ.

૫. નિરોગી, શાળામાં ધ્યાન આપનાર વ્યક્તિ.

નીચેના મુદ્દાઓ વિશે સકારણ ચર્ચા કરો -

૧. કોનું આગળનું જીવન નિરોગી હશે ?

૨. કોનું કેરિયર સારું હશે ?

૩. કોનું માનસિક સ્વાસ્થ્ય સારું રહેશે ?

૪. કોના ઘરના લોકો સાથે સારા સંબંધ રહેશે ?

૫. કોણ પોતાની હોંશ, શોખ પૂરા કરી શકશે ?

વર્ગના એક છેડાથી શરૂ કરીને બીજા છેડા સુધી જવાનું છે.
દરેક પ્રશ્ન પૂછ્યા પછી જે વ્યક્તિત્વ સંબંધી 'હા' જવાબ મળે તે ઢીંગલીને એક પગલું આગળ વધારો. 'ના' માં જવાબ મળે તો ત્યાંજ રહેવા દેવી.
બધાં પ્રશ્નો પૂરા થયા બાદ કોણે વધુ પ્રગતિ કરી છે તે જુઓ.
વિદ્યાર્થીઓને પૂછો કે એમાંથી શું સમજાયું ?

## માધ્યમોની સકારાત્મક બાજુ

**સમજી લો.**

આપણે માધ્યમોની નકારાત્મક બાજુ જોઈ તે જ રીતે સકારાત્મક બાજુ પણ વધુ મહત્ત્વની છે. માધ્યમોને કારણે આપણને પૌરાણિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક માહિતી મળે છે. શૈક્ષણિક સૂચના, પરિણામ, પ્રબોધન વિષયક માહિતી, આમંત્રણો, દૃશ્ય શ્રાવ્ય માહિતી એક જ ક્ષણમાં મેળવી શકાય છે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. માધ્યમોને કારણે વિચારોનું આદાન-પ્રદાન સરળતાથી કરી શકાય છે. તેમજ રાષ્ટ્રીય એકતા અને સામાજિક પરિવર્તનમાં પણ માધ્યમોની ભૂમિકા મહત્ત્વની છે. કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ઉદ્યોગ, વ્યાપાર જેવા ક્ષેત્રોમાં પણ માધ્યમોનો ઉપયોગ થાય છે.

માધ્યમોના બીજા સકારાત્મક ઉપયોગ તમારી નોટબુકમાં લખો.

## સમાજમાધ્યમોના પ્રભાવને સફળતાપૂર્વક અટકાવવો.

### ૧. સમજો.

તમારા પર થતાં સમાજ માધ્યમના પ્રભાવ વિશે જાગૃત રહો. તે પ્રભાવ બરાબર સમજી લો.

### ૨. ઓળખો.

તમે પોતે દિવસમાં કેટલો સમય સમાજમાધ્યમો માટે વાપરો છો તે તરફ ધ્યાન આપો. તમે તમારો ફોન/ ઈન્ટરનેટ ન વાપરો ત્યારે અસ્વસ્થતા અનુભવો છો કે ? તે વિશે વિચાર કરો.

## ૩. આહ્વાન આપો.

રોજ પોતાના માટે નિશ્ચિત સમય કાઢો. મોબાઈલ, ઈન્ટરનેટથી દૂર રહેવાનો પ્રયત્ન કરો. શરૂઆતમાં પોતાના વિશે વિચાર કરવા માટે, પોતાના આરોગ્ય માટે ૧૦ મિનિટ કાઢવાની શરૂઆત કરો. ધીમે ધીમે આ સમય વધારતા જાઓ.

F84LHX

## ૪. અમલ કરો.

તમે નક્કી કરેલ ફેરફાર અમલમાં મૂકો. સફળતા ન મળે તો તમારા વાલી સાથે વાત કરો. તમે શું કરવાનો પ્રયત્ન કરી રહ્યા છો તે તેમને સમજાવો. નવી યોજના બનાવો.

### મૂલ્યમાપન (ભારાંશ ૧૫%)

| માપદંડ | ઉત્તમ (ખૂબ સરસ) | યોગ્ય (સંતોષજનક) | અયોગ્ય (અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| જાહેરખબર શોધો. | જાહેરખબર શોધવાના ઉપક્રમમાં સક્રિય સહભાગ લઈને પોતાનો નિષ્કર્ષ સ્પષ્ટપણે રજૂ કર્યો. | સહભાગ લીધો પણ નિષ્કર્ષ કાઢ્યો નહીં. | બીજા વિદ્યાર્થીઓની નોટબુકમાં જોઈને કામ પૂર્ણ કર્યું. | |
| વર્ગના વાતાવરણનું આત્મપરીક્ષણ | પ્રામાણિકપણે આત્મપરીક્ષણ કર્યું. અને જરૂર હોય ત્યાં ફેરફારનું નિયોજન કર્યું. | આત્મપરીક્ષણ કર્યું. પણ કોઈ ફેરફાર ન સૂચવ્યા. | બીજા વિદ્યાર્થીની નોટબુકમાં જોઈને જવાબ પૂર્ણ કર્યા. | |
| તમે શું કરશો ? | સમૂહચર્ચામાં ઉત્સાહથી ભાગ લઈને પાઠમાં આપેલા મુદ્દાના આધારે ઉપાયો સૂચવ્યા. | ચર્ચામાં સહભાગ લીધો પણ ઉપાય યોજનામાં પાઠના મુદ્દાઓનો સમાવેશ કર્યો નહીં. | ચર્ચામાં ભાગ લીધો નહીં. માત્ર બીજાને સાંભળ્યા. | |


લોબો ઉત્સાહથી દોડતો દોડતો નિશા પાસે આવે છે.
મેં નક્કી કરી લીધું !
હું ગાયક બનીશ.
કેવી રીતે ?
જો, મને ગાવું ગમે છે, સરસ ગાતા આવડે છે, હું ગાતાં શીખી રહ્યો છું અને ગાયક બનવાની તક પણ છે. એટલે કે પસંદ ક્ષમતા અને તક બધું જ છે.
હં, બરાબર.
દરેક તબક્કે આવો જ વિચાર કરવો પડશે.
જે હાથમાં લીધું છે તે સારી રીતે કરવું જોઈએ. આપણે મોટા થશું તેમ તેમ જુદાં જુદાં પર્યાયો આપણી સામે આવશે.
પણ પસંદ-ક્ષમતા અને તકનો સમન્વય સાધીને આગળ વધવું જોઈએ.

# ૫ હું અને મારું કેરિયર



"પ્રયત્ન ન કરવો, એ જ દુનિયાની એકમાત્ર અસફળતા છે."

**ઉદ્દેશો :**

૧. કેરિયર વિશેની કેટલીક પ્રચલિત માન્યતાઓનો પુનર્વિચાર કરીને પોતાનો મત રજૂ કરવો.
૨. 'કેરિયર એ એકજ વાર ઘટનારી ઘટના નહીં પણ સતત ચાલતી પ્રક્રિયા છે.' તેનું સ્પષ્ટીકરણ પોતાના શબ્દોમાં આપતા આવડે.
૩. કલચાચણી (interest test) વિશે જાણે છે. પોતાના શબ્દોમાં કલચાચણીનું મહત્ત્વ કહેતા આવડે.
૪. મહાકેરિયરમિત્ર પોર્ટલ વિશે જાણે છે.
૫. પોતાનું ધ્યેય નિશ્ચિત કરતાં આવડે અને તેને પોતાના શબ્દમાં રજૂ કરતાં આવડે. તેના માટે સમયનું નિયોજન કરતાં આવડે.
૬. પોતાના કેરિયરની સંકલ્પના વિશે પોતાના વાલી સાથે રચનાત્મક સંવાદ સાધવા માટે નિયોજન કરતાં આવડે.
૭. ધો.૧૦ પછીની પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી કાગળ અને ઉપલબ્ધ શિષ્યવૃત્તિ વિશે માહિતી મેળવે.

ગયા વર્ષે આપણે કેરિયર એટલે શું, કેરિયર કેવી રીતે પસંદ કરવું, કેરિયર મેજિક ફ્રેમવર્ક વિશે માહિતી મેળવી. આ વર્ષે આપણે દસમી પછીના પર્યાયો વિશે અને ધ્યેય નિશ્ચિત કરવા વિશે વધુ માહિતી મેળવીશું.

### કેરિયર માટેના કેટલાક મતપ્રવાહ

પૂછેલા પ્રશ્નો વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો. તેમના મત જાણી લો. તેમને પ્રતિપ્રશ્નો પૂછો. તેમનો જવાબ 'હા' હોય તો શા માટે અને 'ના' હોય તો શા માટે નહીં તે અંગે સ્પષ્ટતા કરવા કહો.

પ્રાથમિક ચર્ચા કર્યા બાદ આપેલા ઉદાહરણો આપો અને આપેલ વિધાન સંબંધી તેમનો મત તેમને બદલવાની જરૂર લાગે છે કે તે પૂછો. તેનું સ્પષ્ટીકરણ આપવા માટે પ્રોત્સાહિત કરવા.



૧. તમારી આર્થિક પરિસ્થિતિ સારી હોય તો જ કેરિયર ઘડી શકાય છે.

હા નહીં

૨. તમે એકવાર ખોટું કેરિયર પસંદ કર્યું તો તમે ક્યારેય સફળ નહીં થઈ શકો.

હા નહીં

૩. ફક્ત વિજ્ઞાન અથવા ગણિત શાખા લઈએ તો જ કેરિયર ઘડી શકાય છે.

હા નહીં

૪. જે કેરિયરમાં સૌથી વધુ પૈસા મળે તે જ કેરિયર પસંદ કરવું જોઇએ.

હા નહીં

૫. 'નોકરી કરવી' એ કેરિયર ઘડવાનો એકમાત્ર માર્ગ છે.

હા નહીં




૧. વૈજ્ઞાનિક ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ, ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણી, ઓલિમ્પિક પદક વિજેતા કુસ્તીબાજ સુશીલકુમાર, અભિનેતા રજનીકાંત અને એમના જેવા અસંખ્ય લોકો ગરીબીમાંથી આગળ આવ્યા અને પોતપોતાના ક્ષેત્રમાં પ્રભાવી રહ્યા.

૨. 'હેરી પૉટર'ના લેખિકા જે.કે.રાઉલીંગ પહેલા અંગ્રેજીના શિક્ષિકા હતા. અનિલ કુંબલે, હર્ષા ભોગલે ક્રિકેટ ક્ષેત્રમાં આવ્યા તે પહેલા એંજિનિયર હતા. તે જ રીતે લેખક ચેતન ભગત પણ એંજિનિયર હતા. અભિનેતા શ્રીરામ લાગુ, મોહન આગાશે અભિનેતા બન્યા તે પહેલાં તેમણે વૈદકીય શિક્ષણ લીધું હતું.



૩. શેફ સંજીવ કપૂર, અનેક પત્રકાર, ખેલાડી, આપણાં દેશના અર્થશાસ્ત્રી, લેખક, કવિ, સંગીતકારે કલા, લલિતકલા, માનવવિદ્યા વાણિજ્ય અથવા કૌશલ્યાધિષ્ઠિત શિક્ષણ લઈને પોતાનું કેરિયર ઘડ્યું.



૪. ડૉ.પ્રકાશ આમટે એ વૈદકશાસ્ત્રમાં પદવી મેળવી હતી. શહેરમાં વૈદકીય સેવા આપીને તેઓ ખૂબ પૈસા કમાઈ શક્યા હોત પણ તેમણે તેવું કરવા કરતા ચંદ્રપુરના આદિવાસી જન સમુદાય સુધી વૈદ્યકીય સેવા આપવાનું વધુ શ્રેયસ્કર માન્યું.

૫. પહેલાના સમયમાં લોકોને નોકરી કરવું વધુ સુરક્ષિત લાગતું. હવે દરેક ક્ષેત્રમાં વિવિધ તકો ઉપલબ્ધ હોવાથી વ્યવસાય કરવો પહેલા કરતાં વધુ સરળ અને લોકપ્રિય બન્યો છે. તેથી વ્યવસાય કરવો એ પણ કેરિયર ઘડવાનો એક પ્રમુખ માર્ગ બન્યો છે. (ઉદાહરણો આપો.)

**નીચેના ઉદાહરણોનો વિચાર કરો.**

૧. પાએંગ જાદવ નામના આસામી માણસે એકલા હાથે ૩૭ વર્ષ સુધી ઝાડો રોપીને ૧૩૬૦ એકરનું જંગલ ઊભું કર્યું.

૨. ડૉ.અભય અને ડૉ.રાણી બંગના સાર્વજનિક આરોગ્ય ક્ષેત્રના સંશોધનને કારણે ગડચિરોલી જિલ્લામાં બાળમૃત્યુનું પ્રમાણ ઘટ્યું.

૩. રાજેન્દ્રસિંગે લોકસહભાગથી ૪૫૦૦ નાના બંધ બાંધીને રાજસ્થાનના ભૂજળ સ્તરમાં વૃદ્ધિ કરી.

ઉપરના ઉદાહરણોમાંના માણસો તેમના કેરિયરમાં સફળ થયા છે એવું તમને લાગે છે કે ? તેમની સફળતાની, કેરિયર ઘડવાની વ્યાખ્યા શું હશે એવું તમને લાગે છે ?

નીચેના મુદ્દાઓને આધારે ચર્ચા કરો. તેમને વિચાર કરવા દો.

૧. સફળ થવું એટલે શું ?

૨. આપેલા ઉદાહરણની વ્યક્તિઓ સફળ છે કે ?

૩. તેઓ તેમના કામમાં ખૂબ પૈસા કમાયા હશે કે ?

૪. પૈસા કમાવા એ જ કેરિયરનો એકમાત્ર ઉદ્દેશ છે કે ?

**કેરિયર-ઘટના નહીં પ્રક્રિયા**

પદવી મેળવ્યા પછી મિનાજ એક કંપનીમાં કામે લાગી. નવા દાખલ થનારા કર્મચારીઓને કંપનીમાં ચાલતા કામ શીખવવાની જવાબદારી તેને સોંપવામાં આવી, તે જવાબદારી નિભાવતા નિભાવતા તેને ધ્યાનમાં આવ્યું કે તેને સરસ શીખવતા આવડે છે અને તેને શીખવવું ગમે છે. તેમજ હાલમાં શીખવનારની ખૂબ માંગ છે. કેટલાક વર્ષો બાદ તેણે તે કંપની છોડીને પોતાના વર્ગ શરૂ કર્યા અને તેને ઉત્તમ પ્રતિસાદ મળ્યો.

રમેશે વાણિજ્ય શાખાની પદવી મેળવી અને તે એક હોસ્પિટલમાં એકાઉન્ટન્ટ તરીકેનું કામ કરવા લાગ્યો. તેનું કામ કરતાં કરતાં તેને એવું ધ્યાનમાં આવ્યું કે તેને એકાઉન્ટ્સના કામની સાથે સાથે ઓફિસના વ્યવસ્થાપનમાં પણ રસ છે. નોકરી કરતાં કરતાં તેણે એમ.બી.એ.ની પદવી મેળવી. જેથી હોસ્પિટલમાં તેની વ્યવસ્થાપક તરીકેની બઢતી થઈ.

આપેલા ઉદાહરણ દ્વારા શું જણાય છે તે વિચારો. નીચેના મુદ્દાઓને આધારે ચર્ચા કરો.

૧. દરેકે શરૂઆતમાં નક્કી કરેલા માર્ગે જ પોતાનું કેરિયર ઘડ્યું કે ?

૨. આપેલા ઉદાહરણમાં કેરિયરનો માર્ગ બદલવાનું કારણ શું હતું ?

૩. ત્રણેય જણે પોતાનું કેરિયર ઘડ્યું એવું આપણે કહી શકીએ કે ?

જોસેફ એક ખેડૂત છે અને તેનું પોતાનું ખેતર છે. જોસેફને એવું ધ્યાનમાં આવ્યું કે હાલમાં કૃષિ પદાર્થો પર પ્રક્રિયા કરીને નિર્માણ કરવાની ખૂબ માંગ છે. જોસેફે ફૂડ પ્રોસેસીંગમાં આગળનું શિક્ષણ મેળવ્યું અને ખેતીને પૂરક એવો પોતાનો વ્યવસાય શરૂ કર્યો.



**સમજી લો.**

**કેરિયર એ જીવનમાં એક જ વાર ઘટતી ઘટના નહીં પણ એક પ્રક્રિયા છે.** આપણે જેમ જેમ નવી નવી વાતો શીખતાં જઈએ, અનુભવતા જઈએ તેમ તેમ આપણે પોતા વિશે, પોતાની ક્ષમતા વિશે, પસંદ નાપસંદ વિશે વધુ સ્પષ્ટ થતાં જઈએ છીએ. તેમજ ઉપલબ્ધ તકોની માહિતી મળે છે. તે અનુસાર આપણે સમયે સમયે આપણા કેરિયરને આકાર આપતા રહીએ છીએ. તેથી કેરિયર સંબંધી નિર્ણય માત્ર દસમીમાં અથવા બારમીમાં જ લેવાય એવું નથી.

### કેરિયર મૅજિક ફ્રેમવર્ક-પુનરાવર્તન

આપણી પસંદ, ક્ષમતા અને તક આ ત્રણેયનો મેળ જે ક્ષેત્રમાં થાય છે, તે જ ક્ષેત્રમાં આપણે કેરિયર ઘડી શકીએ છીએ આ ત્રણેય પૈકી એક પણ ઘટક ન હોય તો ફક્ત નોકરી, શોખ અથવા સ્વપ્ન બાકી રહે છે.

છેલ્લું ઉદાહરણ જોઈએ :

- શરૂઆતમાં રમેશે તેની પસંદ, તક અને ક્ષમતાનો વિચાર કરીને વાણિજ્ય શાખાની પદવી લઈને એકાઉન્ટન્ટની નોકરી શરૂ કરી. એટલે કે પોતાનું કેરિયર પસંદ કર્યું.
- થોડા સમય પછી તેને પોતાની નવી પસંદની જાણ થઈ. હોસ્પિટલ વ્યવસ્થાપનમાં તક હોવાનું તેને જણાયું અને તે માટે પોતાની ક્ષમતા વધારવા માટે તેણે એમ.બી.એ.ની ડીગ્રી મેળવી.
- રમેશના ઉદાહરણથી આપણને જણાય છે કે કેરિયરની પ્રક્રિયાના દરેક ટપ્પે કેરિયર મેજિક ફ્રેમવર્ક લાગુ પડે છે અને કેરિયર પસંદ કરવા માટે ઉપયુક્ત ઠરે છે.

આજ પધ્ધતિથી તમે મિનાજ અને જોસેફના ઉદાહરણ બાબતે કેરિયર **મેજિક ફ્રેમવર્કની માંડણી કરી શકશો** કે ? નોટબુકમાં લખો.




પોતાની પસંદ અને ક્ષમતા શોધવા માટે આપણે ગયા વર્ષે કેટલાક સ્વયંમૂલ્યમાપનના ઉપક્રમો કર્યા હતાં તેના દ્વારા તમને કેટલીક સ્પષ્ટતા થઈ હશે એવી અપેક્ષા છે. આ વર્ષે આપણે એ વિશે થોડી વધુ માહિતી મેળવવાના છીએ.

**પોતાની પસંદ શોધવી.**

- ધોરણ નવમાના ઉપક્રમો કર્યા બાદ, ધોરણ ૧૦ માં પોતાની પસંદ શોધવા માટે કલચાચણી તમને મદદરૂપ થશે.
- મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક શિક્ષણ મંડળ દર વર્ષે ધોરણ ૧૦ ના બધા વિદ્યાર્થીઓ માટે 'કલચાચણી' આયોજિત કરે છે.
- 'કલચાચણી' એ એક માનસશાસ્ત્રીય કસોટી છે જે તમને કેરિયર પસંદ કરવા માટે, ધોરણ ૧૦ પછી ઉપલબ્ધ ૭ ક્ષેત્રો એટલે કે કૃષિ, લલિતકલા, વાણિજ્ય, તાંત્રિક, કલા, ગણવેશધારી સેવા, આરોગ્ય વિજ્ઞાનમાંથી પોતાની પસંદ શોધવામાં મદદ કરે છે.
- ખરા અર્થમાં આ કાંઈ પરીક્ષા નથી, તેમાં પોતા વિશે, પોતાની પસંદ-નાપસંદ વિશે કેટલાક વિધાનો પસંદ કરવા અપેક્ષિત છે.
- કલચાચણીમાં ગુણ ન હોવાથી તેમાં કોઈ પણ જવાબ સાચો અથવા ખોટો હોતો નથી.
- આ કલ ચાચણીનો અહેવાલ તમને www.mahacareermitra.in સંકેતસ્થળ પર જોવા મળશે. તેમ જ તમારા ધોરણ ૧૦ના પરિણામ વખતે પણ એની એક પ્રત તમને મળી શકશે.
- કલ ચાચણી માત્ર માર્ગદર્શનનું કામ કરે છે. કઈ શાખા પસંદ કરવી તેનો અંતિમ નિર્ણય વિદ્યાર્થીઓનો હોય છે.

## કેરિયરના સાત ક્ષેત્રો

કલચાચણીના અહેવાલ પરથી તમે તમારી પસંદ ક્યા ક્ષેત્રમાં છે તેનું અનુમાન કરી શકશો. કેરિયરના સાત ક્ષેત્રો વિશે આપણે વધુ માહિતી મેળવીશું. ધો ૧૦ પછીના પર્યાય નીચે આપ્યા છે.

### કૃષિ

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
પદવિકા અભ્યાસક્રમ
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
તંત્ર નિકેતન (૧૦મી પછીના પદવિકા અભ્યાસક્રમ)
એચએસસી વિજ્ઞાન (ઉચ્ચ માધ્યમિક પ્રમાણપત્ર)

### લલિતકલા

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
ITI અભ્યાસક્રમ (ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા)
તંત્રનિકેતન (૧૦મી પછીના પદવિકા અભ્યાસક્રમ)
ફાઉંડેશન પદવિકા અભ્યાસક્રમ

### તાંત્રિક

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
ITI અભ્યાસક્રમ (ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા)
તંત્રનિકેતન (૧૦મી પછીના પદવિકા અભ્યાસક્રમ)
એચએસસી વિજ્ઞાન (ઉચ્ચ માધ્યમિક પ્રમાણપત્ર)

### આરોગ્ય વિજ્ઞાન

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
ITI અભ્યાસક્રમ (ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થા)
તંત્રનિકેતન (૧૦મી પછીના પદવિકા અભ્યાસક્રમ)
એચએસસી વિજ્ઞાન (ઉચ્ચ માધ્યમિક પ્રમાણપત્ર)

### વાણિજ્ય

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
એચએસસી વિજ્ઞાન (ઉચ્ચ માધ્યમિક પ્રમાણપત્ર)

### કલા

પ્રમાણપત્ર અભ્યાસક્રમ (MSBVE અને અન્ય)
એચએસવ્હીઈ (ઉચ્ચ માધ્યમિક વ્યવસાયિક શિક્ષણ)
એચએસસી વિજ્ઞાન (ઉચ્ચ માધ્યમિક પ્રમાણપત્ર)

### ગણવેશધારી સેવા

૧૨મી પછી / પદવી પછી

## પોતાની ક્ષમતા ઓળખવી.

- ધોરણ નવના ‘સ્વવિકાસ અને કલારસાસ્વાદ’ પુસ્તકના પ્રકરણ-૮ ‘કેરિયર’માં તમને તમારી ક્ષમતા ઓળખવા માટે કેટલાક ઉપક્રમો આપવામાં આવ્યા હતા.
- તેની સાથે જ, તમારા ગત ૩ વર્ષના ગુણપત્રકનું વિષયવાર વિશ્લેષણ કરીને પણ તમારી સાતત્યપૂર્ણ કામગીરી ક્યા વિષયમાં છે તે સમજવામાં મદદ થશે.
- ઉપરના બંને ઉપક્રમો દ્વારા તમને તમારી ક્ષમતાનો અંદાજ આવશે.

## કેરિયરનું યોગદાન

એકવાર પોતાની પસંદગીનું ક્ષેત્ર નક્કી થયા બાદ તે ક્ષેત્રના અન્ય ઉપક્ષેત્રો અને તેમાં રહેલી તકો વિશે આપણે વધુ માહિતી મેળવવી જોઇએ.

## મહાકેરિયરમિત્ર પોર્ટલ

‘મહાકેરિયરમિત્ર પોર્ટલ’ની સ્થાપના વિદ્યાર્થીઓને કેરિયર અંગે માર્ગદર્શન મળે તે હેતુથી કરવામાં આવી છે. આ સંકેતસ્થળ પર (વેબસાઈટ પર) તમારા જિલ્લામાં, તાલુકામાં ઉપલબ્ધ વિવિધ કેરિયરના ક્ષેત્રો, ઉપક્ષેત્રો અને તેમાં પદવી પ્રદાન કરનારી કોલેજ વિશે માહિતી આપવામાં આવી છે. તેમ જ દરેક ક્ષેત્રના માનનીય લોકોએ તે ક્ષેત્ર વિશે આપેલી માહિતી પણ તમે જોઈ શકશો.

www.mahacareermitra.in સંકેતસ્થળની મુલાકાત લો.

### થોડી ગમ્મત કરીએ.

અ : આ રસ્તો ક્યાં જાય છે ?

બ : રસ્તો ક્યાંય જતો નથી. તમારે ક્યાં જવાનું છે ?

અ : એવું કંઈ નક્કી નથી.

બ : તો પછી કોઈપણ રસ્તો પસંદ કરો. શું ફરક પડે છે ?

### સમજી લો.

જ્યાં સુધી આપણે શું સિધ્ધ કરવાનું છે - પછી તે કેરિયરની બાબતમાં હોય કે જીવનની અન્ય મહત્ત્વપૂર્ણ બાબત વિશે હોય - એ નક્કી થતું નથી. ત્યાં સુધી આપણે તે માટે કોઈ પણ કૃતિ કરી શકતા નથી. તેથી આપણે શું સાધ્ય કરવાનું છે તે આપણે સૌથી પહેલા નક્કી કરવું જોઈએ. તેને જ ધ્યેય નિશ્ચિતિ કહેવામાં આવે છે.



નીચેના ઉદ્દાહરણો જુઓ નીચેનામાંથી કોના કોના ધ્યેય પૂર્ણ થઈ શકે એવું તમને લાગે છે ?

૧. રફિકનું ધ્યેય છે કે તેને **ખૂબ ખૂબ મોટું** બનવું છે. પણ ચોક્કસ શું તે તેને ખબર નથી.

૨. પીટરનું ધ્યેય છે કે તેને **ઘણાં બધાં ઝાડ વાવવા** છે. તે દરરોજ એક ઝાડ વાવે છે. પોતાનું ધ્યેય ક્યારે પૂર્ણ થશે તે તેને સમજાતું નથી.

૩. રાધિકાનું ધ્યેય છે કે તેણે જગતના **બધાં પ્રશ્નો** ઉકેલવા છે.

૪. જસ્મીતનું ધ્યેય છે કે તેણે **બે મહિનામાં** ઉત્તમ ખેલાડી બનવું છે.

૫. ડેલનાઝનું ધ્યેય છે કે તેને જીવનમાં **ગમે ત્યારે** સંગીત શીખવું છે.

આપેલી દરેક વ્યક્તિ વિશે વિચાર કરવા કહો. દરેક ધ્યેય સાધ્ય થવું સરળ છે કે મુશ્કેલ તેમ પૂછો. તેના કારણો પણ પૂછો. નીચેના મુદ્દા વિશે ચર્ચા કરો –

૧. રફિકનું ધ્યેય ક્યારે પૂર્ણ થશે ? તે ઉંમરમાં અથવા વજનમાં ખૂબ મોટો થવાથી પૂર્ણ થશે કે ?
૨. પીટરનું ધ્યેય પૂર્ણ થયું તે કઈ રીતે કહી શકશો ?
૩. રાધિકાનું ધ્યેય ખરેખર પૂર્ણ થઇ શકે કે ?
૪. જસ્મીતનું ધ્યેય સાધ્ય કરવું વ્યવહારિક દષ્ટિએ શક્ય છે કે ?
૫. ડેલનાઝનું ધ્યેય પૂર્ણ કરવામાં શું મુશ્કેલી છે ?

દરેકના ધ્યેય અંગેના વિધાન વિશે ચર્ચા કરો. દરેક વિધાન SMART છે કે તે ચકાસો. ન હોય તો તેમાં શું ખામી છે તે શોધી તે પ્રમાણે ધ્યેય વિધાન બદલાવો.

ધ્યેય વિધાનમાં 'ચોક્કસ શું ?' 'ક્યારે', 'કેટલું' સ્પષ્ટ થાય છે કે તે તપાસો.

**ઉપરના ઉદાહરણોમાં તે વ્યક્તિઓની માત્ર ઈચ્છા વ્યક્ત થઈ છે. તેનું ધ્યેયમાં રૂપાંતર થયા સિવાય તેને પ્રત્યક્ષ કરવી મુશ્કેલ હોય છે.** આપણું ધ્યેય પૂર્ણ કરવું હોય તો પહેલા તો યોગ્ય પધ્ધતિથી શબ્દબધ્ધ કરતાં આવડવું જોઇએ, ઈચ્છાનું ધ્યેયમાં રૂપાંતર કઈ રીતે કરવું તે આપણે જોઈએ.

**S** **૧. Specific**

આપણે ચોક્કસપણે શું સાધ્ય કરવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરવું. શક્ય હોય તો 'કંઈપણ', 'મોટું', 'ભવ્ય' વગેરે શબ્દો વાપરવા નહીં.

**M** **૨. Measureable**

ગણતરી કરી શકાય તેવું – આપણે જે સાધ્ય કરવાનું છે તેની જો ગણતરી થઈ શકે તો જ તે આપણે સાધ્ય કર્યું કે નહીં તે આપણને સમજાય છે 'ખૂબ', 'ઘણું', 'બધું', 'સારું' જેવા શબ્દો વાપરવા નહીં. 'પરીક્ષામાં સારા ગુણ મેળવવા' તે કરતાં 'પરીક્ષામાં ૭૦% કરતાં વધુ ગુણ મેળવવા તે વધુ યોગ્ય ધ્યેય છે.

**A** **૩. Achievable**

સાધ્ય હોય તેવું – આપણે જે ધ્યેય નક્કી કરીએ છીએ તે ખરેખર સાધ્ય થઇ શકે તેવું છે કે તેનો વિચાર કરવો. દુનિયાના બધાં દુ:ખ દૂર કરવા એ અસાધ્ય ધ્યેય છે. તેના બદલે બે લોકોને વાંચતાં શીખવવું એ ધ્યેય સાધ્ય કરી શકાય તેમ છે.

**R** **૪. Realistic**

વ્યવહારિક – બે મહિનામાં ઉત્તમ ખેલાડી બનવું વ્યવહારિક નથી. ઉત્તમ ખેલાડી બનવા માટે વર્ષો સુધી મહેનત કરવી પડે છે.

**T** **૫. Time bound**

સમયની મર્યાદા હોય તેવું – કોઈ ધ્યેય આપણે ક્યાં સુધીમાં સાધ્ય કરવું છે તેની સમય મર્યાદા નક્કી નહીં કરો, ત્યાં સુધી તે ધ્યેય સિધ્ધ કરવું શક્ય બનશે નહીં. જો આપણી સામે કોઈ જ સમયમર્યાદા નહીં હોય તો આપણે કામ કરવાની શરૂઆત જ કરશું નહીં.

ટૂંકમાં આપણું ધ્યેય SMART હોવું જોઈએ.

## સમજી લો.

નીચે આપેલા ધ્યેય વિધાનોમાં ખામી છે કે તે શોધો અને તમારી નોટબુકમાં લખો. હોય તો વિધાનને યોગ્ય સ્વરૂપમાં કઈ રીતે લખી શકાય તેનો વિચાર કરીને યોગ્ય ધ્યેય વિધાન લખો.



૧. રેમોનું ધ્યેય છે કે તેને સારા ગુણાંક મેળવવા છે.

૨. મનીષાનું ધ્યેય છે કે તેણે સફળ બનવું છે.

૩. રાકેશનું ધ્યેય છે તેને ચાર પૈડાવાળું વાહન વેંચાતું લેવું છે.

૪. પરવીનનું ધ્યેય છે કે તેણે અગિયારમીમાં ૬૦% ગુણાંક મેળવીને 'અબક' કોલેજમાં એડમિશન મેળવવું છે.

### પોતાના કેરિયરનું નિયોજન



ધારો કે તમારે એક ગામથી બીજે ગામ જવાનું છે. તો તમે ઊઠીને સીધા ચાલવા લાગશો કે ? ધારો કે તમારા ઘરમાં એક લગ્ન નક્કી થયાં છે, તો લગ્નના દિવસે જ તમે બધી તૈયારી કરી શકશો કે ? ધારો કે એકાદ ખેલાડીને ઓલિમ્પિકમાં પદક જીતવો છે, તો તે માત્ર સ્પર્ધાના દિવસે જ મેદાન પર દોડશે તો તે પોતાનું ધ્યેય સાધ્ય કરી શકશે કે ? દરેક પ્રશ્નનો જવાબ 'ના' જ હશે. કોઇ પણ બાબત સાધ્ય કરવી હોય તો તેની પૂર્વ તૈયારી કરવી અત્યંત જરૂરી હોય છે. તે અનુસાર આજથી જ શું-શું કરવું જોઈએ તે નક્કી કરવું અત્યંત જરૂરી છે.

તો આપણા કેરિયર વિશે આવી સ્પષ્ટતા હોવી અત્યંત મહત્ત્વની છે. નમૂના કોષ્ટક તમને આ સ્પષ્ટતા મેળવવામાં મદદ કરશે.

નમૂના કોષ્ટક પ્રમાણે વિદ્યાર્થીઓને પોતાનું કોષ્ટક બનાવવામાં મદદ કરો.
કોષ્ટકમાં વધારેમાં વધારે ચોકસાઈ લાવવામાં મદદ કરો.




| વર્ષ | હું કોણ હોઇશ? | હું શું કરતો હોઇશ? | મારી પાસે શું હશે? |
|---|---|---|---|
| ૧૦ વર્ષ પછી | હું એક સફળ ખેડૂત હોઇશ. | હું મારી પોતાની ખેતી કરતો હોઇશ. | • પોતાની ખેતી<br>• પોતાનું ઘર<br>• પોતાનું ટ્રેક્ટર |
| ૫ વર્ષ પછી | 'મેં 'અબક' કોલેજમાંથી બી. એસસી. કૃષિની પદવી મેળવી હશે. | અનુભવ મેળવવા માટે હું એકાદ સફળ ખેડૂત સાથે કામ કરતો હોઈશ. | • મારી ડિગ્રી<br>• ઉત્તમ ખેતી કરવાનું કૌશલ્ય |
| ૩ વર્ષ પછી | બારમાની પરીક્ષામાં 'ક' માર્ક મેળવીને મેં 'અબક' કોલેજમાં પ્રવેશ મેળવ્યો હશે. | હું બી.એસસી. કૃતિની પદવીનો અભ્યાસક્રમ પૂર્ણ કરતો હોઇશ. તે સંદર્ભમાં નવી નવી બાબતો શીખતો હોઈશ. | • વધુનેવધુ શીખવાની ઈચ્છા.<br>• આ શિક્ષણનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશેની સ્પષ્ટતા.<br>• મેં વિવિધ યોજનાની માહિતી મેળવી હશે. |
| ૧ વર્ષ પછી | દસમાની પરીક્ષામાં 'બ' ટકા કરતાં વધારે ગુણ મેળવીને અગિયારમી માટે 'કખગ' કોલેજમાં પ્રવેશ મેળવ્યો હશે. | હું 'કખગ' કોલેજમાં અગિયારમાં ધોરણમાં ભણતો હોઈશ. બારમીમાં 'ક' ટકા કરતાં વધારે ગુણ મેળવવાની દિશામાં પ્રયત્ન કરતો હોઈશ. | • વધુ ને વધુ શીખવાની ઈચ્છા.<br>• આગળ શું કરવાનું છે તે વિશે મેં માહિતી મેળવી હશે.<br>• સંબંધિત વ્યક્તિને મળ્યો હોઇશ. |

## મારા ધ્યેય વિધાન

આપણે દસમાં પછી શું કરવાનું છે તે સ્પષ્ટ થયા પછી હવે ધોરણ દસમા માટે અથવા આગળના ત્રણ/છ મહિનાના ધ્યેય નિશ્ચિત કરીને તે માટે નિયોજન કરી શકીશું.

આપેલા નમૂના પ્રમાણે ધ્યેય વિધાન બનાવવામાં મદદ કરો.

દરેક વિદ્યાર્થીના ધ્યેય પ્રમાણે વાક્ય રચનામાં તફાવત હોઈ શકે તે ધ્યાનમાં રાખો.

## ધ્યેય વિધાન

ચોક્કસ શું જોઈએ છે ? - મને ................ જોઈએ છે.

દા.ત. મને દસમીની પરીક્ષામાં સારા ટકા જોઈએ છે.

કેટલું જોઈએ છે? મને .......... જોઈએ છે.

દા.ત. મને દસમીની પરીક્ષામાં ઓછામાં ઓછા ૭૦ ટકા ગુણાંક જોઈએ છે.

ક્યાં સુધીમાં ? મારે આ ........... સુધીમાં સાધ્ય કરવાનું છે.

દા.ત.મારે આ આવતા છ મહિનામાં સાધ્ય કરવાનું છે.

## નિયોજન

તમારા ધ્યેય વિધાનો લખાઈ ગયા બાદ તેના માટે આજથી જ શું શું કરવું જોઈએ. તેનું નિયોજન કરવું જરૂરી છે. નીચે આપેલ નમૂના કોષ્ટક પ્રમાણે તમે પણ તમારું નિયોજન કરી શકો છો.

આપેલ નમૂના પ્રમાણે નિયોજન કરવામાં વિદ્યાર્થીઓને મદદ કરો.

દરેક વિદ્યાર્થીઓના ધ્યેય પ્રમાણે તેમના નિયોજનમાં તફાવત હોઈ શકે છે તે ધ્યાનમાં રાખો.

| આજે હું ક્યા છું ? | મારે છ મહિનામાં/ વર્ષ દરમ્યાન ક્યાં જવું છે ? | તે માટે મારે શું શું કરવું જોઇએ ? |
|---|---|---|
| આજે મને ૬૦% ગુણ મળે છે. | મારે દસમીના પરીક્ષામાં ઓછામાં ઓછા ૭૦% ગુણ મેળવવાના છે. | • અભ્યાસનો સમય વધારવો જોઈએ.<br>• ન સમજાય તેવી બાબતો શિક્ષકોને ફરીથી પૂછીને સમજી લેવી જોઈએ.<br>• નિબંધ લેખનમાં ઓછા ગુણ મળે છે. લેખનનો મહાવરો કરવો જોઈએ. |

## સમયનું નિયોજન

**“દરેક માણસ પાસે એક દિવસના ૨૪ કલાક જ હોય છે. તેમાં જો તે નક્કી કરે કે તેણે શું કરવું છે તો જ તે સફળતાને વરે છે.”**

દસમામાં શાળા, અભ્યાસ, મહાવરા પરીક્ષા વગેરેનો વ્યાપ જોતા કાયમ સમયની ખેંચ રહે છે તે આપણે જાણીએ જ છીએ. પોતાનું ઇચ્છિત ધ્યેય સાધ્ય કરવા માટે સમયનું નિયોજન કરવું અત્યંત મહત્ત્વનું છે. નીચે સમય નિયોજનની એક પધ્ધતિ આપી છે. આવી અનેક પધ્ધતિ હોઈ શકે છે.

તમારી ઊંઘનો સમય બાદ કરતાં, દિવસના બાકીના સમયના અર્ધા અર્ધા કલાકના ભાગ કરો.

કઈ બાબતને લાલ રંગથી રંગવી અને કઈ પીળા રંગથી તે સમજવા માટે તમારે વિદ્યાર્થીઓની મદદ કરવાની રહેશે.

તે જ રીતે એક કૃતિ માટે જોઈતો સમય ઓછો કરવા માટે બીજા પર્યાયી માર્ગ શું હોઈ શકે તેનો વિચાર કરવા માટે વિદ્યાર્થીઓને મદદ કરો.

- બે-ત્રણ દિવસ તમે દરેક અડધા કલાકમાં શું કરો છો તેની નોંધ કરો.
- તેના પરથી તમને સામાન્ય અંદાજ આવશે.
- જે બાબતો તમારા ધ્યેય સાથે બિલકુલ સંબંધિત ન હોય તેવી બાબતોને **લાલ રંગથી રંગો.** દા.ત. T.V. જોવું એ ૭૦ ટકા ગુણ મેળવવા સાથે બિલકુલ સંબંધિત નથી. તેથી તે કૃતિને લાલ રંગથી રંગો.
- જે બાબતો તમારા ધ્યેય સાથે સંબંધિત નથી, પણ પૂરક છે, તેને **પીળા રંગથી રંગો.** દા.ત. 'શાળામાં આવવા-જવાનો સમય'. તેનો ધ્યેય સાથે સીધો સંબંધ ન હોવા છતાં તે ધ્યેય સાધ્ય કરવા માટે પૂરક છે.
- જે બાબતો તમારા ધ્યેય સાથે સંબંધિત છે તેને **લીલા રંગથી રંગો.** દા.ત. ગણિતના મહાવરા માટે આપેલો સમય.
- સૌ પ્રથમ લાલ રંગથી રંગેલી બાબતોમાં વપરાતા સમયને ઓછો કરવાનો પ્રયત્ન કરો. ત્યાર બાદ પીળા રંગથી રંગેલી કૃતિ કરવાનો સમય ઓછો કરી શકાય કે તે જુઓ અથવા બે કૃતિ એકત્ર કરી શકાય કે તેનો વિચાર કરો. દા.ત. શાળામાં જતાં જતાં મનમાં ને મનમાં વાંચેલી બાબતોનું પુનરાવર્તન કરવું.

| સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરૂવાર | શુક્રવાર | શનિવાર | રવિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૬.૦૦ થી ૬.૩૦ | | | | | | | |
| ૬.૩૦ થી ૭.૦૦ | | | | | | | |
| ૭.૦૦ થી ૭.૩૦ | | | | | | | |
| ૭.૩૦ થી ૮.૦૦ | | | | | | | |
| ૮.૦૦ થી ૮.૩૦ | | | | | | | |
| ૮.૩૦ થી ૯.૦૦ | | | | | | | |
| ૯.૦૦ થી ૯.૩૦ | | | | | | | |
| ૯.૩૦ થી ૧૦.૦૦ | | | | | | | |
| ૧૦.૦૦ થી ૧૦.૩૦ | | | | | | | |
| ૧૦.૩૦ થી ૧૧.૦૦ | | | | | | | |

## થોડી ગમ્મત કરીએ.

### વિઝન બૉર્ડ

તમારા ધ્યેયને ધ્યાનમાં રાખીને તે અનુસાર એક વિઝન બોર્ડ તૈયાર કરો. તમારા ધ્યેયને કાગળ પર લખીને ઘરની કોઈ પણ ભીંત પર ચોંટાડો. તેની આજુબાજુમાં તે ધ્યેય સાથે સંબંધિત ફોટા, સુભાષિતો, તે ક્ષેત્રમાં સફળ થયેલા લોકોના ફોટો લગાડો. વિઝન બોર્ડનો ઉદ્દેશ તમને સતત પ્રેરણા મળતી રહે અને તમારા ધ્યેય વિશે સ્પષ્ટતા આવતી જાય તે છે.

## કેરિયરના માર્ગના અવરોધો

### ૧. વાલી સાથે સંવાદ

મિતાલીને રમતગમત ક્ષેત્રે કેરિયર ઘડવું છે. મિતાલીના વાલીને લાગે છે કે તેણે નર્સિંગનો કોર્સ કરવો જોઇએ. મિતાલી પોતાના વાલીને પોતાનો દષ્ટિકોણ સમજાવી શકતી નથી. ઘરમાં દરરોજ ઝગડા થાય છે. આ રોજરોજના ઝગડાથી કંટાળીને મિતાલીને અભ્યાસ કરવાની જ ઈચ્છા થતી નથી.

વિદ્યાર્થીઓમાં કોઈને આવા પ્રકારનો અનુભવ થઈ રહ્યો છે/થયો છે કે તે પૂછો.
કોઈની ઇચ્છા હોય તો આગળ આવીને પોતાની વાત રજૂ કરવાનો મોકો આપવો.

ઘણીવાર આપણે આપણાં વાલીને આપણું મંતવ્ય સમજાવી શકતા નથી, સ્પષ્ટ પણે કહી શકતા નથી. તેથી તેઓ આપણો પક્ષ સમજી શકતા નથી અને તેમને આપણી પસંદગી પર વિશ્વાસ બેસતો નથી. આ બાબતે નીચે મુજબ કરી શકાય -

**સાંભળો :**

તમારા વાલીની વાતને એકદમ જ નકારી કાઢો નહીં. તેમની ચિંતાને ધ્યાનમાં લો. મોટા ભાગના વાલીની ચિંતા નીચે પ્રમાણે હોય છે.

૧. તમે અર્થોપાર્જન કઈ રીતે કરશો ?

૨. તમારા ક્ષેત્રમાં આગળ શું તક (સ્કોપ) છે ? તમને નોકરી/વ્યવસાયની તક છે કે ?

૩. તમારો પસંદ કરેલો કોર્સ/કેરિયર કરવો તમારા માટે શક્ય છે કે ?

૪. કોર્સની ફી કેટલી હશે ?

તમે પોતાને અને વાલીને આ પ્રશ્નોના સમાધાનકારક જવાબ આપી શકો ત્યારે ઘણીવાર વાલી તેમનો વિરોધ પાછો ખેંચી લે છે.

**માહિતી ભેગી કરો :**



તમારા પસંદગીના ક્ષેત્ર સંબંધિત વર્તમાનપત્રમાં આવતી માહિતી, T.V. પર આવતી મુલાકાતો, ઈન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતી વગેરે તમારા વાલીને બતાવો. તમે જે કરવા ઈચ્છો છો તે શીખવનારા મહાવિદ્યાલયો ક્યાં છે ? તેની ફી કેટલી હોય છે ? જેવા પ્રશ્નોના જવાબ આપવાની તૈયારી કરો.

**લોકો સાથે બોલો :**

તમે પસંદ કરેલ કોર્સ કરનારા અથવા તો પૂર્ણ કરીને કેરિયર કરનારા અન્ય લોકોને તમારા વાલી સાથે મળો. તેમની વાત સાંભળો.

### ૨. આર્થિક મુશ્કેલી

ઘણીવાર આર્થિક મુશ્કેલી આપણને ઈચ્છિત કેરિયર ઘડવા દેતી નથી. આવા સમયે સરકારી અને ખાનગી શિષ્યવૃત્તિનો પર્યાય પસંદ કરી શકીએ છીએ. નીચે કેટલીક શિષ્યવૃત્તિ વિશે માહિતી આપી છે. નીચે આપેલી માહિતીમાં ફેરફાર થઈ શકે છે. માટે તે સંદર્ભમાં અદ્યતન માહિતી સંકેતસ્થળ પરથી મેળવવી.

૧. પ્રતિભાશાળી શાલેય વિદ્યાર્થી માટે 'એન સી ઈ આર ટી' શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.ncert.nic.in સંકેતસ્થળની મુલાકાત લેવી.
૨. એસ આય એ યૂથ સ્કૉલરશીપ
   વધુ માહિતી માટે www.sia-youth-scholarships.html સંકેતસ્થળની મુલાકાત લેવી.
૩. કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના
   વધુ માહિતી માટે http://kvpy.iisc.ernet.in સંકેતસ્થળની મુલાકાત લેવી.
૪. મહિન્દ્રા અખિલ ભારતીય ગુણવત્તા શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.kcmet.org સંકેતસ્થળની મુલાકાત લેવી.
૫. તંત્રશિક્ષણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.aicte-india.org સંકેતસ્થળની મુલાકાત લેવી.
૬. દસમી પછી ગુણવત્તા શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે પોતપોતાના મહાવિદ્યાલયનો સંપર્ક કરવો.
૭. 'જી.આય.આય.એસ.' ની સી.વ્હી.રામન શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.giisscholarship.org સંકેતસ્થળની મુલાકાત લો.
૮. રાજર્ષિ છત્રપતિ શાહુ મહારાજ શિક્ષણ શુલ્ક પ્રતિપૂર્તી યોજના.
   https://dtemaharashtra.gov.in
   https://mahaeschol.maharashtra.gov.in
૯. ડૉ.પંજાબરાવ દેશમુખ વસતિગૃહ નિર્વાહ ભથ્થા યોજના.
   https://mahaeschol.maharashtra.gov.in
૧૦. તંત્રશિક્ષણ અભ્યાસક્રમની વિદ્યાર્થીનીઓ માટે પ્રગતિ શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.aicte-india.org સંકેતસ્થળની મુલાકાત લેવી.
૧૧. ઇંડિયન ઓઈલ સ્પોટ્‌ર્સ સ્કોલરશીપ
   વધુ માહિતી માટે www.iocl.com સંકેતસ્થળની મુલાકાત લેવી.
૧૨. વ્યવસાયિક અભ્યાસક્રમ માટે અલ્પસંખ્યકો માટે વિશેષ શિષ્યવૃત્તિ
   https://dtemaharashtra.gov.in
૧૩. કેન્દ્ર સરકારની મહારાષ્ટ્રની અલ્પસંખ્યાંક વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ
   વધુ માહિતી માટે www.momascholarship.gov.in સંકેતસ્થળની મુલાકાત લો.

૧૪. અલ્પસંખ્યાંક વિદ્યાર્થીનીઓ માટે મૌલાના આઝાદ રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ
વધુ માહિતી માટે www.maef.nic.in સંકેતસ્થળની મુલાકાત લેવી.

૧૫. દસમી પછી દિવ્યાંગો માટે શિષ્યવૃત્તિ
વધુ માહિતી માટે જિલ્લા પરિષદના સમાજ કલ્યાણ વિભાગનો સંપર્ક કરવો.

૧૬. ભૂતપૂર્વ સૈનિકોના પ્રતિભાશાળી બાળકો માટે શિષ્યવૃત્તિ.
વધુ માહિતી માટે જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી કાર્યાલયનો સંપર્ક સાધવો.

૧૭. ભૂતપૂર્વ સૈનિકોના નિરાધાર બાળકો માટે શિષ્યવૃત્તિ
વધુ માહિતી માટે જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી કાર્યાલયનો સંપર્ક કરવો.

૧૮. અન્ય શિષ્યવૃત્તિ શોધો.

## ૩. ૧૧મીના પ્રવેશ પ્રક્રિયામાં આવતી મુશ્કેલી :

ઘણીવાર સારા ગુણાંક મેળવ્યા છતાં પણ યોગ્ય કાગળિયા ન હોવાથી અગિયારમામાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલી આવે છે. માટે જ દસમાની પરીક્ષા પૂરી થતાં જ પ્રવેશ પ્રક્રિયાની એક ફાઈલ તૈયાર કરવાની શરૂઆત કરવી. જેમાં -

### ખુલ્લા વર્ગ માટે

મૂળ ગુણપત્રક (ધોરણ ૧૦ અથવા સમકક્ષ)
શાળા છોડ્યાનો મૂળ દાખલો, આધાર કાર્ડ

### વૈધાનિક આરક્ષણ

(SC/ST/VJ-A/NT-B/NT-C/NT-D/OBC/SBC)
મૂળ ગુણપત્રક (ધોરણ ૧૦ અથવા સમકક્ષ)
શાળા છોડ્યાનો મૂળ દાખલો,
જાતિનો મૂળ દાખલો, આધાર કાર્ડ.

### વિશેષ આરક્ષણ

અ) રમતગમત
બ) કલા અને સાંસ્કૃતિક
ક) ૧ ઓક્ટોબર, ૨૦૧૬ અને ત્યાર બાદ પુણે અને પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાના ક્ષેત્રમાં બદલી થઈને આવેલા રાજ્ય/ કેન્દ્ર સરકાર/ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના બાળકો.
ડ) વર્તમાન, ભૂતપૂર્વ સૈનિકોના બાળકો.
ઇ) સ્વાતંત્ર્ય સૈનિકોના બાળકો.
ફ) દિવ્યાંગ વિદ્યાર્થી
ગ) પ્રકલ્પગ્રસ્ત પ્રમાણપત્ર
હ) ભૂકંપગ્રસ્ત પ્રમાણપત્ર

મૂળ ગુણપત્રક (ધોરણ ૧૦ અથવા સમકક્ષ)
શાળા છોડ્યાનો મૂળ દાખલો, આધાર કાર્ડ.
વિશેષ આરક્ષણનું પ્રમાણપત્ર

**અન્ય કેટલાક આવશ્યક કાગળિયા**

આવકનો દાખલો
રહેઠાણનો દાખલો, આધારકાર્ડ
સ્વ ચકાસણી દાખલો (Self attesting)
નોન ક્રિમીલેયર દાખલો
રહેવાસી દાખલો.
રાષ્ટ્રીયત્વનો દાખલો વગેરે.
અદ્યતન માહિતી સંબંધિત પ્રવેશ પ્રક્રિયા કેન્દ્ર, શાળા/મહાવિદ્યાલયમાંથી મેળવવી.

F8DHYK

## મૂલ્યમાપન (ભારાંશ ૧૫%)

| માપદંડ | ઉત્તમ (ખૂબ સરસ) | યોગ્ય (સંતોષજનક) | અયોગ્ય (અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| SMART ધ્યેય વિધાન | આપેલા પાંચ માપદંડના આધારે ૧, ૩, ૫, ૧૦ વર્ષ પછીના ધ્યેય વિધાન ચોક્કસપણે તૈયાર કર્યા. | ૧,૩,૫,૧૦ વર્ષ પછીના ધ્યેય વિધાન તૈયાર કર્યા. પરંતુ માપદંડોનો ઊંડો વિચાર કર્યો નહીં. | વધારે વિચાર કર્યા સિવાય આશરે ધ્યેય વિધાન પૂર્ણ કર્યો. | |
| ધ્યેય વિધાન અનુસાર કૃતિ | ધ્યેય વિધાન અનુસાર કૃતિ રૂપરેખા તૈયાર કરીને તે અનુસાર કૃતિ કરે છે અને તેની નોંધ રાખે છે. | ધ્યેય વિધાન અનુસાર કૃતિ રૂપરેખા તૈયાર કરી પણ તે અનુસાર કૃતિની નોંધ રાખી નહીં. | કૃતિ રૂપરેખા તૈયાર કરી નહીં. | |
| વર્ગકૃતિમાં સહભાગ | પાઠની બધી કૃતિ ઉત્સાહથી પૂર્ણ કરી. (સક્રિય સહભાગ) બધી વર્ગકૃતિ નોટબુકમાં પૂર્ણ કરી. | પાઠની બધી કૃતિ પૂર્ણ કરી. | બીજા વિદ્યાર્થીઓની નોટમાં જોઈને કૃતિ પૂર્ણ કરી. | |


પ્રતાપ અને નિશા ગાવાનો મહાવરો કરતા હતા. તે સાંભળીને રાઘવ અંદર આવે છે.
આ શું ? તમે સ્નેહસંમેલનમાં ગીત ગાવાના છો ?
કેમ ? એમાં શું ખોટું છે ?
અરે, આ ગીતો બીજા રાજ્યના છે. મહારાષ્ટ્રનું કોઈ લોકગીત કેમ નથી ગાતા ? તમને મહારાષ્ટ્રનું ગૌરવ નથી ?
ગૌરવ છે જ રાઘવ ... પણ કલાને 'પોતાની', 'પારકી' એવો સિક્કો મારીને તેના ટુકડા કરીને આપણે આપણાં જીવનનો કેટલો સુંદર અનુભવ ગુમાવીશું.
હા... અન્ય રાજ્યના સંગીત સાથે જોડાવું એટલે એક રીતે ત્યાંના લોકો સાથે, ત્યાંના જીવન સાથે જોડાવું.
તમે કહો છો તે મને સમજાય છે...પણ તેનો અર્થ તો એવો થશે ને કે આપણાં સંગીતમાં કંઈક ખામી છે.
બિલકુલ નહીં. ઉલટાનું બીજાની કલા સાથે જોડાવાથી આપણને આપણી કળા વધુ સારી રીતે સમજાય છે. આપણે સમૃધ્ધ થઈએ છીએ.
હું તો કહીશ કે... આપણે ફક્ત ભારતના જ નહીં પણ અન્ય દેશોના સંગીત સાથે જોડાઈને જોવું જોઈએ ! શું ... સમજાય છે ને તને ?

# ૬ હું અને પ્રયોગજીવી કલા



"જ્યાં શબ્દો અટકે છે, ત્યાં કળા શરૂ થાય છે."

**ઉદ્દેશો :**

૧. વિદ્યાર્થી નાટકને મનોરંજક બનાવી શકનાર કેટલાક ઘટકોના નામો વિશે જાણે અને પોતાના શબ્દોમાં તેમનું મહત્ત્વ કહેતાં આવડે.
૨. માનવેતર પાત્રો નાટકમાં કઈ રીતે દર્શાવી શકાય તે વિશે પોતાની કલ્પના-શક્તિ વાપરવાની તક મળવી.
૩. એક જ સંવાદ વિવિધ સંદર્ભમાં, વિવિધ પ્રસંગે થઈ શકે છે તે સમજવું અને તેની કલ્પના કરવાનો મહાવરો કરવો.
૪. સૂત્રસંચાલન કલા અને કેટલાંક લોકનૃત્યોનો પરિચય થવો.
૫. માનવ જીવનમાં નૃત્યનું મહત્ત્વ પોતાના શબ્દોમાં કહેતા આવડે.
૬. નૃત્યમાં અવકાશ, સમય અને જોશ આ ત્રણેય ઘટકોનો ઉપયોગ કરવાનો મહાવરો કરવો.
૭. ભારતીય ભૂભાગ પ્રમાણે પ્રચલિત વાદ્યોનો પરિચય થવો અને તેમની વિવિધતા સમજવી.
૮. પોતાને ગમતું સંગીત ચોક્કસ પણે શા માટે ગમે છે તેનું પોતાના શબ્દોમાં વિશ્લેષણ કરતાં આવડે.

ગત વર્ષે આપણે પ્રયોગજીવી કલા વિશે ટૂંકમાં માહિતી મેળવી. આ વર્ષે આપણે તેમના વિશે વધુ વિસ્તારથી માહિતી મેળવીશું.

## નાટ્ય

**યાદ કરો !**

૧) નીચેની બાબતને નાટકમાં રૂપાંતરિત કરવાની હોય તો તમને તેમાં શું ખામી જણાય છે ?

‘એક ખેડૂત હતો. તે ખૂબ પરિશ્રમ કરતો અને કુટુંબનું પાલન પોષણ કરતો. ધીમે ધીમે તેના છોકરાઓ ભણવા માંડ્યાં, મોટાં થવા લાગ્યા, પોતાના પગ પર ઊભા રહેવા લાગ્યા બધાં છોકરાંઓ સારા હતાં.

છોકરાઓ પોતાના માતા-પિતાને ખૂબ પ્રેમ કરતાં હતા. સૌ આનંદથી રહેતા હતા.

૨) કોઈ વ્યક્તિ ચરિત્ર દર્શાવતી વખતે ક્યા ઘટકો તરફ ધ્યાન આપવું જોઈએ ? દા.ત. એક વૃદ્ધ ગરીબ સ્ત્રી.

આ પહેલા શીખેલા નાટ્ય સંદર્ભની સંકલ્પનાઓને આધારે વિચારવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપો.

નાટકના સંઘર્ષ, વ્યક્તિ ચરિત્ર વિશેનો વિચાર, વેશભૂષા હાવભાવ, અવાજ, દેહબોલી આ બધી સંકલ્પનાઓનું પુનરાવર્તન કરો.

## નાટકને મનોરંજક બનાવી શકનારા કેટલાક ઘટકો

### ૧. નેપથ્ય :

નાટક ક્યાં ભજવાઈ રહ્યું છે તે દર્શાવવા માટે અથવા નાટકના પ્રસંગને વધુ વાસ્તવિક અથવા પ્રભાવી બનાવવા માટે મંચ પર જે રચના કરવામાં આવે છે તેને નેપથ્ય કહે છે. જેને પ્રચલિત ભાષામાં 'નાટકનો સેટ' કહેવાય છે.



### ૨. વેશભૂષા :



નાટકના પાત્રો કોણ છે, ક્યા કાળના છે, તેમની વિશિષ્ટતા, નાટક પ્રસ્તુત કરવાની શૈલી આ બધાંનો વિચાર કરીને નાટકના પાત્રોની વેશભૂષા (પોશાક) નક્કી કરવામાં આવે છે. દા.ત.ઐતિહાસિક નાટક હોય તો તેને અનુરૂપ વેશભૂષા કરવી.

### ૩. રંગભૂષા :

જે રીતે નાટકના પાત્રોની વેશભૂષાનો વિચાર કરવામાં આવે છે, તે જ પ્રમાણે પાત્રોની વય, તેમની વિશિષ્ટતા ધ્યાનમાં લઈને તેમના ચહેરા પર સૌંદર્ય પ્રસાધનો અને રંગ લગાડવામાં આવે છે. તેમ જ મંચ પરની લાઈટના પ્રકાશમાં કલાકારોના ભાવ બરાબર ઉઠી આવે તે માટે આમ કરવામાં આવે છે. તે માટે પ્રચલિત શબ્દ છે 'મેકઅપ કરવો ! દા.ત.કોઈ વ્યક્તિને વૃધ્ધ દેખાડવાની હોય તો વાળ સફેદ કરવા, આંખ નીચે કાળા કુંડાળા બનાવવા વગેરે.



## ૪. પ્રકાશ યોજના :



મંચ પરના એક ભાગ તરફ ધ્યાન દોરવા માટે, એકાદ સ્થળ દર્શાવવા માટે, એકાદ ઘટના દર્શાવવા માટે વિશિષ્ટ પ્રકારની લાઈટનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે છે. આ લાઈટ ક્યારેક મંચની ઉપરના ભાગમાં લગાડેલી હોય છે તો ક્યારેક મંચની બાજુમાં, ક્યારેક મંચની નીચેની બાજુએ ગોઠવેલી હોય છે. દા.ત.રાત્રિનો સમય દર્શાવવા માટે નીલો પ્રકાશ વાપરવામાં આવે છે. દરેક લાઈટ જોઈએ ત્યારે, જોઈએ તે રીતે ચાલુ-બંધ કરવાનું કામ એક નિયોજિત વ્યક્તિને સોંપવામાં આવે છે.

## ૫. પાર્શ્વસંગીત :



નાટકની અસરકારકતા વધારવા માટે ઘણીવાર સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. આ સંગીત ક્યારેક પાત્રોના સંવાદો પાછળ ધીમા અવાજે વાગતું હોય છે. તો ક્યારેક ક્યારેક કોઈ પણ સંવાદ ચાલુ ન હોય ત્યારે મોટા અવાજે વાગતું હોય છે. દા.ત. જોરથી વહેતો પવન, વાવાઝોડું થતું હોય ત્યારે ધૂળ-રેતી-કચરો ઉડે તેવો અવાજ સાંભળવાથી વાવાઝોડાનો આભાસ વધુ અસરકારક રીતે નિર્માણ કરી શકાય છે.

## નાટકની કલ્પના

કોઈ નાટક તૈયાર કરતી વખતે સામાન્ય રીતે અનેક બાબતોનો વિચાર કરવામાં આવે છે. નાટકના પ્રસંગ ક્યાં ભજવાઈ રહ્યા છે, નાટક ક્યા કાળનું છે, કોઈ પ્રસંગ દિવસના ક્યા સમયે ઘટી રહ્યો છે વગેરે. સ્થળ, કાળ, સમય વગેરે દર્શાવવા માટે વિશિષ્ટ બાબતોનો ઉપયોગ કરી શકાય છે. તેમાંથી આપણે થોડા જોઈએ. પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે નાટક તૈયાર કરતી વખતે સ્થળ, કાળ, સમય વગેરે બાબતો દર્શાવવી જ જોઈએ તેવું બંધન હોતું નથી.



## વિવિધ સ્થળો દર્શાવવા :

ઘણીવાર કોઈ નાટકના પ્રસંગો જુદા જુદા સ્થળે ઘટતા હોય છે. આ બધાં સ્થળો દર્શાવવા જ જોઈએ એવું નથી, તે દેખાડવા માટે કેટલીક યંત્ર સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.

૧. જુદા જુદા સ્થળો દર્શાવવા માટે મંચના જુદાં જુદાં ભાગનો ઉપયોગ કરવો. દા.ત.ઘર અને હોટલ એવા બે સ્થળો દર્શાવવાના હોય તો મંચનો એક ખૂણો ઘર જેવો દેખાતો અને બીજો ખૂણો હોટલ જેવો દેખાતો હોય એ રીતે સજાવવો.

૨. જુદાં જુદાં સ્થળો દર્શાવવા માટે મંચના જુદાં જુદાં ભાગ ન રાખી મૂકતાં મંચ પરના તે તે સ્થળે તે સમય પૂરતો સામાન, સ્થળ દર્શાવનાર બોર્ડ મૂકવા. દા.ત.ચિત્રમાં ન્યાયાલય દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

૩. કોઈ પણ સામાન, બોર્ડ વાપર્યા વગર પણ માત્ર અભિનય દ્વારા, પાર્શ્વસંગીત દ્વારા કોઈ સ્થળ દર્શાવવા. દા.ત.એક વ્યક્તિ પાર્કમાં બેઠી છે. તે કોઈપણ સામાન વાપર્યા સિવાય માત્ર તેના અભિનય પરથી અને પાર્કમાં આજુબાજુ થતાં વિવિધ અવાજ વાપરીને દર્શાવવા.



### થોડી ગમ્મત કરીએ.

નીચેના સ્થળો તમે નાટકમાં કઈ રીતે દર્શાવશો ?

તેના માટે શેનો-શેનો ઉપયોગ કરશો તે લખો.

૧. રણપ્રદેશ

૨. સમુદ્ર કિનારો

૩. ખેતર

૪. શહેરનું બસસ્ટોપ

વિદ્યાર્થીના જૂથ કરીને તેમને એક-એક સ્થળ દર્શાવવા. નેપથ્ય, પ્રકાશ યોજના અને પાર્શ્વસંગીત આ ત્રણે બાબતોનો વિચાર કરવા પ્રોત્સાહન આપવું.

## જુદો જુદો કાળ દર્શાવવો :

ઘણીવાર એક નાટકના પ્રસંગો જુદાં જુદાં કાળમાં બન્યા હોય છે. કેટલાક પ્રસંગો વર્તમાન કાળના હોય તો કેટલાક યાદગીરીના હોય છે. કેટલાક દિવસના હોય છે તો કેટલાક રાતના હોય છે. કેટલાક એક પછી એક ઘટે છે. જુદો જુદો કાળ દર્શાવવા માટે કેટલાક સાધનો-યંત્રો વાપરવામાં આવે છે.

૧. બે પ્રસંગની વચ્ચે મંચ પરની બધી લાઈટો કેટલીક સેંકડો માટે બંધ કરી અંધારું કરીને એક અવકાશ લઈ શકાય છે. તેને બ્લેકઆઉટ કહેવાય છે.



૨. સ્વપ્ન અથવા યાદગીરીનો કાળ દર્શાવવા માટે ક્યારેક ક્યારેક મંચ પર જુદાં જુદાં રંગનો પ્રકાશ પાડવામાં આવે છે.

૩. મંચ પર એક જ સમયે બે જુદાં જુદાં સ્થળે બે જુદાં જુદાં કાળના પ્રસંગ ભજવવા.

૪. સવારનો સમય દર્શાવવા માટે વધુ પીળો પ્રકાશ અને રાતનો સમય દર્શાવવા માટે ઓછો પ્રકાશ અને ખાસ કરીને નીલો પ્રકાશ વાપરવો.

## માણસ સિવાયના બીજા વ્યક્તિ ચરિત્રો ભજવવા :



નાટકના વિષયની વ્યાપ્તિ ફક્ત માનવીય બાબતો પૂરતી મર્યાદિત નથી. સંઘર્ષ ધરાવતી કોઈપણ કથાનું નાટ્ય રૂપાંતર કરવું શક્ય છે. માણસ સિવાય અન્ય વ્યક્તિ ચરિત્રો ભજવવાના નીચે મુજબ કેટલાક માર્ગો હોઈ શકે -

૧. કાંઇ જ જુદું ન કરતાં, સંવાદ દ્વારા વ્યક્તિ ચરિત્ર સ્પષ્ટ કરવું.

૨. પ્રાણી, પક્ષી વગેરેનું પાત્ર હોય ત્યારે વચ્ચે વચ્ચે તેમના અવાજ કાઢવા, તેમના જેવા હાવભાવ, દેહબોલી સાકાર કરવી અથવા વેશભૂષા દ્વારા તેવું સૂચિત કરવું.



તમે સૌએ પંચતંત્રની વાર્તા વાંચી જ હશે. પંચતંત્રની વાર્તા અને અન્ય બાબતોમાં તમને શું તફાવત જણાય છે ?

કોઈ પણ એક વાર્તા લો. આપણે પહેલા જોઈ ગયા તે બધી સંકલ્પનાના આધારે તે વાર્તાનું નાટ્યીકરણ કરો. દરેક જૂથે એક વાર્તા લેવી. જૂથના દરેક જણે મંચ પર આવીને નાટકમાં કોઈ પણ એક પાત્ર ભજવવું બંધનકારક છે. પસંદ કરેલ વાર્તામાં જૂથમાં રહેલા વિદ્યાર્થીઓ જેટલા પાત્રો ન હોય તો પાત્રો ઉમેરી શકાશે.

વિદ્યાર્થીઓને પંચતંત્રની વાર્તા યાદ કરવા કહો. જો વિદ્યાર્થીઓએ પંચતંત્રની વાર્તા ન વાંચી હોય તો એવી કોઈ વાર્તા જેમાં માનવનું પાત્ર ન હોય, પશુપક્ષીઓના પાત્રો હોય તો પણ ચાલશે.

૬ થી ૮ વિદ્યાર્થીઓના જૂથ પાડો.

દરેકે પંચતંત્રની એક વાર્તા પસંદ કરવાની છે. તે માટે તેમને પુસ્તકો ઉપલબ્ધ કરી આપો.

વિદ્યાર્થીઓના જૂથ પાડવા. દરેક જૂથને એક-એક સંવાદ વહેંચી આપવો. વિદ્યાર્થીની સંખ્યા વધારે હોય તો, તે જ સંવાદ એક કરતાં વધારે જૂથને આપવા.

સંવાદ ક્યાં, કેવી રીતે, કોની વચ્ચે, ક્યારે, ક્યા સંદર્ભમાં થઈ રહ્યો છે તે દરેક જૂથે નક્કી કરવાનું છે. તે અનુસાર પાત્રોની દેહબોલી, હાવભાવ વગેરેનો વિચાર કરીને અભિનય કરવા પ્રોત્સાહન આપો. સ્થળ, કાળ, સમય અનુસાર જૂથના વિદ્યાર્થીઓને નેપથ્ય, પાર્શ્વસંગીત, વગેરેનો વિચાર કરવા કહેવું.

બધાં જૂથની તૈયારી પૂરી થયા બાદ દરેક જૂથને પ્રસ્તુતિકરણ કરવાની તક આપવી. પ્રસ્તુતિકરણ થયા બાદ બીજા જૂથોએ તે સંવાદ ક્યા સંદર્ભમાં થયો છે તે કહેવું.

દરેક જૂથના વિદ્યાર્થીઓએ બીજા જૂથના વિદ્યાર્થીઓના પ્રસ્તુતિકરણને ધ્યાનપૂર્વક જોવું અને તેમાં ભૂલો શોધવાને બદલે આપણને તેમાં શું ગમ્યું, શું ન ગમ્યું અને શા માટે ન ગમ્યું તેનું સ્પષ્ટીકરણ આપવું.

## સંવાદને સંદર્ભ આપવો

નીચે કેટલાક સંવાદ આપ્યા છે. આ સંવાદ કયા બે પાત્રો વચ્ચે, કયારે, કયાં થઈ રહ્યો હશે તેનો વિચાર કરવો અને તે અનુસાર તેનું પ્રસ્તુતિકરણ કરવું, જૂથના કેટલાંક જણે પ્રસ્તુતિકરણ કરવું અને કેટલાંક જણે પાર્શ્વસંગીત, નેપથ્ય વગેરેનો વિચાર કરવો.

## સંવાદ ૧

૧ : ''આવું મારી સાથે જ થવું' તું !''

૨ : ''એવું નથી, દરેકને આ અનુભવ ક્યારેકને ક્યારેક થાય જ છે !''

૧ : ''પણ મારામાં શું ખામી રહી ગઈ હતી ? કે મને નિરાશા મળી !''

૨ : ''જે થવાનું હતું તે થઈ ગયું. તારે આ અનુભવમાંથી શું શીખવાનું છે તેનો વિચાર કરવો જોઈએ.''

૧ : ''એનાથી દુ:ખ ઓછું થશે કે ?''

૨ : ''દુ:ખ ઓછુ ં નહીં થાય, પણ ભવિષ્યમાં આવતું દુ:ખ અટકશે !''

૧ : ''મારે હવે પાછું આ બધામાં પડવું જ નથી.''

૨ : ''એમ હતાશ થવાથી થોડું ચાલે ? થોડી ધીરજ રાખ !''

૧ : ''કહેવું ખૂબ સહેલું છે.''

૨ : ''તારી વાત બરાબર છે.... પણ બીજો કોઈ રસ્તો છે કે ?''

૧ : ''હં... તને પણ ક્યારેક આવો અનુભવ થયો હશે ને ?... તે આવા પ્રસંગે શું કર્યું ?''

૨ : ''ફરી નવેસરથી પ્રયત્ન કર્યો... નિરાશાને મારા પર હાવી થવા દીધી નહીં. મારા મત પ્રમાણે તારે પણ એવું જ કરવું જોઈએ.''

૧ : ''હા. પ્રયત્ન તો કરવો જ જોઈએ... ઠીક છે... ફરીથી નવેસરથી બધું શરૂ કરીએ.''

## સંવાદ ૨

૧ : ''કેટલા વાગ્યા ?''

૨ : ''૧૨.૦૦''

૧ : ''હજી સુધી કેમ ન આવી ?''

૨ : ''હા... તેને આટલું મોડું ક્યારેય થતું નથી.''

૧ : ''આજકાલ કંઈ કહી ન શકાય. વરસાદ પાણીના દિવસો છે. મોડું થાય જ છે !''

૨ : ''છેલ્લા બે કલાકથી આપણે રાહ જોઈએ છીએ. આમ જ બેસી રહેવાનું કે ?''

૧ : ''આપણે હજી થોડી વાર રાહ જોઇએ. કદાચ આવતી જ હશે.''



૨ : ''મને તો હવે ચિંતા થવા માંડી છે ?''

૧ : ''પૂછવું તો પૂછવું કોને ?''

૨ : ''કોને પૂછવું ?''

૧ : ''તે પણ સાચી વાત છે !''

૨ : ''સમય સર આવવામાં શું તકલીફ છે ? આજકાલ આ રોજનું થઈ ગયું છે.''

૧ : ''હા... છેલ્લે એક વાર તો અચાનક તેનું આવવાનું રદ્દ થઈ ગયું.''

૨ : ''પછી ?''

૧ : ''પછી શું... અમે બેસી રહ્યા રાહ જોતા.''

૨ : ''તમે કંઈ કહેતા નથી ને ... તેનું જ આ પરિણામ છે.''

૧ : ''એક મિનિટ... અવાજ આવ્યો ને... આવી લાગે છે.''

## સંવાદ ૩



૧ : ''મેં બધી તૈયારી કરી છે.''
૨ : ''આ ક્યાં મૂકું ?''
૧ : ''ત્યાં ખૂણામાં રાખો.''
૨ : ''એને ઊભી રાખું કે આડી ?''
૧ : ''ઊભી જ રાખો. વાંધો નહીં.''
૨ : ''આ લે બાકીના પૈસા. બધો સામાન ઓછા પૈસામાં મળી ગયો.''
૧ : ''સરસ. આપણને આગળ કામ આવશે.''
૨ : ''ચાવીઓ જોઈતી'તી, ક્યાં હશે ?''
૧ : ''ચાવીઓ શા માટે જોઈએ છે ? હું ખોલી આપીશ.''
૨ : ''સારું... કારણ વગર વાદવિવાદ નથી જોઈતો.''
૧ : ''વાદવિવાદનો પ્રશ્ન નથી... મારા પર જવાબદારી છે.''
૨ : ''અમે પણ જવાબદારીથી કરીએ છીએ કામ !''
૧ : ''તે તમારા કામમાં દેખાવું જોઈએ.''
૨ : ''ઠીક છે, ઝગડો નહીં. સમયસર કામ પૂરું થવું જોઈએ.''
૧ : ''હં... હં... ''
૨ : ''બાપ રે ! સમય થઈ ગયો. પરવારી કે નહીં ?''
૧ : ''હા. હું તૈયાર છું.''
૨ : ''હું પણ.''

## સંવાદ ૪

૧ : ''શું છે હાથમાં ?''
૨ : ''ક્યાં શું ? કંઈ નહીં.''
૧ : ''કંઈ કેમ નથી ? તો પછી હાથ પાછળ કેમ સંતાડ્યા છે ?''
૨ : ''સંતાડ્યા ક્યાં છે ?... પાછળ હાથની ઘડી કરી છે.''
૧ : ''તો પછી આગળ કેમ નથી કરતો.''
૨ : ''મારા પર વિશ્વાસ નથી કે ?''
૧ : ''છૂપાડવા જેવું કંઈ નથી ને ? તો પછી હાથ આગળ કરવામાં શું વાંધો છે ?''
૨ : ''હું કંઈ જ છૂપાવતો નથી. હું શા માટે હાથ આગળ કરું ?''
૧ : ''આ સારું... પહેલાં પોતે છૂપાછૂપી કરવી, પછી પ્રામાણિકપણાની વાત કરવી.''
૨ : ''બસ હવે બહુ થયું... મેં કહ્યું ને કે હું કંઇ સંતાડતો નથી.''
૧ : ''ના-ના... મને જ ભાસ થયો છે !''
૨ : ''થયો હશે !''
૧ : ''વાત બદલવાની જરૂર નથી.''
૧ : ''હાથ આગળ નહીં કરે તો મારે જ ત્યાં આવવું પડશે !''
૨ : ''આ શું ગાંડપણ...''
૧ : ''ના... હવે તો થઇ જ જાય... મારે જ આવવું પડશે !''
૨ : ''ના...ના... અરે ભગવાન... સંભાળીને...''
૧ : ''બાપ રે ! આ શું ? આ જ દિવસ જોવાનો બાકી હતો !''

## દિગ્દર્શકની ભૂમિકા



પાછલા ઉપક્રમના સંવાદ તમે જોયા છે. તે સંવાદ કોઇ પણ પાત્રો વચ્ચે, કોઇ પણ સ્થળે, જુદાં જુદાં સંદર્ભમાં થઈ શકે છે. તે સંવાદ કોની વચ્ચે થઇ રહ્યો છે, શા માટે થઇ રહ્યો છે ? પાત્રો ક્યા છે, ક્યા કાળના છે એ બધું તમે અંદરોઅંદર નક્કી કર્યું અને તે સંવાદોનું વાંચન કર્યું. તે જ પ્રમાણે જ્યારે કોઇ વાર્તા, નાટક લેખિત સ્વરૂપમાં હોય છે, ત્યારે તેને રજૂ કરતી વખતે તે લેખિત નાટકનો અર્થ સમજવો, દરેક સંવાદમાંથી કઇ ભાવના પડઘાવી અપેક્ષિત છે, મંચ પર પ્રસંગ કઇ રીતે દર્શાવવામાં આવશે, નાટકના પાત્રો કઇ રીતે વર્તશે, બોલશે, ક્યા પ્રસંગ જેમ છે તેમ જ દેખાડવા, ક્યા પ્રસંગ થોડાં ઓછાવત્તા કરવા જોઈએ, બદલવા જોઇએ, એ બધું નક્કી કરવું જરૂરી હોય છે. તે કામ કરવાની જવાબદારી એક વિશિષ્ટ વ્યક્તિની હોય છે. તેને દિગ્દર્શક/દિગ્દર્શિકા કહેવામાં આવે છે.

## સૂત્રસંચાલન

તમે ક્યારેય કોઈ કાર્યક્રમમાં સ્ટેજ પર, માઇક સામે બોલવાનો અનુભવ કર્યો છે કે ? માઈક સામે અથવા માઇક હાથમાં લઈને બોલતી વખતે તમને કેવું લાગે છે ?

તમે ઘણી વાર ટી.વી.પર અથવા પ્રત્યક્ષ મોટા સ્ટેજ પર કેટલાક કાર્યક્રમોનું નિવેદન કરનાર નિવેદક/નિવેદિકાને જોયા હશે. નિયોજિત કાર્યક્રમમાં એક કાર્યક્રમ થયા પછી હવે કયો કાર્યક્રમ છે. તે પ્રેક્ષકોને જણાવવું જરૂરી હોવાથી તેના અનુસંધાનમાં જે નિવેદન કરવામાં આવે છે. તેને 'સૂત્રસંચાલન' કહેવામાં આવે છે અને સૂત્રસંચાલન કરનાર વ્યક્તિ એટલે સૂત્રસંચાલક. સૂત્રસંચાલન પણ હાલના સમયમાં એક વ્યવસાય છે.

### થોડી ગમ્મત કરીએ.

કાગળનું ભૂંગળું બનાવીને તેને મોઢા સામે રાખો અને પોતાનું નામ કહીને વર્ગના મિત્રો, ગુરૂજનોનું સ્વાગત કરનાર સૂત્રસંચાલનનો નમૂનો વર્ગમાં પ્રસ્તુત કરો.

દા.ત. ''નમસ્કાર, હું સ્વરાજ, આજે અહીં ભેગા થયેલ આપ સૌનું હું હૃદયપૂર્વક સ્વાગત કરું છું.''



## નૃત્ય

નૃત્ય એ એક એવો કલાપ્રકાર છે જેમાં એકાદો આશય વ્યક્ત કરવા માટે હેતુપૂર્વક પસંદ કરાયેલ સુંદર હલનચલન, ક્રમવાર અને લયબધ્ધ રીતે કરવામાં આવે છે તે આપણે ગયા વર્ષે જોયું. આ વર્ષે આપણે નૃત્યના કેટલાક ઘટક અને બારિકાઈ શીખવાના છીએ.

## રોજિંદા જીવનમાં નૃત્ય સાથે સંબંધ

યાદ કરો, તમારા રોજિંદા જીવનમાં નૃત્ય સાથે અથવા નૃત્ય સદશ હલનચલન સાથે સંબંધ અનુભવો છો કે ? ક્યારે ? ક્રિકેટની મેચ જીત્યા પછી આનંદ વ્યક્ત કરવા માટે ખેલાડી નાચે છે. આનંદમાં આપણે નાચીએ છીએ, નૃત્ય એ ચલચિત્રોનો અવિભાજ્ય ઘટક હોય છે, સ્નેહસંમેલન સમયે નૃત્યો પ્રસ્તુત કરવામાં આવે છે, કોઈ ગીત સાંભળતી વખતે પગથી થાપ મારીએ છીએ. નાના છોકરાઓના રમકડાંને ચાવી મારતાં તે નાચવા લાગે છે, વગેરે. આ યાદીમાં તમે વધારો કરી શકો છો કે ? યાદી જોઈને આપણાં જીવનમાં નૃત્યના સ્થાન વિશે શું કહી શકાય ?

## આપણે નૃત્ય શા માટે કરીએ છીએ ?

માનવ જીવનમાં નૃત્યનું અવિભાજ્ય સ્થાન છે. એકદમ આદમકાળથી માનવ સંસ્કૃતિમાં નૃત્યનો સમાવેશ જોવા મળે છે. સ્પેનમાં આવેલા આદિમાનવ કાળના ચિત્રો હોય કે મધ્યપ્રદેશના ભીમબેટકાના ગુફાચિત્રો, તે કાળની જીવનશૈલીમાં પણ નૃત્યનું મહત્ત્વનું સ્થાન જણાઈ આવે છે.





તેમજ કર્ણાટકમાં બદામીમાં ૬ઠા શતકના મંદિરોમાં, વેરુળની ગુફાઓમાં પણ નટરાજનું (નૃત્ય કરતાં શિવ) શિલ્પ જોવા મળે છે. માનવ જીવનમાં નૃત્યનું મહત્ત્વ એના પરથી સ્પષ્ટ થાય છે.

કેટલાક સંશોધકો એવું માને છે કે નૃત્ય કરતી જમાતીઓને તે નિમિત્તે એકત્રિત રહેવાની આદત પડી અને સામાજિક બંધુત્વની ભાવના વધી. તેનો ફાયદો તેમને વિપરીત પરિસ્થિતિમાં પણ ટકી રહેવા માટે થયો. તેથી આવી નૃત્ય કરનારી જમાતી હિમયુગમાં પણ જીવી શકી. તેથી જ આજે નૃત્ય અને સંગીતની પરંપરા આપણને વિશ્વભરમાં જોવા મળે છે.



કેટલાક સંશોધકોનો એવો પણ મત છે કે આપણાં મગજના કેટલાંક આનંદના કેન્દ્રો એકત્રિતપણે લયબધ્ધ કરેલા હલનચલન વડે ઉદ્દીપ્ત થાય છે. એટલું જ નહીં પણ બીજાએ એકત્રિત રીતે કરેલા લયબધ્ધ હલન ચલનને જોવાથી પણ આપણાં મગજના આનંદ કેન્દ્રો ઉદ્દીપ્ત થાય છે અને આપણને આનંદની અનુભૂતિ થાય છે.

નૃત્ય વિવિધ પ્રસંગે કરાતું હોવાનું જણાય છે. બોલી ભાષા વિકસિત થયા પહેલા સ્ત્રી પુરૂષો એકબીજાને આકર્ષિત કરવા માટે નૃત્યનું માધ્યમ વાપરતા. પહેલાના સમયમાં યુધ્ધના પ્રસંગે પણ નૃત્ય કરવામાં આવતું. યોધ્ધાઓમાં શારીરિક ઉત્સાહ અને શૌર્ય વધારવા માટે નૃત્યનો ઉપયોગ કરવામાં આવતો. તેમ જ યુધ્ધમાં વિજય મળ્યા પછી આનંદોત્સવ ઉજવવાના પ્રસંગે પણ નૃત્ય કરવામાં આવતું.





તે જ પ્રમાણે સારો પાક થાય તે માટે, તેમ જ સારો પાક થયા પછી ઈશ્વરનો આભાર માનવા માટે પણ નૃત્ય કરવામાં આવતું. પંજાબના ભાંગડા તેમજ ગિદ્દા પણ આવા જ પ્રસંગે કરાતાં નૃત્ય છે. દેવી દેવતાઓને પ્રસન્ન કરવા માટે નૃત્ય કરવાની પ્રથા છે.

### લોકનૃત્યના કેટલાક પ્રકાર

નવમા ધોરણમાં આપણે ભારતીય શાસ્ત્રીય નૃત્યના પ્રકાર જોયા. હવે આપણે મહારાષ્ટ્રના કેટલાક લોકનૃત્યના પ્રકાર જોઈએ.

લોકનૃત્ય એટલે વિશિષ્ટ સમુદાયના લોકોએ વિશિષ્ટ પ્રસંગે એકત્રિત થઈને કરેલું નૃત્ય. કેટલાક નૃત્યપ્રકાર જોઈએ.

### બાલ્યા નૃત્ય અથવા જાખડી નૃત્ય



પ્રાંત : કોકણ અને મુંબઈ

આ નૃત્ય મુખ્યત્વે શ્રાવણ મહિનાથી દિવાળી સુધીના સમયમાં કરવામાં આવે છે. કારણ કે આ કાળમાં અનેક તહેવાર - ઉત્સવ હોય છે. પુણે, મુંબઈ, નાસિક જેવા સ્થળોએ ગણેશ વિસર્જન વખતે પણ આ નૃત્ય જોવા મળે છે. આ નૃત્ય ગોળ ફરીને કરવામાં આવે છે. એક-બે ગાયક, વાદક અને કોરસ દેનારા આ ગોળાની વચ્ચે બેસે છે. તેમની ફરતે નૃત્ય કરવામાં આવે છે. તેમના એક પગમાં ઘુંઘરુ બાંધેલા હોય છે. એક પગ પર જોર દઈને નૃત્ય કરવું એ આ નૃત્યની વિશિષ્ટતા છે.

### આદિવાસી નૃત્ય

આદિવાસી નૃત્ય-ભીલ, કોરકુ, ઠાકર, વારલી, કાતકરી, ગોંડ જેવી આદિવાસી જમાતી તહેવાર-આનંદ

દુ:ખના પ્રસંગે વિવિધ પ્રકારના નૃત્ય કરે છે. આ નૃત્યો વિવિધ વાદ્યોના નામે ઓળખાય છે. દા.ત. ઢોલ નૃત્ય, તંબોરી નૃત્ય, તારપા નૃત્ય વગેરે નૃત્યો આદિવાસી લોકો ગોળ ફરીને ધીમી અથવા ઝડપી ગતિથી કરે છે. 'વારી નાખવી.' એ ભીલ જમાતીમાં અંતિમ વિધિ સમયે કરવામાં આવતો નૃત્યપ્રકાર છે.



## તારપા નૃત્ય



આદિવાસી સમાજના તહેવાર-ઉત્સવમાં અથવા મંગલપ્રસંગે એક લક્ષવેધી નૃત્ય કરવામાં આવે છે. તેને તારપા નૃત્ય કહે છે. વારલી સમાજ કલાસક્ત છે. ઉત્સવપ્રિય છે. જે રીતે વારલી પેંટિંગ પ્રસિધ્ધ છે. તે જ રીતે આ સમાજનું તારપા નૃત્ય પણ પ્રસિધ્ધ છે. મંગલ પ્રસંગ, લગ્ન સમયે તો તારપા નૃત્ય કરવામાં આવે છે પણ ડુંગર પરની જમીન પર જ્યારે ભાત અથવા નાચણીની ખેતી કરવામાં આવે છે ત્યારે તારપા નૃત્યોત્સવ ઉજવવામાં આવે છે.

## ધનગરી ગાજા

આ નૃત્ય મહારાષ્ટ્રના ધનગર સમાજમાં કરવામાં આવે છે. ધનગર સમાજ નિસર્ગમાં જ રહેતો હોવાથી તેમના ગીતો નિસર્ગ સાથે સંબંધિત હોય છે. તેમ જ તેમના કેટલાક ગીતો તેમના દેવતાની જન્મકથા સાથે સંબંધિત હોય છે. આ નૃત્ય ઢોલપર પ્રસ્તુત કરવામાં આવે છે.



## કોળી નૃત્ય



આ કોળી લોકોનું લોકપ્રિય નૃત્ય છે. તહેવારના દિવસે અને લગ્નપ્રસંગે કોળી સ્ત્રી-પુરુષો સમૂહમાં નાચે છે. કોળી નૃત્યમાંના તાલ-પગની ક્રિયાઓ જોવા જેવી હોય છે. કોળીગીતો પણ મહારાષ્ટ્રમાં તેટલા જ લોકપ્રિય છે.

## લેઝીમ



આ વીરરસયુક્ત નૃત્ય પ્રકાર છે. સભા, મેળાવડો, યાત્રા વગેરે સ્થળે લેઝીમ નૃત્ય કરવામાં આવે છે. ઢોલ, નગારાના તાલ પર આ નૃત્ય રજૂ કરવામાં આવે છે. લેઝીમમાં વિવિધ નૃત્ય પ્રકાર આવે છે. તેમાં વિશિષ્ટ તાલબધ્ધ હલનચલન હોય છે એને વ્યાયામ પ્રકાર તરીકે પણ ઓળખવામાં આવે છે. કેટલીક શાળાઓમાં શારીરિક શિક્ષણમાં આ પ્રકારનો સમાવેશ કરવામાં આવે છે.

## લોકનૃત્ય અને શાસ્ત્રીય નૃત્ય વચ્ચે તફાવત

ગયા વર્ષે આપણે શાસ્ત્રીય નૃત્ય વિશે માહિતી મેળવી આ વર્ષે આપણે લોકનૃત્ય વિશે માહિતી મેળવી. તમને આ બંને પ્રકારોમાં કંઈ ફરક જણાય છે કે ? ક્યો ?

વિદ્યાર્થીઓને ગયા વર્ષના પુસ્તકનો સંદર્ભ લઈને તફાવત વિશે જાતે વિચાર કરવા પ્રવૃત્ત કરો. નીચેના મુદ્દાઓના આધારે વિચાર કરવો.

ઉગમ, નિયમ, સમાજમાં સ્થાન, મળેલ રાજ્યાશ્રય વગેરે, એ વિશે વધુ માહિતી ઈન્ટરનેટ પરથી શોધી શકાશે.

નૃત્યના હાવભાવ અને લયબધ્ધ શારીરિક હલનચલન એ નૃત્યના બે મુખ્ય અંગ છે. તે આપણે ગયા વર્ષે જોઈ ગયા છીએ. આ બંને બાબતો સહજતાથી કરવા માટે આપણાં મનમાં રહેલો સંકોચ અને ડર દૂર થવા અત્યંત મહત્ત્વના છે. તેમ જ આપણાં શરીર પર, શારીરિક હલન ચલન પર નિયંત્રણ હોવું પણ આવશ્યક છે. નીચેની કેટલીક કૃતિ કરી જોવી ઉપયોગી થશે.

### નૃત્યમાં હાવભાવ



આપણાં ચહેરા પર યોગ્ય ભાવ દર્શાવવા માટે આપણું આપણાં અવયવો પર નિયંત્રણ હોવું મહત્ત્વનું છે. નીચેની કેટલીક ક્રિયાઓ કરી જુઓ -

- બંને ભ્રમરો ઊંચી કરવી.
- એક ભ્રમર ઊંચી કરવી.
- કપાળ પર આડી રેખાઓ દર્શાવવી. (આશ્ચર્ય વ્યક્ત કરતી)
- કપાળ પર ઊભી રેખાઓ દર્શાવવી. (ચીડ વ્યક્ત કરતી)
- નાક ફૂલાવવું.
- આંખો આજુબાજુ, ઉપર નીચે, ગોળાકાર ફેરવવી.
- આંખો નચાવવી.
- મોં ફેરવવું.

વિદ્યાર્થીઓ પાસે બાજુમાં આપેલ હાવભાવ કરાવો. દરેક વિદ્યાર્થીઓના બે-બેના જૂથ કરો. દરેક જૂથના એક જણે ચહેરા પર અમુક હાવભાવ લાવવા અને બીજાએ તે હાવભાવની નકલ કરવી. પછી બીજાએ હાવભાવ કરવા અને પહેલાએ નકલ કરવી.

### થોડી ગમ્મત કરીએ.



કેટલાક વિદ્યાર્થીઓએ એક-એક કરીને સામે આવી નીચેની ભાવના માત્ર ચહેરા પરના હાવભાવ વડે વ્યક્ત કરવાની છે. તે ભાવના વ્યક્ત કરતી વખતે ચહેરાના કયા અવયવનું હલનચલન થાય છે તેની નોંધ કરવી.

રાગ, દ્વેષ, દયા, વાત્સલ્ય, આનંદ, દુઃખ, શારીરિક વેદના, સહવેદના, ઘૃણા, ડર, આશ્ચર્ય, કુતૂહલ વગેરે.

#### નૃત્યના લયબધ્ધ હલનચલન

પાશ્ચાત્ય નૃત્યશૈલીના મહત્ત્વના ઘટકો પૈકી ત્રણ ઘટક -

- અવકાશ
- કાળ
- જોશ

#### અવકાશ

નૃત્યમાં હલનચલન કરતી વખતે જગ્યાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે ? નૃત્ય કરનારી વ્યક્તિ લયબધ્ધ હલનચલન કરવા માટે ઉપલબ્ધ જગ્યાનો કઈ રીતે ઉપયોગ કરે છે તેનું નૃત્યનું સૌંદર્ય વધારવામાં ખૂબ યોગદાન હોય છે.

#### કરી જુઓ.

- વિદ્યાર્થીઓએ પોતાના શરીરનો ઉપયોગ કરીને વિવિધ આકારો બનાવી જોવા. (ગોળ, લંબચોરસ, ત્રિકોણ) એક એક જણ અથવા ત્રણ-ચાર વિદ્યાર્થીઓનું જૂથ પણ કરી શકાશે.
- જુદી જુદી ઊંચાઈના કૂદકા મારી બેસવું.
- શરીર વાળવું (આગળ, પાછળ, બાજુમાં, ત્રાંસુ ગોળાકાર જવું.)
- હાથ અથવા પગથી વિવિધ પ્રકારનું હલનચલન કરતાં કરતાં ઉપલબ્ધ જગ્યામાં અહીંથી ત્યાં ફરવું.

એક મોટી ખુલ્લી જગ્યામાં, મેદાનમાં અથવા સભાગૃહમાં નીચેનો ઉપક્રમ કરાવવો. દરેક વિદ્યાર્થીને ઉપક્રમમાં સહભાગી થવા માટે પ્રવૃત્ત કરવા. વિદ્યાર્થીઓને પોતાના હલનચલનની પસંદગી કરવાની સ્વતંત્રતા આપવી. એક સમયે એક જ વિદ્યાર્થી અથવા જૂથે કૃતિ કરવી. જેથી અવ્યવસ્થા થશે નહીં.

## કાળ

નૃત્યમાં હલનચલન કેટલું ઝડપી ધીમું થાય છે અથવા ક્યા તાલ પર થાય છે. તેના પર પણ નૃત્યનું સૌંદર્ય, જુદાપણું, અર્થપૂર્ણતા વધારવાનો આધાર હોય છે.

### કરી જુઓ.

- વિદ્યાર્થીઓએ એક જ નિશ્ચિત હલનચલન એકદમ ધીમી, ઝડપી, અતિ ઝડપી કરી જોવી.
- હવે ઉપરનું બધું હલનચલન એક છેડાથી બીજા છેડા સુધી જતાં જતાં કરી જોવી.

કોઈ જોશપૂર્ણ સંગીત વગાડવું. દરેક વિદ્યાર્થીઓને ઉપક્રમમાં સહભાગી થવા માટે પ્રવૃત્ત કરવા. વિદ્યાર્થીઓને પોતાનું હલનચલન પસંદ કરવાની સ્વતંત્રતા આપવી. એક સમયે એક જ વિદ્યાર્થી અથવા જૂથે કૃતિ કરવી જેથી અવ્યવસ્થા થશે નહીં.

## જોશ

નૃત્યમાં જરૂરિયાત પ્રમાણે કેટલા જોશથી અથવા હળવેથી હિલચાલ કરવામાં આવે છે. તેના પર નૃત્યનું સૌંદર્ય, જુદાપણું, અર્થપૂર્ણતાનો આધાર હોય છે.

### કરી જુઓ.

- વિદ્યાર્થીઓએ એક જ નિશ્ચિત હિલચાલ એકદમ જોશપૂર્ણ પદ્ધતિથી અથવા અત્યંત હળવેથી કરવી.
- હવે ઉપરની બધી બાબતો એક છેડાથી બીજા છેડા સુધી જતાં જતાં કરી જુઓ.

કોઈ જોશપૂર્ણ સંગીત વગાડવું દરેક વિદ્યાર્થીઓને ઉપક્રમમાં સહભાગી થવા માટે પ્રવૃત્ત કરવા. વિદ્યાર્થીઓને પોતાની હિલચાલ પસંદ કરવાની સ્વતંત્રતા આપવી. એક સમયે એક જ વિદ્યાર્થી અથવા જૂથે કૃતિ કરવી તેથી અવ્યવસ્થા થશે નહીં.

## ચાલો ઉપયોગ કરીએ

આપેલા સંગીતપર અવકાશ, કાળ, જોશ ત્રણેયને ધ્યાનમાં રાખીને નૃત્ય બેસાડો અને તેનું પ્રસ્તુતિકરણ કરો. બીજા બધાંએ પ્રસ્તુતિકરણ જોયા બાદ નીચેના મુદ્દાઓને આધારે ચર્ચા કરવી –

- નૃત્ય સંગીત અનુસાર હતું કે ?
- હિલચાલની ગતિ સંગીત અનુસાર હતી કે ?
- સંગીત અનુસાર યોગ્ય પ્રસંગે હિલચાલ જોશપૂર્ણ અથવા હળવી પધ્ધતિથી કરી કે ?
- ઉપલબ્ધ જગ્યાનો યોગ્ય ઉપયોગ કર્યો કે ?

૫-૬ વિદ્યાર્થીઓના જૂથ પાડો. એક જૂથે બીજા જૂથ માટે સંગીત પસંદ કરવું. બીજા જૂથે તે સંગીત બરાબર સાંભળીને તે અનુસાર ઉપલબ્ધ જગ્યાનો ઉપયોગ કેવી રીતે કરવો, કઈ હિલચાલ (steps) બેસાડવી. હિલચાલની ગતિ કેવી હોવી જોઇએ, તેમાં કેટલી વિવિધતા હોવા જોઈએ, તે જોશપૂર્ણ હોવા જોઈએ કે હળવેથી તેનો વિચાર કરીને નૃત્ય દિગ્દર્શિત કરવું.



## સંગીત

### થોડી ગમ્મત કરીએ.

ગયા વર્ષે શીખેલા સંગીતમાંથી તમને કયું સંગીત ગમ્યું ? શા માટે ? નીચેના મુદ્દાઓના આધારે ચર્ચા કરો –

૧. સૂર
૨. ગાયન
૩. વાપરેલા વાદ્યો
૪. તાલ/લય
૫. ગીતના શબ્દો

વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરો. વિદ્યાર્થીઓએ કહેલા દરેક પ્રકારના સંગીત વિશે આપેલા મુદ્દાઓને આધારે ચર્ચા કરો.

ધોરણ-નવમાં આપણે સંગીત વિશે કેટલીક પ્રાથમિક માહિતી મેળવી. આ વર્ષે આપણે ભારતીય તાલ વાદ્ય અને ગીત પ્રકાર વિશે વધુ માહિતી મેળવીશું.

## ભારતીય વાદ્યો

ભારતીય તાલ વાદ્યોના ૪ પ્રકાર છે –

### ૧. તતું વાદ્ય

જેમાં તાર મારફતે સ્વરનિર્મિતિ થાય છે, તેને તંતુ વાદ્ય કહેવામાં આવે છે. એના પણ બે પ્રકાર હોય છે. તત વાદ્ય અને વિતત વાદ્યો.

**તત વાદ્યો :** આ વાદ્યોમાં તારને કોઈ પણ નાની વસ્તુથી અથવા હાથેથી છેડવામાં આવે છે. દા.ત.વીણા, સિતાર, તંબૂરો, સરોદ વગેરે.

**વિતત વાદ્યો :** આ વાદ્યોમાં તારને ગજની મદદથી છેડવામાં આવે છે. દા.ત. સારંગી, વાયોલિન વગેરે.

### ૨. સુષિર વાદ્યો

જે વાદ્યો ફૂંક મારવાથી અથવા હવાને કારણે નાદ નિર્માણ કરે છે, તેમને સુષિર વાદ્યો કહેવાય છે. દા.ત.વાંસળી, શરણાઈ વગેરે.

### ૩. અવનદ્‌ધ વાદ્યો

ચામડાથી મઢેલા તાલ વાદ્યો આ પ્રકારમાં આવે છે. દા.ત. તબલા, મૃદંગ, ઢોલક, ડમરુ વગેરે.

### ૪. ઘન વાદ્યો

આ વાદ્યોમાં આઘાત કરવાથી સ્વર નિર્માણ થાય છે. જેમ કે ઝાંઝ, જલતરંગ વગેરે.

### થોડી ગમ્મત કરીએ.

પાંચ જુદાં જુદાં પ્રકારના ગીતો સાંભળો. તે ગીતોમાં ક્યા ક્યા પ્રકારના વાદ્યોનો ઉપયોગ થયો છે તે તમે ઓળખી શકશો કે ? જો હા. તો તેમાંના વાદ્યોના નામો તમે ઓળખી શકશો કે ?

વિદ્યાર્થીઓ સાથે વર્ગમાં ચર્ચા કરો. દરેક ગીતમાં ક્યા પ્રકારના વાદ્યો વાપરવામાં આવ્યા છે. અને તેમના નામ શું છે તે ઓળખવામાં વિદ્યાર્થીઓની મદદ કરો. કદાચ બધાં જ વાદ્યોના નામો તેઓ ઓળખી શકશે નહીં. તે સમયે માર્ગદર્શન કરો.

### ભૂભાગ અનુસાર પ્રચલિત વાદ્યો

ભારત એ પ્રચંડ વિવિધતાથી ભરેલો દેશ છે. દરેક રાજ્યની પોતાની એક સંસ્કૃતિ છે. તે જ પ્રમાણે દરેક રાજ્યનું, ભાગનું પોતાનું વિશિષ્ટ પારંપારિક સંગીત છે. આ પારંપારિક સંગીત માટે વપરાયેલા વાદ્યો પણ વિશિષ્ટ છે. દા.ત.મહારાષ્ટ્રમાં લાવણી ગીતપ્રકાર માટે ઢોલકનો તાલ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. દક્ષિણાત્ય સંગીતમાં મૃદંગમ અથવા ઘટમ્‌નું મહત્ત્વનું સ્થાન હોય છે. રાજસ્થાની સંગીતમાં સારંગી અને અલ્ગોઝા નામની વાંસળી વાપરવામાં આવે છે.

આ જ રીતે અન્ય પ્રાંતમાં વપરાતા વાદ્યો વિશે તમે કંઈ કહી શકશો કે?

વિદ્યાર્થીઓના જૂથ કરો. દરેક જૂથને એક-એક પ્રાંત વહેંચી દો. તે પ્રાંતનું સંગીત સાંભળવા માટે સમય અને સાધનો ઉપલબ્ધ કરી આપો. દરેક જૂથે 'ગીત' સાંભળીને તેમાં મુખ્યત્વે કયા કયા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે વિશે ચર્ચા કરવી.

**થોડી ગમ્મત કરીએ.**



### જાતે વાદ્ય નિર્માણ કરવું.

તમે તમારી આસપાસ ઉપલબ્ધ હોય તેવા ડબ્બા, બાટલીઓ, તાર, રબરનો ઉપયોગ કરીને કોઈ વાદ્ય નિર્માણ કરી શકશો કે ? તેમાંથી નીકળતો અવાજ કર્ણ મધુર હોવો જોઈએ તેટલું જ મહત્ત્વનું છે.

### ઑર્કેસ્ટ્રા વાદ્યવૃંદ તૈયાર કરવા

તમે તૈયાર કરેલા વાદ્યો વાપરીને એક ઓર્કેસ્ટ્રા તૈયાર કરો અને એક ગીત બેસાડો.

### ગીત

શાસ્ત્રીય સંગીતમાં ગીતો ગાવામાં આવે છે. ગીતોના અનેક પ્રકાર રાગ ગાયનમાં પ્રચલિત છે. આ ગીત પ્રકાર સમજતાં પહેલાં ગીત કેવું હોવું જોઈએ એ વિશે બહુ પહેલાંથી સંગીત વિશેષજ્ઞોએ જે પ્રતિપાદન કર્યું છે. પહેલા તેનો વિચાર કરીશું. સંગીતનો મુખ્ય હેતુ મનોરંજન હોવાથી ગીત રચનામાં તે સામર્થ્ય હોવું જોઈએ. આ દૃષ્ટિએ આદર્શ ગીતોના લક્ષણો કયા તે વિશે જૂના સંગીત ગ્રંથમાં નીચેનો શ્લોક આપેલો છે.

**સુસ્વરમ્, સુરસમ્ ચૈવ, મધુરમ્ મધુરાક્ષરમ્**
**સાલંકારમ્ પ્રમાણં ચ ષડવર્યમ્ ગીતલક્ષણમ્ ।**

વિદ્યાર્થીઓને તેમની પસંદ અનુસાર જૂથમાં અથવા એકલા કામ કરવા દેવું. દરેક પોતાના બનાવેલા વાદ્યનું પ્રસ્તુતિકરણ - પ્રાત્યક્ષિકરણ કરવું. વિદ્યાર્થીઓના જૂથ પાડો. દરેક જૂથે એક ગીત બેસાડવું અપેક્ષિત છે. તે ગીતનું પ્રસ્તુતિકરણ સ્નેહ સંમેલનમાં અથવા તમારા વર્ગમાં કરો.

એટલે કે, ઉત્તમ સ્વરથી ગાયેલા, યોગ્ય રસોને (ભાવોને) રજૂ કરનાર, મધુર અક્ષરોથી યુક્ત અને મીઠા રાગ થી બંધાયેલ, અલંકારયુક્ત, યોગ્ય લયમાં પ્રમાણબધ્ધ કરેલ હોય એમ ગીતોના છ લક્ષણો છે.'

**વિચાર કરો.**

F8ME18

- તમે સાંભળેલા કોઈ પણ ત્રણ ગીતો ઉપરના માપદંડ પર ખરા ઉતરે છે ?
- જૂના જમાનાના સંગીત અને આ જમાનાના સંગીત વચ્ચે તમને શું તફાવત જણાય છે ? વિચાર કરો.

## મૂલ્યમાપન (ભારાંશ ૨૦%)

| માપદંડ | ઉત્તમ (ખૂબ સરસ) | યોગ્ય (સંતોષજનક) | અયોગ્ય (અસંતોષજનક) | ગુણ |
|---|---|---|---|---|
| **નાટ્ય**<br>સંવાદને સંદર્ભ આપવો | યોગ્ય સંદર્ભ આપીને તે પ્રમાણે અવાજ, દેહબોલી વગેરેનો યોગ્ય ઉપયોગ કર્યો. | યોગ્ય સંદર્ભ આપ્યો પણ અવાજ, દેહબોલી વગેરેનો યોગ્ય ઉપયોગ કર્યો નહીં. | સંદર્ભરહિત ફક્ત વાક્યો બોલ્યા. | |
| **સંગીત**<br>વાદ્યનિર્મિતિ | નાદ નિર્માણ કરનાર વાદ્ય નિર્માણ કર્યું. વાદ્ય નિર્મિતિમાં કાલ્પનિકતા જણાઇ આવી. | વાદ્ય નિર્મિતિ કરી પણ તેમાંથી નિર્માણ થનાર ધ્વનિ કર્ણમધુર ન હતો. | વાદ્ય નિર્મિતિ કરી નહીં. | |
| **નૃત્ય**<br>નૃત્ય પ્રસ્તુતિકરણ | પાઠમાં આપેલા માપદંડના આધારે જોશ, કાળ અને અવકાશનો યોગ્ય ઉપયોગ કરીને નૃત્ય પ્રસ્તુત કર્યું. | ચારમાંથી બે મુદ્દાઓના આધારે પ્રસ્તુતિકરણ કર્યું. | એકાદ માપદંડનો ઉપયોગ કરીને માત્ર કૃતિ પૂર્ણ કરી. | |


૧૦મીની પરીક્ષા પૂરી થઈ ગઈ હતી. પરિણામ જાહેર થયા ન હતા. પાંચેય જણ તેમને ગમતા આંબાના ઝાડ નીચે બેસીને ગપ્પા મારી રહ્યા હતા.
મને બહુ અજીબ લાગે છે. હવે આપણી મૈત્રી તૂટશે આપણે બધા જુદી જુદી દિશામાં જઈશું... આપણી મુલાકાતો ઓછી થશે... બધી મજા પૂરી થઈ ગઈ...
આમ નિરાશ શા માટે થાય છે ? ઉલટાનું હવે આપણે એક નવા સાચા વિશ્વમાં પ્રવેશ કરવાના છીએ.
હા... એટલે જ... ઉત્સુકતા પણ છે અને થોડી ચિંતા પણ... આગળ જતા કંઈ મુશ્કેલી આવશે તો ?
મુશ્કેલી તો આવશે જ... યાદ છે... ધૈર્યધર અને ધૈર્યશીલા આપણને છોડીને ગયા ત્યારે પણ આપણને એવું જ લાગ્યું હતું. પણ આપણે જ પોતાના પ્રશ્નો ઉકેલ્યા... ને ?
હા... અને હવે પછી પણ આપણાં પ્રશ્ન આપણે જ ઉકેલવા પડશે... આપણે આ બે વર્ષમાં જે કંઈ પણ શીખ્યા છીએ તે હંમેશા આપણી સાથે રહેશે...અને આગળના જીવનમાં આપણને કામ લાગશે.
મને એક વાત બરાબર સમજાઈ ગઈ છે. સારા નાગરિક થવું, બીજાની મદદ કરવી એ પણ સફળ થવા જેટલું જ મહત્ત્વનું છે.
અને મૂલ્યધિષ્ઠિત જીવન જીવવું પણ !
ગભરાયા વગર કોઈ પણ મુશ્કેલીનો સામનો કરવો જોઈએ !
એક વાર નિષ્ફળતા મળવાથી બધું પૂરું થઇ જતું નથી. આપણે હંમેશા બીજો પ્રયત્ન કરવો જોઈએ.
અને કોને ખબર... કદાચ સફળ થયા પછી પણ આમ જ એકબીજાને મળતા રહીશું... ભૂલો શોધવા માટે...
બધા હસે છે

## સંદર્ભ


૧. આકૃતિ - આભા ભાગવત

૨. સંગીત શાસ્ત્ર પરિચય - આનંદ મ. ગોડસે

૩. સંગીત શાસ્ત્ર - ડૉ. વસંતરાવ રાજોપાધ્યે

૪. સંગીત વિશારદ - વસંત

૫. ૨૧મા શતકના જીવનકૌશલ્યોના સંશોધન અને વિકાસ - શ્યામચી આઈ ફાઉંડેશન

૬. દેવનાગરી ચિત્રો - વિષ્ણુપંત ચિંચાળકર ગુરૂજી.

૭. Discipline without tears - Rudolf Dreikurs

૮. Positive Discipline - Jane Nelson

૯. Superiority and social interest - Alfred Adler


## સંદર્ભ માટે સંકેતસ્થળો


1. www.safindia.org
2. http://mahacareermitra.in
3. http://ccrtindia.gov.in
4. http://ncert.nic.in
5. https://www.hindustantimes.com
6. https://www.elementsofdance.org
7. http://centurydancesport.com
8. http://www.nationalartsstandards.org
9. https://www.slideshare.net
10. www.marathiworld.com
11. http://majhamaharashtra.net
12. http://ketkardnyankosh.com


પુસ્તકમાંના કેટલાંક ચિત્રો શૈક્ષણિક ઉપયોગ માટે ઇન્ટરનેટ પરથી લીધાં છે.

***














































- पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पाठ्येत्तर प्रकाशने.
- नामवंत लेखक, कवी, विचारवंत यांच्या साहित्याचा समावेश.
- शालेय स्तरावर पूरक वाचनासाठी उपयुक्त.

पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेत स्थळावर भेट द्या.

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

स्व–विकास व कलारसास्वाद इयत्ता दहावी (गुजराती)

₹ 63.00